بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمة الله عليه બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمة الله عليه



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા (માસિક)


**તા. ૦૧-એપ્રિલ-૨૦૧૧**

રબીઉલ આખર-જમાદીઉલ અવ્વલ

હિજરી સન : ૧૪૩૨

વર્ષ : ૦૮, અંક : ૦૪, સળંગ અંક : ૮૮

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


**માનદ તંત્રી** (B.Sc.)

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| ૦૧ | ૬૦૦ વર્ષ સુધી તુર્કી ઈસ્લામી સલ્તનત..... ?! | ૦૨ |
| ૦૨ | દેવબંદી ઉલમા આઝાદીના લડવૈયા કે..... અંગ્રેજોના વફાદાર ?! | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૧૧ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૨ |
| ૦૫ | હ઼દાઈક઼ે બખ્શિશ | ૧૩ |
| ૦૬ | ક઼ાનૂને શરીઅત | ૧૬ |
| ૦૭ | અવલિયા અલ્લાહની કરામતો | ૧૮ |
| ૦૮ | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત رحمة الله تعالى عليهم اجمعين | ૧૯ |
| ૦૯ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૨૦ |
| ૧૦ | જીભનું લપસવું ક્યારે કુફ્ર છે ક્યારે નહીં ? | ૨૨ |
| ૧૧ | અંગ્રેજની કૂખેથી જન્મેલ નવો ધર્મ : ક઼ાદયાની ! | ૨૮ |
| ૧૨ | આતંકવાદનો ખાત્મો કરનારા શ્રેષ્ઠ અખ્લાક઼ કોના ?! | ૩૧ |
| ૧૩ | ઈમામ અહમદ રઝાનો ઈબાદતથી અનોખો લગાવ | ૩૫ |
| ૧૪ | ઈમામ અહમદ રઝા رحمة الله عليه ની શાને બેનિયાઝી | ૩૭ |
| ૧૫ | ઈસ્લામમાં વાયદા પાલનનું મહત્વ અને આપણે | ૪૦ |
| ૧૬ | એક ધોકબાજીનો પર્દાફાશ ! | ૪૩ |
| ૧૭ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૫ |


## કલામુલ ઈમામ ઈમામુલ કલામ

રઝા : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضي الله عنه

ચમને તયબહ મેં સુંબુલ જો સંવારે ગૈસૂ
હૂર બળ્હકર શિકને નાઝ પે વારે ગૈસૂ

કી જો બાલોં સે તેરે રૌઝેકી જારૂબ કશી
શબ કે શબનમ ને તબર્રુક કો હૈ ધારે ગૈસૂ

હમ સિયાહકારોં પે યા રબ તપીશે મેહશરમેં
સાયા અફગન હોં તેરે પ્યારકે પ્યારે ગૈસૂ

સૂખે ધાનોંપે હમારે ભી કરમ હો જાએ
છાએ રહમતકી ઘટા બન કે તુમ્હારે ગૈસૂ

સિલસિલા પા કે શફાઅતકા ઝુકે પળતે હૈં
સજદએ શુક્ર કે કરતે હૈં ઈશારે ગૈસૂ

ભીની ખુશ્બૂસે મહેક જાતી હે ગલિયાં વલ્લાહ !
કૈસે ફૂલોં મેં બસાએ હૈં તુમ્હારે ગૈસૂ

શાને રહમત હે કે શાના ન જુદા હો દમ ભર
સીના ચાકોં પે કુછ ઈસ દરજા હે પ્યારે ગૈસૂ

તેલ કી બુંદેં ટપકતી નહીં બાલોંસે '**રઝા**'
સુબ્હે આરિઝ પે લૂટાતે હૈં સિતારે ગૈસૂ

# ૬૦૦ વર્ષ સુધી તુર્કી ઈસ્લામી સલ્તનત શાથી ટકી રહી ?!

કાર્યાલય

ઉષ્માની તુર્કી ખિલાફત જેનો ૬૦૦ વર્ષ સુધી યૂરોપ તથા એશિયા પર દબદબો રહ્યો, ઈસાઈ રાજાઓ લાખ પ્રયત્નો છતાં દમ મારી શકતા ન હતા, જ્યારે આજે પરિસ્થિતિ વિપરિત છે. આજે લગભગ આખુ મુસ્લિમ જગત બલ્કે આખી દુનિયાના રાજકર્તાઓ બ્રિટન તથા અમેરિકાના ડાયરેકટ ઈન્ડાયરેકટ ગુલામ જોવા મળે છે. એટલું જ નહીં, બલ્કે ખૂદ જે તે દેશની મુસ્લિમ પ્રજા પણ પોતાના રાજકર્તાઓ વિરૂધ્ધ બંડ પોકારી રહી છે. જેમ કે ટયૂનિશિયામાં સત્તા પલટાઈ, ઈજીપ્તમાં હોસ્ની મુબારકનો યુગ આથમી ગયો તેમજ કર્નલ ગદ્દાફી લીબિયા ખાતે પોતાનું રાજ ટકાવવા પબ્લિકના ખૂનની હોળી ખેલી રહ્યો છે તથા યમન વગેરે દેશોમાં પબ્લિક થકી હંગામા ચાલી રહ્યા છે. **વર્તમાન રાજકર્તાઓ ઐયાશ, વ્યભિચારી તથા શરાબ તથા કબાબની મેહફિલોના આદી બેશરમ બનીને જીવી રહ્યા છે. સઊદી રાજાઓ હોય કે કર્નલ ગદ્દાફી સૌના ત્યાં યુવાન સ્ત્રીઓની રંગરેલીઓની દાસ્તાનો અલલ એલાન જાહેર થઈ રહી છે.** પોતાની રાજસત્તા માટે ખૂનામરકી તેમના માટે સામાન્ય ચીજ છે. એથી ઉલ્ટુ તુર્કી ખિલાફતમાં સુલ્તાનો કેવા ઈસ્લામના પાબંદ તથા તકવાવાળા હતા તેના વિશે ટૂંકમાં જુઓ.

સુલ્તાન અબ્દુલ અઝીઝખાન જેમનો તક્વો મશહૂર છે. સુલ્તાનને જ્યારે લંડન તથા ફ્રાંસની ગવર્નમેન્ટ થકી દાવતનામું મળ્યું તો પોતાનો રસોઈયો પણ સાથે લઈ ગયા, એવું વિચારીને કે શરીઅતના હેઠળ યુરોપિયન ખાણા શંકાસ્પદ હોય છે. તે અતિશય દીનદાર માણસ હતા એટલે સુધી કે તેમણે પોતાના જીવનમાં ઝમઝમ સિવાય કોઈ પાણી પીધુ નથી, અતિશય ખુઝૂઅ તથા ખુશૂઅ સાથે નમાઝોના પાબંદ હતા, કુર્આનની તિલાવત તો એવી કરતા કે બસ સાંભળતા જ રહી જાવ ! જ્યારે તેમને શહીદ કરી દેવામાં આવ્યા ત્યારે પણ કુર્આન શરીફની સૂરએ યૂસુફ પઢી રહ્યા હતા જેના પર લોહીના છાંટા પડયા જે આજે ય મ્યૂઝિયમમાં સલામત છે.

આલે ઉષ્માની વિશે ઈતિહાસકાર આશિક્ શહઝાદેએ લખ્યું કે, "કદી પણ કોઈ નાજાઈઝ કામ થયાનું આંખોએ નથી જોયું. જે ચીજ શરીઅતની રૂએ ગુનાહના વર્તુળમાં ગણાતી તેનાથી બચવાની ભરપુર કોશિશ કરતા. અવ્વલ સફમાં બાજમાઅત નમાઝ પઢતા." સુલ્તાન બાયઝીદ દોમ થકી તુર્કીની મસ્જિદે બાયઝીદ સંપૂર્ણ થતાં તેનો ઈફતેતાહ જુમ્આના રોજ થયો. સુલ્તાન મુહમ્મદ ઈબ્ને ફાતેહ આ અઝીમુશ્શાન મસ્જિદનો ઈફતેતાહ કોઈ મહાન ખતીબ તથા ઈમામના હાથે કરાવવા ઈચ્છતા હતા જેથી પુષ્કળ મેદનીમાં એલાન કર્યું કે, "મારી લાંબા કાળથી તમન્ના છે કે અઝીમુશ્શાન મસ્જિદનો ઈફતેતાહ (ઉદ્ઘાટન) કોઈ એવી હસ્તીના હાથે થાય જેની જીવનભરમાં કદી અસર તથા ઈશાની આગલી સુન્નતે ગૈર મોઅક્કદા પણ ન છૂટી હોય." જ્યારે કોઈ આગળ ન વધી શક્યું તો રબની નેઅમતના શુક્ર સાથે એના પર પોતાની પાબંદી હતી એ દર્શાવી પોતે નમાઝ પઢાવી." *(સંક્ષિપ્તમાંઃ કન્ઝુલ ઈમાન મંથલી ઉર્દૂ–દિલ્હી, એપ્રિલ–૨૦૦૧)*

આવા હતા ઈસ્લામી તુર્કી સુલ્તાનો ! આજે હરામખોર, ઐયાશ, જેમના શયનકક્ષમાં સેંકડો યુવતીઓને વ્યભિચાર માટે રાખનારા, શરાબી, શરીઅતના બાગી એવા રાજાઓ રહી ગયા જેમને બ્રિટન અમેરિકા આંગળીના ઈશારે ન નચાવે તો બીજુ શું થવાનું છે ?! તુર્કી સુલ્તાનો બાવુઝૂ રહીને દરેક કામ અંજામ આપતા હતા, એટલે સુધી કે ચારપાઈ પાસે ઈંટ રાખતા કે ઉઠીને તરત પ્રથમ તયમ્મુમ કરતા પછી વુઝૂ માટે જતા કે ક્યાંક વુઝૂખાને પહોંચતાં પહેલાં રૂહ કબ્ઝ ન થઈ જાય ! આવા તક્વાવાળાનો દબદબો કેમ જગત પર ન થાય ?! કુદરતની ગયબી મદદ કેમ તેમને ન મળે ?!

આજે લશ્કરમાં સૈનિકો માટે શરાબ તથા સુંદરીની વ્યવસ્થા હોય છે ! જ્યારે આ ઉષ્માની હુકૂમતની (જેને ધોકાથી તોડવા વહાબિયતને અંગ્રેજાએ જન્મ આપ્યો) ફોજ વિશે છે કે, "સલ્તનતે ઉષ્માનિયાની ફોજ વર્તમાન ફોજોથી ઉલ્ટી શરાબ, ક્બાબ, જૂગાર તથા સુંદરીઓ (વેશ્યાઓ)ના વજૂદથી હમેશાં પાક રહી. એટલું જ નહીં લશ્કરી ટ્રેનિંગ દરમ્યાન પણ મુજાહિદો (સૈનિકો)ને કદી અલ્લાહની યાદથી ગાફેલ નથી પામ્યા. તેઓ સતત ઈબાદત તથા રિયાઝતમાં લાગેલા રહેતા હતા, અને સાચુ પૂછો તો એ જ એમની ફતહનું રાઝ હતું." *(સંક્ષિપ્તમાંઃ કન્ઝુલ ઈમાન મંથલી ઉર્દૂ–દિલ્હી, એપ્રિલ–૨૦૦૧)*




# દેવબંદી ઉલમા
# આઝાદીના લડવૈયા કે.......
# અંગ્રેજોના વફાદાર ?!

"ગુજરાત સમાચાર" દૈનિક પત્ર (તા. ૨૦–૨–૨૦૧૧)ની "આસપાસ" કોલમમાં દારુલ ઉલૂમ દેવબંદ તથા મોલ્વી વસ્તાનવી વિશે લેખક "કાંતિલાલે" તેમની સમજ પ્રમાણે કે તેમની જાણકારી પ્રમાણે લેખ લખ્યો છે. વસ્તાનવી વિશે તથા અન્ય વાતોને સાઈડ પર કરતાં ફક્ત મદરસા દેવબંદ વિશે ચર્ચા આપણે કરીશું કે સત્ય તથા વાસ્તવિક્તા શું છે. "ગુજરાત સમાચાર"માં છે કે, "..........જો કે આવી જડતા છતાં ભારતની આઝાદીની લડતમાં એક મદરસાએ મહત્વની ભૂમિકા ભજવી હતી, તે છે ઉત્તર પ્રદેશના દેવબંદમાં આવેલ "દારુલ ઉલૂમ" મદરસા." *(ગુજરાત સમાચાર, તા. ૨૦–૨–૨૦૧૧)*

બીજે ઠેકાણે લખે છે : "પણ અફસોસની વાત એ છે કે આપણા સ્વાતંત્ર્ય સંઘર્ષમાં મહત્વનું યોગદાન આપનાર આ મદરસા (દારુલ ઉલૂમ દેવબંદ) વિશે ભારતના ઈતિહાસના પાઠય પુસ્તકોમાં કશો ઉલ્લેખ નથી. એ વખતે અગ્રણી દેવબંદી મુસ્લિમોએ બ્રિટિશ સામ્રાજયવાદનો ઝનૂનપૂર્વક વિરોધ કર્યો હતો★........." *(ગુજરાત સમાચાર, તા. ૨૦–૨–૨૦૧૧)*

**પ્રિય વાંચકો** ! ઈતિહાસ અને તે પણ દેવબંદી જ લેખકો, ઈતિહાસકારોની ઝબાની જોઈ લો કે **દેવબંદી ઉલમા આઝાદીના લડવૈયા હતા કે અંગ્રેજોના વફાદાર હતા ? હિંદના ગદ્દાર હતા કે વફાદાર હતા ?** જેથી "ગુજરાત સમાચાર"ના લેખક પણ એ ધોકામાંથી બહાર આવે તથા સમગ્ર પબ્લિક આગળ સત્ય જાહેર થઈ જાય કે હિંદના વફાદાર કોણ છે ? ગદ્દાર કોણ છે ? એટલા માટે મદરસા દેવબંદ તથા દેવબંદી ઉલમાનાં કથનો તથા કરતૂતો ઈતિહાસના આયનામાં રજૂ કરીએ છીએ. **જંગે આઝાદીના મશ્હૂર લીડર હઝરત અલ્લામા ફઝ્લે હક્ક઼ ખૈરાબાદી** رحمۃ اللہ علیہ **જેમને અંગ્રેજો સામે જેહાદનો ફત્વો પ્રસિદ્ધ કરવા બદલ અંગ્રેજોએ આંદામાનમાં કાળાપાણીની સજા આપી** તથા વિવિધ પ્રકારની તકલીફો તેમને ભોગવવી પડી, તેમનો ઉલ્લેખ પણ ન કરીને બનાવટી જૂઠો ઈતિહાસ દેવબંદી ઉલમાને આઝાદીના હીરો સાબિત કરવા કેવો રચ્યો તેને પણ જોતા ચાલો.

### ★ દારુલ ઉલૂમ દેવબંદ ક્યારે અસ્તિત્વમાં આવ્યું ? ★

મદ્રસએ દેવબંદ હિ.સ. ૧૨૮૩/ઈ.સ ૧૮૬૬માં ક઼ાયમ થયો⊛. એટલે કે ઈ.સ. ૧૮૫૭ના બળવાના

---

★ *એ જ પ્રમાણે "રાષ્ટ્રીય સહારા–દિલ્હી"માં તેમજ "ગુજરાત ટુ ડે" દૈનિક પત્ર તા. ૨–૩–૨૦૦૮માં આ જ "ગપગોળો" વાંચવા મળ્યો હતો.*

⊛ *જેની શતાબ્દી દેવબંદીઓએ મનાવી તેમાં માનભેર દેવબંદના સ્ટેજ પર ખુરશીમાં માજી વડાપ્રધાન ઈંદિરાગાંધીને બેસાડેલાં અને તેણીની (ગૈરુલ્લાહની !) તા'ઝીમમાં તેમના પગોમાં દેવબંદી ઉલમા બેઠા હતા ! છતાં મુશ્રિક ન થયા*

ટ વરસો પછી. હવે **એ કેમ કરીને શક્ય છે કે દારુલ ઉલૂમ દેવબંદે પોતાના અસ્તિત્વ પહેલા જ આઝાદીની ચળવળમાં કોઈ ભાગ ભજવ્યો હોય!!!** પણ અફસોસ કે "ચોરી ઉપરથી સીના જોરી"ની પણ હદ થઈ ગઈ. નયા દૌર, એપ્રિલ, મે–૨૦૦૭ના "ઈન્કિલાબે ૧૮૫૭ નંબર"માં ફૈસલ અહમદ નદવીએ "મૌલાના કાસિમ નાનોત્વી અને પ્રથમ જંગે આઝાદી"ના વિષય પર એક લેખ લખ્યો છે જેમાં બીજી મનઘડત કહાનીઓ સાથે આ પણ લખ્યું છે :

"પ્રખ્યાત ઈતિહાસકાર ઈશ્તિયાક કુરૈશીના કથનાનુસાર આ દારુલ ઉલૂમ ઈ.સ. ૧૮૫૭ના બળવામાં લડવૈયાઓની ટુકડી માટે એક ખાસ પનાહની જગ્યા હતી." *(નયાદૌર, ઈન્કેલાબ ૧૮૫૭ નંબર, લખનૌ, પેજ–૯૩)*

ઉપરોક્ત લખાણ કોઈ ઐતિહાસિક કોયડો નથી કે તેનું અર્થઘટન કરવામાં આવે, બલ્કે ૨ + ૨ = ૪ ની જેમ સ્પષ્ટ છે. જે ઈદારો તથા સંસ્થા ૧૮૫૭ના બળવાના લગભગ ૯ વરસ પછી બની હોય તેનો કોઈ પણ કિરદાર તથા રોલ પોતાના વજૂદ (અસ્તિત્વ) તથા બનતા પહેલાં કઈ રીતે થઈ શકે?! **એ તો શક્ય છે કે દેવબંદના ઉલ્માએ મદ્રસાના બનતા પહેલાં ખ્વાબોની દુનિયામાં જંગ લડી હોય !** આમ પણ દેવબંદી મૌલ્વીઓનો અડધો ધર્મ ખ્વાબો તથા સ્વપ્નોના આધારે કાયમ છે, પણ એ હકીકી તથા વાસ્તવિક જંગ હરગિઝ ન હતી. એ પણ એક હકીકત છે કે જ્યારે 'ઉલ્માએ દેવબંદ' બોલવામાં આવે છે તો તેનાથી મુરાદ દારુલ ઉલૂમ દેવબંદથી લાગતા વળગતા ખાસ ઉલમા જ હોય છે.

**★ દેવબંદના ઉલમા અંગ્રેજોના પાકા વફાદાર હતા ! ★**

'અર્રહીકુલ મખ્તૂમ'ના લેખક મૌલાના સફીઉર્રહમાન મુબારકપૂરી લખે છે :–

"**દેવબંદી ચળવળના પ્રથમ** અમીર મૌલાના મમ્લૂક અલી થાન્વી વિશે ઈતિહાસકારો સહમત છે કે તેઓ **અંગ્રેજોના પાકા વફાદાર** હતા. તેઓ દિલ્હી કોલેજમાં મુદર્રિસ હતા જ્યાં અંગ્રેજનવાઝ હિંદુસ્તાનીઓ તૈયાર કરવામાં આવતા હતા, બલ્કે તેમના સારા કાર્યથી પ્રભાવિત થઈ કોલેજના વઝીર સર થોમસની સિફારિશથી ૮ નવેમ્બર ઈ.સ. ૧૮૪૧માં આપ કોલેજના પ્રિન્સિપાલ નક્કી થયા. કોલેજના બધા જ અંગ્રેજ ટીચરો મૌલાના પર ખૂબ ભરોસો કરતા હતા આથી દરેક વાર્ષિક રિપોર્ટમાં તેમનાં ખૂબ વખાણ કરવામાં આવ્યાં. ગવર્નર જનરલે મૌલાનાને ઈનામથી પણ નવાઝયા અને ખૂબ જ કિંમતી પોશાક પણ આપ્યો. દિલ્હી કોલેજના નિસાબ (કોર્ષ)નું કામ આપના થકી થતું." *(સવાનેહે મૌલાના એહસાન નાનોત્વી, પ્રો. ઐયૂબ કાદરી)*

મૌલાના મમ્લૂક અલીએ નાનોતા તથા આસપાસના ઉષ્માની શૈખોની તા'લીમ માટે દિલ્હી કોલેજનો રસ્તો આસાન કર્યો અને ઘણાયે લોકોને **અંગ્રેજો સાથે વફાદારીની તા'લીમ આપી.** દેવબંદના અકાબિર (વડવાઓ) આ જ ઉસ્તાદના શાગિર્દ હતા જેમણે અંગ્રેજનવાઝી પોતાના વિદ્યાર્થીઓને ગળથુથીમાં પીવડાવી દીધી હતી. **આ શાગિર્દો પ્રત્યે એવું કલ્પી પણ ન શકાય કે તે અંગ્રેજો વિરુધ્ધ જંગ લડશે.** મદ્રસએ દેવબંદને મૌલ્વી કાસિમ નાનોત્વીએ આ રસ્તે જ આગળ ધપાવ્યો અને તા'લીમ પર ધ્યાન આપવાના બદલે અંગ્રેજનવાઝ ટુકડીઓ તૈયાર કરી અને **અંગ્રેજ હુકૂમત પણ તેમની કાર્ય રચનાથી મુત્મઈન (સંતુષ્ઠ) હતી.** મદ્રસએ **દેવબંદના પ્રથમ સદર** મુદર્રિસ મૌલાના મમ્લૂક અલીના સાહબઝાદા અને તેમને ત્યાં તર્બિયત પામેલ (ટ્રેઈન્ડ થયેલ) **મૌલાના મુહમ્મદ યાકૂબ** નક્કી થયા. સવાનેહે કાસમી ના લેખકના કથનાનુસાર : "મૌસૂફ (મૌ. યાકૂબ) ઈ.સ. **૧૮૫૭ની જંગને ગદર (ધોકો)** તથા તેમાં ભાગ

નેતાઓને 'મુફસીદીન' **ફસાદ કરનાર** (બળવાખોર) કહેતા હતા.'' *(સવાનેહે કાસમી, પેજ–૬૧)*

**★ મદ્રસા દેવબંદને અંગ્રેજના તરફદારનુ સર્ટિફિકેટ ! ★**

મદ્રસએ દેવબંદના કયામના અમુક વરસો પછી ૩૧ જાન્યુ. ઈ.સ. ૧૮૭૫માં લેફટન્ટ ગવર્નરે પોતાના ખાસ માણસ મિસ્ટર પામરને દારુલ ઉલૂમ દેવબંદની વિઝિટ માટે મોકલ્યો તો તેણે આ શબ્દોમાં રિપોર્ટ આપ્યો, **''મદ્રસો (દેવબંદ) વિરોધમાં નહીં બલ્કે (અંગ્રેજ) સરકારનો તરફદાર તથા મદદગાર છે.** અહીં તા'લીમ પામેલા લોકો એવા આઝાદ અને નેક ચલન છે કે એક બીજાથી કોઈ જ વાસ્તો નથી.'' *(મુહમ્મદ અહસન નાનોત્વી, પેજ–૧૧૭)*

ઈ.સ. ૧૮૫૭ના બનાવ પછી આખા દેશમાં અફરા તફરી હતી, કત્લ તથા લૂટફાટ સામાન્ય બની ચૂકી હતી. **ઉલ્માએ અહલે સુન્નતને માત્ર શકના કારણે પણ ફાંસી આપવામાં આવતી હતી, જેલમાં બંધ કરી દેવામાં આવતા.** મુજાહિદો આમ તેમ ભાગી રહ્યા હતા. **આવા સમયે અંગ્રેજો દારુલ ઉલૂમ દેવબંદથી સંતુષ્ઠ હતા** બલ્કે વિઝિટર લખે છે કે, **દારુલ ઉલૂમ દેવબંદ (અંગ્રેજ) સરકારનું મદદગાર છે !** દેવબંદ દારુલ ઉલૂમના કાર્યકરો માટે આ સૌથી મોટી વાત હતી. હજુ પણ આ વાતમાં શક બાકી છે કે મદ્રસા દેવબંદ પોતાની અંગ્રેજ હુકૂમતનો સાચો વફાદાર તથા **Well Wisher** હતો ?!

લેફટન્ટ ગવર્નર પોતાની વિઝિટ મુજબ વધુ લખે છે :–

''જે કામ મોટી મોટી કોલેજોમાં હજારો રૂપિયા ખર્ચી કરવામાં આવે છે તે અહીં અમુક પૈસામાં થાય છે. જે કામ પ્રિન્સિપાલ હજારો રૂપિયા લઈને કરે છે તે અહીં મૌલ્વી ચાલીસ રૂપિયા મહિનાના પગારે કરે છે. *(સવાનેહ અહસન નાનોત્વી, પેજ–૨૧૭)*

આ રિપોર્ટ પછી દારુલ ઉલૂમ દેવબંદના કર્તાધર્તાઓમાં ખુશીની લહેર દોડી ગઈ અને તેઓના કથનાનુસાર કે આ રિપોર્ટથી મદ્રસાની શોહરત (ખ્યાતિ) તથા મકબૂલિયતમાં ચાર ચાંદ લાગી ગયા અને મદ્રસાના રિપોર્ટમાં તેઓએ ખૂબ જ ફખ્ર સાથે નીચે મુજબનું લખાણ છાપી માર્યું :–

''બધા જ અંદર તથા બહારના બનાવો તથા આઘાતો પછી મદ્રસાને જે મહત્વની કામ્યાબી તથા ખ્યાતિ મળી તે સર જોન ડિગ્સ લોટશ સંયુક્ત ગવર્નર આગ્રા તથા અવધનું દારુલ ઉલૂમ દેવબંદની વિઝિટ માટેનું આગમન હતું.'' *(રૂદાદે મદ્રસા દેવબંદ, હિ.સ. ૧૩૨૨, પેજ–૭)*

જાણવા મળ્યું કે અંગ્રેજ ગવર્નમેન્ટના રિપોર્ટથી દારુલ ઉલૂમ દેવબંદના કાર્યકર્તાઓ શર્મિંદા ન હતા બલ્કે તે તેમના મિશનનું અસલ નિશાન જે હતું પૂરું થયું. સવાનેહે કાસમીના હાશિયામાં દેવબંદના છુપાયેલ રાઝ ખોલતાં લખે છે :–

''લગભગ દારુલ ઉલૂમ દેવબંદના કાર્યકર્તાઓ તથા મુદર્રિસોની સંખ્યા એવા લોકોની હતી જે **અંગ્રેજ ગવર્નમેન્ટના જૂના કર્મચારી હતા** અથવા તો પેન્શન મેળવનાર હતા, **જેમના વિશે ગવર્નમેન્ટે કોઈ પ્રકારનો શક કરવાની શક્યતા જ ન હતી.** *(હાશિયા સવાનેહે કાસમી, ભાગ–૨, પેજ–૨૪૭)*

**★ અશરફઅલી થાનવીની અજબની અંગ્રેજનવાઝી ! ★**

ઉપરોક્ત લખાણોએ વાત ખૂબ જ સ્પષ્ટ કરી નાખી. શું હજુ પણ કાંઈ બાકી છે જેના પર ૧૮૫૭ના મામલામાં દેવબંદના કિરદારની બુનિયાદ રાખવામાં આવે ? આવો, આ વિશે પીરે મયખાના મૌલ્વી અશરફ

b d

અલી થાન્વીની અંગ્રેજનવાઝી વિશે પણ જાણી લઈએ. મૌલ્વી અશ્રફ અલી થાન્વી પોતાના ફત્વા લખેલ ૧૦ સફર હિ.સ. ૧૩૪૯/ ઈ.સ. ૧૯૩૧માં લખે છે :–

''પૂરાણા જમાનાથી મસીહી (ઈસાઈ) લોકોનો ધર્મ તથા કાનૂન એ રહ્યો છે કે કોઈ પણ કૌમ કે મઝહબ સાથે અદાવત તથા તેનો વિરોધ કરવો નહીં અને ન તો કોઈની ધાર્મિક આઝાદીમાં આડ બને છે અને પોતાની પ્રજાને અમન તથા શાંતિમાં રાખે છે માટે **મુસલમાનોએ અહીં હિંદુસ્તાનમાં જ્યાં ઈસાઈઓનો કબ્જો છે ત્યાં રહેવું અને તેમની પ્રજા બનવું દુરુસ્ત છે.''** *(અવરાકે ગુમ ગશ્તા, અઝ : રઈસ અહમદ જાફરી, નદવી, પેજ–૩૨૪)*

આ છે શૈખે મયખાનાનો ફત્વો ! કે **પૂરાના સમયથી અંગ્રેજોનો કાનૂન તથા ધર્મ રહ્યો છે કે કોઈ પણ મઝહબ તથા કૌમથી અદાવત નથી રાખતા !** આ ફત્વો થાન્વીએ તે સમયે આપ્યો **જ્યારે ઈ.સ. ૧૮૫૭માં હજારો હજાર ઉલ્માને ફાંસીના ફંદા પર ચઢાવવામાં આવ્યા અને લાખો મુસલમાનોને વિના કારણે કતલ કરવામાં આવ્યા હતા ! શું આનું નામ અમનો અમાન છે ?** મસીહીઓ (ઈસાઈઓ) **સદીઓથી ઈસ્લામ તથા મુસલમાનોના દુશ્મન રહ્યા છે, કેટલીયે સલીબી જંગો મુસ્લિમો સાથે લડી, મુસ્લિમોના લોહીની બયતુલ મુકદ્દસમાં નદીઓ વહાવી.....વગેરે પરંતુ આ મહાશય થાન્વી બિલ્કુલ બેખબર છે !** જો આનું જ નામ ફત્વો લખવું તથા ઈસ્લામી હક્ક વાત કહેવું છે તો પછી **મુનાફિકત તથા અંગ્રેજનવાઝી કોને કહેવાય ?!** હકીકતમાં મદરસો દેવબંદ પૂરાના જમાનાથી જ અંગ્રેજનવાઝ રહ્યો છે અને બધી જ પ્રવૃત્તિઓ એ તરફની રહી એટલા માટે મૌલ્વી અશ્રફ અલીએ જે લખ્યું છે તે તેમણે પોતાના હાલ મુજબ બરાબર લખ્યું છે. **બેશક ! દેવબંદી મૌલ્વીઓ બ્રિટિશ હુકૂમતમાં સંપૂર્ણ રીતે મેહફૂઝ તથા અમાનમાં રહ્યા, ભલે સુન્ની ઉલમાને ફાંસીના માંચડે લટકાવાયા !**

### ★ દેવબંદે જૂઠો ઈતિહાસ રચી બેશર્મીની હદ કરી નાખી ! ★

તર્જુમાન દારુલ ઉલૂમ (દેવબંદ)ના તંત્રી ઈ.સ. ૧૮૫૭ના હવાલાથી ઈતિહાસ ચિતરતાં લખે છે :

''શામલી કસ્બો ઈ.સ. ૧૮૫૭ના જમાનામાં અંગ્રેજોની ફૌજી છાવણી હતો. મે–૧૮૫૭માં જ્યારે મેરઠથી ફૌજી બેરેકો સાથે બળવાની ચિન્ગારી નીકળી અને જે ઈલાકાને પોતાની લપેટમાં લીધા તેમાં સહારનપૂરનો આ ઈલાકો પણ સામેલ હતો જ્યાં ઉઠતાં બેસતાં જંગ તથા જેહાદની વાતો થતી હતી અને પહેલેથી જ વાતાવરણ ગરમ હતું. ઈ.સ. ૧૮૫૭ના બળવાની ખેંચતાણે અલ્લાહવાળાઓની જમાઅતને ઉભારી કે તેઓ હથેળીમાં સર લઈ મેદાને જંગમાં કૂદી પડે, કારણ કે હવે રાહ જોવી બેકાર હતી. જે પણ રીતે ગમે તેવા સંજોગોમાં આઝાદીની એક મહાન લડાઈ શરૂ થઈ ચૂકી હતી.'' *(મુજલ્લા તર્જુમાન દારુલ ઉલૂમ, ડિસેમ્બર–૨૦૦૭, પેજ–૧૮)*

તે વધુમાં લખે છે : ''આ રીતે હઝરત હાજી સાહબ ઈમામ અથવા અમીરુલ મો'મિનીન હઝરત ઝામિન શહીદ અમીરે જિહાદ અથવા સદર મજલિસે જંગ હઝરત મૌલાના મુહમ્મદ કાસિમ નાનોત્વી ફૌજના અમીર, હઝરત મૌલાના મુનીર નાનોત્વી તેમની ફૌજના સેક્રેટરી અને મૌલાના રશીદ અહમદ ગંગોહી વઝીર નક્કી થયા. મુજાહિદો પાસે ખૂબ જ મામૂલી પ્રકારનાં હથિયારો હતાં. અમુક તલ્વારો, અમુક નેઝા અને અમુક બંદૂકો હતી, આ રીતે આ જંગ વસાઈલના આધારે નહીં પણ ખાલિસ ઈમાની તાકાત અને હિંમતના આધારે લડવામાં આવી રહી હતી. *(ઉપર મુજબ, હવાલો : પેજ–૧૯)*

p q

લેખક ૧૮૫૭ના હવાલાથી ઉલ્માએ દેવબંદના કિરદાર પર પ્રકાશ નાખતાં વધુમાં લખે છે :–

"હકીકત એ છે કે જે સરફરોશીના જઝબા સાથે અને કાર્યની સમજબુઝ તથા તન્ઝીમ તથા તર્બિયત સાથે શામલીમાં આઝાદીની જંગ લડવામાં આવી જો દેશના બીજા ભાગોમાં પણ એ જ સુઝ સમજ સાથે કાર્ય કરવામાં આવત તો મુજાહિદોને હરાવવું અંગ્રેજો માટે એટલું સહેલું ન હોત." *(ઉપર મુજબ, હવાલો : પેજ–૧૯)*

હિંદુસ્તાનની આઝાદી પછી જ્યારે આઝાદીના મુજાહિદોની ચર્ચા ફખ્ર સાથે થવા લાગી અને તેમના વારસદારોને ઈનામોથી નવાજવામાં આવવા લાગ્યા ત્યારે દેવબંદના ઈતિહાસકારો પણ પોતાના બુઝુર્ગોને મુજાહિદોની લિસ્ટમાં લાવવાની કોશિશ કરવા લાગ્યા. **હવે એ વાતની જરૂરત હતી કે અમુક એવા બનાવો ઘડવામાં આવે જેથી ફાયદેસર ઉલ્માએ દેવબંદને મુજાહિદોની સફમાં ઉભા કરી દેવામાં આવે.** પોતાના આ મકસદને પૂરો કરવા માટે તેમણે આ કડી સાથે ૧૮૫૭ના બળવા સાથે ઉલ્માએ દેવબંદને પણ જોડાવી દીધા જેથી નવી પેઢી ખરેખર તેઓને મુજાહિદોમાં ગણવા લાગે. અને આ વિષયમાં શામલીના બનાવને સૌથી મહત્વનો વાકિયો બનાવી રજૂ કરવામાં આવ્યો. **જ્યારે કે જંગે આઝાદીમાં ઉલ્માએ દેવબંદનો કિરદાર માત્ર એટલો જ હતો કે તેઓ પોતાની અંગ્રેજ સરકારને રાજી કરવા માટે હમેશાં આઝાદીના મુજાહિદો વિરુધ્ધ રહ્યા.** એટલે કે **તેમની જંગ અંગ્રેજો સાથે નહીં બલ્કે અંગ્રેજો વિરુધ્ધ લડનાર મુજાહિદો સાથે હતી.** ઉલ્માએ દેવબંદ આઝાદીના મુજાહિદોને 'મુફસિદ' (ફસાદ કરનાર) ગણાવતા હતા. હા ! એટલું જરૂર છે કે અંગ્રેજોથી સજા અપાવવા માટે તેઓ પર જંગે આઝાદીનો ઈલ્ઝામ લગાડવામાં આવ્યો અને તેઓએ (ઉલ્માએ દેવબંદે) વિવિધ રીતે તેનો ડિફેન્સ કરવાની કોશિશ કરી જેમાં તે કામયાબ પણ રહ્યા. અંગ્રેજ દુશ્મનીના આરોપમાં મૌલાના રશીદ અહમદ ગંગોહીને ગિરફતાર પણ કરવામાં આવ્યા, પણ તરત જ છોડી દેવાયા. જ્યારે કે આ તે જમાનો હતો જ્યારે મોટા મોટા ઉલ્માને ફાંસી આપવામાં આવી રહી હતી, જેલમાં મોકલી દેવામાં આવતા. ૧૮૫૭ના બળવામાં મૌલાના કાસિમ નાનોત્વી, મૌલાના રશીદ અહમદ ગંગોહી, હાજી ઈમ્દાદુલ્લાહ સાહબ અને હાફિઝ ઝામિનનો ઉલ્લેખ ખૂબ જ ફખ્રથી કરવામાં આવે છે. જ્યારે કે વાસ્તવિક હકીકત તેથી બિલકુલ વિરુધ્ધ છે. નીચે અમે શામલીના બનાવની હકીકત દેવબંદી ખયાલ ધરાવતા લેખકોના હવાલાથી રજૂ કરીશું.

### ★ અંગ્રેજોની વફાદારીના બોલતા પુરાવા ★

મશહૂર દેવબંદી આલિમ મૌલાના આશિક ઈલાહી મેરઠીએ હિ.સ. ૧૩૨૬ ઈ.સ. ૧૯૦૯માં તઝકિરતુર્રશીદ લખી પ્રસિદ્ધ કરી, જેમાં શામલીના બનાવને વિશિષ્ટતાથી રજૂ કરવામાં આવ્યો છે જેનાં અમુક લખાણો અહીં રજૂ કરીએ છીએ :–

લખે છે, "રમઝાન હિ.સ. ૧૨૭૩ એટલે કે મે ઈ.સ. ૧૮૫૭નું તે તોફાન જેના ખયાલથી જ રૂવાંટાં ઉભાં થઈ જાય છે, હિંદુસ્તાન જ નહીં બલ્કે દુનિયાભરમાં મશહૂર છે, બીજો બનાવ આટલો મશહૂર નહીં હોય...... જેમાં કારટુસો પર ચરબી લગાડવામાં આવતી હોવાની અફવા ઉડી અને બગાવત કરવા વિશે ઉઘાડી રીતે તથા ગુપ્તપણે વાતો થવા લાગી. **જેમનાં માથાંઓ પર મૌત ભમતી હતી તેમણે કંપની (ઈસ્ટ ઈન્ડિયા)ના અમનો આફિયત (શાંતિ તથા સલામતી)ના જમાનાની કદર ન કરી અને પોતાની રહમદિલ (દયાવાન) ગવર્નમેન્ટ (અંગ્રેજ) સામે બગાવતનો ઝંડો બુલંદ કર્યો.** ફૌજો બાગી થઈ, હાકેમની નાફર્માન બની, લડાઈ અને કત્લનું બજાર ખોલ્યું અને **બહાદુરીના નશામાં પોતાના**

**પગ પર કુહાડી મારી."** *(તઝકેરતર્રશીદ, અઝ : દેવબંદી મૌલ્વી આશિક ઈલાહી, મેરઠી)*

આ ટૂંકા લખાણથી દેવબંદી ઉલ્માના ખયાલો નક્કી થઈ ગયા કે **તેઓ અંગ્રેજી હુકૂમતના જમાનાને શાંતિ તથા સલામતીનો દૌર ગણતા હતા. મુજાહિદોને 'ફસાદી' તથા 'બાગી' કહેતા હતા.** લેખક રશીદ અહમદ ગંગોહી વિશે લખે છે :–

"હિ.સ. ૧૨૭૬, ઈ.સ. ૧૮૫૯ના શરૂઆતનું તે વરસ હતું જેમાં હઝરત ઈમામે રબ્બાની (મૌલાના રશીદ અહમદ ગંગોહી) કુદ્દેસસિર્રહૂ પર પોતાની સરકારથી બાગી હોવાનો ઈલ્ઝામ લગાડવામાં આવ્યો અને ફસાદ કરનારાઓ (મુફસિદો)માં સામેલ હોવાની તોહમત લગાડવામાં આવી."

## ★ મૌલાના ગંગોહી અંગ્રેજોના પાકા વફાદાર ! ★

**હવે રશીદ અહમદ ગંગોહીનું ચોંકાવી દેનાર બયાન વાંચો !** (૧૮૫૭ની ચળવળ) ખતમ થયા પછી કાઝી મહબૂબ અલી ખાનની જૂઠી ખબર પર જ્યારે રશીદ અહમદ ગંગોહીને ગિરફતાર કરવામાં આવ્યા તો પોતાના વિશે તેમનું વર્ણન આ પ્રમાણે હતું :–

"જ્યારે હું હકીકતમાં પોતાની સરકાર (અંગ્રેજ ગવર્નમેન્ટ)નો ફર્માંબર્દાર છું તો જૂઠા ઈલ્ઝામથી મારો વાળ વાંકો નહીં વળે અને જો મારી પણ નાખવામાં આવું તો **સરકાર (અંગ્રેજ) માલિક છે, તેને ઈખ્તિયાર છે જે ઈચ્છે તે કરે."** *(તઝકિરતુર્રશીદ, ભાગ–૧, પેજ–૮૦)*

મૌલાના રશીદ અહમદ ગંગોહીનો ઉપરોક્ત સ્વીકાર અને અંગ્રેજ હુકૂમતનો સંપૂર્ણ એહતેરામ શું સ્પષ્ટ રીતે આ વાતનું એલાન નથી કરતું કે ઈ.સ. ૧૮૫૭ની આઝાદીની જંગ સાથે તેમનો કોઈ જ સંબંધ ન હતો બલ્કે તેના પર મુજાહિદ હોવાનો જૂઠો આરોપ હતો જેના આધારે ઉપરોક્ત દેવબંદી મૌલ્વીઓને મુજાહિદોમાં ગણવામાં આવે છે તે આઝાદીના મુજાહિદો સાથે જંગ હતી કે બગાવત હતી ? મૌલાના આશિક ઈલાહી મેરઠી આ હકીકતને બયાન કરતાં લખે છે :–

"આ દિવસોમાં આપે (મૌલાના રશીદ અહમદ ગંગોહીએ) તે ફસાદીઓ (એટલે મુજાહિદો)નો પણ મુકાબલો કરવો પડયો જેઓ ટોળે ને ટોળે ફરતા હતા. પોતાના જાનની હિફાઝત માટે તલવાર પણ રાખતા હતા અને ગોળીઓના વરસાદમાં બહાદુર સિંહની જેમ નીકળતા ચાલ્યા જતા. એકવાર એવું પણ બન્યું કે હઝરત ઈમામ રબ્બાની (રશીદ અહમદ ગંગોહી) પોતાના ખાસ દોસ્ત મૌલાના કાસિમુલ ઉલૂમ અને રૂહાની તબીબ આ'લા હઝરત હાજી સાહબ અને હાફિઝ ઝામિન સાહબ સાથે હતા. બંદુકચીઓ (અંગ્રેજ વિરોધી ગૃપ) સાથે મુકાબલો થઈ ગયો. આ મજબૂત ગૃપ પોતાની (અંગ્રેજ) સરકારના વિરોધી બાગીઓ સામેથી ફરાર થનાર કે હારનાર ન હતા માટે પહાડની જેમ પગ જમાવી ઉભા થઈ ગયા અને સરકાર (અંગ્રેજ હુકૂમત) પર પોતાની જાન નિછાવર કરવા તૈયાર થઈ ગયા. **અલ્લાહ રે ! જવાંમર્દી તથા બહાદુરીનો તે ભવ્ય મંઝર જેનાથી સિંહનું પિત્તુ પણ પાણી અને બહાદુરનો જુસ્સો ઠંડો થઈ જાય ત્યાં અમુક ફકીરો હાથોમાં તલ્વાર લઈ બંદુકચીઓ (અંગ્રેજ વિરોધી બાગીઓ) સામે એવા ઉભા રહ્યા જાણે જમીનને પગ પકડી લીધા હોય.** જેથી આપ પર ફાયરિંગ થઈ અને હાફિઝ ઝામિન સાહબને ડુંટી નીચે ગોળી વાગતાં શહીદ થયા." *(તઝકિરતુર્રશીદ, ભાગ–૧)*

આ છે જંગે આઝાદીમાં ઉપરોક્ત દેવબંદી ઉલમાનો જેહાદ તથા અંગ્રેજ ગવર્નમેન્ટ પ્રત્યે પોતાના સંપૂર્ણ ઈખ્લાસ અને કુર્બાનીની ઉઘાડી દાસ્તાન !

## ★ મૌલ્વી કાસિમ નાનોત્વીને અંગ્રેજ વફાદારીનું ઈનામ ! ★

મૌલાના કાસિમ નાનોત્વી પણ મૌલાના રશીદ અહમદ ગંગોહીની જેમ અંગ્રેજી સામ્રાજ્યના વફાદાર તથા ભલુ ઈચ્છનાર હતા. બલ્કે આપની પહોંચ અંગ્રેજોના ઉચ્ચ અધિકારીઓ સુધી હતી. **જે દિવસોમાં ઉલ્મા તથા મુજાહિદ ગ્રુપોએ પોતાની જાન બચાવવું મુશ્કેલ હતું ત્યારે મૌલાના સંપૂર્ણ શાંતિ સાથે હતા બલ્કે અંગ્રેજોની ચોકીઓમાં આપનો હુકમ ચાલતો હતો અને પોલીસ આપના ઈશારા પર નાચતી હતી.**

'સવાનેહે કાસમી'માં મૌલ્વી કાસિમ નાનોત્વી સાથે હાજર રહેનાર મૌલ્વી મન્સૂર અલી ખાનની ઝબાની આ વાકિઓ બયાન કરવામાં આવ્યો છે, તે કહે છે કે એકવાર હું મૌલાના કાસિમ નાનોત્વી સાથે નાનોતા જઈ રહ્યો હતો. રસ્તામાં મૌલાનાનો હજામ હાંફતાં હાંફતાં મળ્યો અને કહ્યું કે નાનોતાના થાણેદાર એક છોકરીને ભગાડી જવાના આરોપમાં મને (હજામને) સજા કરી છે, ખુદારા મને બચાવો ! મૌલ્વી મન્સૂર અલી ખાન બયાન કરે છે કે નાનોતા પહોંચતાં જ મૌલાનાએ પોતાના ખાસ કાર્યકર મુન્શી સુલેમાનને બોલાવ્યા અને જલાલભર્યા સ્વરે કહ્યું :–

''આ ગરીબને થાનેદારે વિના કુસૂરે પકડયો છે, તું તેને કહી આપ કે આ હજામ અમારો માણસ છે તેને છોડી આપ, નહીં તો તું પણ નહીં બચે ! આના હાથમાં હાથકડી નાખશે તો તેના હાથમાં પણ હાથકડી પડશે.'' *(સવાનેહે કાસમી, ભાગ–૧, પેજ–૩૨૧, ૩૨૨)*

લખ્યું છે કે મુન્શી સુલેમાને નાનોત્વી સાહબનો હુકમ શબ્દે શબ્દ થાનેદાર સુધી પહોંચાડી દીધો. થાનેદારે જવાબ આપ્યો કે હવે શું થઈ શકે છે ? રજીસ્ટરમાં તેનું નામ લખાઈ ગયું છે ! મૌલાના નાનોત્વીએ થાનેદારના આ જવાબ પર કહ્યું, તેને જઈને કહી દો કે આનું નામ રજીસ્ટરમાંથી કાઢી નાખ. મન્સૂર અલીખાનનું બયાન છે કે મૌલાનાના આ હુકમથી થાનેદાર પોતે આપની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી : ''હઝરત ! નામ કાઢવું મોટો ગુનો છે, મારી નોકરી પણ જતી રહેશે !'' ફર્માવ્યું, ''આનું નામ કાઢી નાખ, તારી નોકરી નહીં જાય.'' *(હવાલો ઉપર મુજબ, પેજ–૩૨૩)* લખ્યું છે કે, ''મૌલાનાના હુકમ મુજબ થાનેદારે હજામને છોડી દીધો અને થાનેદાર થાનેદાર જ રહ્યો (તેની નોકરી બાકી રહી).''

આ આખો બનાવ એ વાત સ્પષ્ટ કરી રહ્યો છે કે નાનોત્વી સાહબની પહોંચ અંગ્રેજી હાકેમો સુધી હતી, નહીં તો જે પોતે અંગ્રેજોનો દુશ્મન હોય તે કદી આ હુકમ નહીં આપી શકે કે છોડી આપ, નહીં તો તું પણ નહીં બચે ! અને પોતાનો હુકમ માનવાના સંજોગોમાં નોકરી બાકી રાખવાનું યકીન અપાવ્યું.

## ★ દેવબંદી ઉલમા જંગે આઝાદીથી માઈલો દૂર હતા ! ★

શામલીના આખા બનાવની હકીકત એ છે કે દેવબંદી ઉલ્માએ અંગ્રેજોના બાગીઓ સાથે લડાઈ કરી અને હાફિઝ ઝામિન **અંગ્રેજોની ખુશી મેળવવા ખાતર પોતાની જાન ગુમાવી બેઠા.** મૌલાના મુનાઝિર અહસન ગીલાની (મૃત્યુ ૧૯૫૬) જે દેવબંદીઓના ફેમસ લેખક છે તે ફાઈનલ ચર્ચા કરતાં લખે છે : ''મુકાબલા તથા જંગમાં ભાગ લેવાનો ફેંસલો સૈયેદુનલ ઈમામુલ કબીર (મૌલાના નાનોત્વી)એ પહેલેથી કર્યો હતો તો તે જમાના સુધી લડાઈના હથિયારો કમસે કમ બંદૂકના ઉપયોગથી બિલકુલ અભ્મણ રહેવું શું શક્ય હતું ? કાંઈ પણ હોય એ વાત યકીની છે અને ઈન્કાર ન કરી શકાય તેવા સ્પષ્ટ પુરાવાઓની સાથી છે કે (આપનું જંગમાં ભાગ લેવું) માત્ર એક અફવા છે કે જંગ લડવામાં બીજા લોકો સાથે સૈયિદુનલ

ઈમામુલ કબીર (મૌલાના નાનોત્વી) તથા આપના દીની સાથીઓ પણ સાથે હતા. બલ્કે વાકીઓ તે જ છે જે લેખકે (મૌલાના રશીદ અહમદ ગંગોહીએ) લખ્યો છે કે, "મૌલાના ફસાદ (જંગે આઝાદી)થી માઈલો દૂર હતા." *(સવાનેહે કાસમી, ભાગ–૨, પેજ–૧૦૯)*

મૌલાના મુહમ્મદ ઝકરિય્યા સહારનપૂરીના મુરીદ પ્રો. બશીર અહમદખાન માજી સદર શોબએ ઉલૂમે ઈસ્લામિયા હમદર્દ યુનિવર્સિટીએ શામલીના બનાવ વિશે પોતાના ખયાલો આ રીતે જાહેર કર્યા છે :–

"શામલીની લડાઈ જેમાં મૌલાના મુહમ્મદ કાસિમ નાનોત્વી તથા મૌલાના રશીદ અહમદ ગંગોહી વગેરેનું ભાગ લેવું અને હાફિઝ ઝામિનની શહાદતનું વર્ણન છે તે જ તે જગ્યા પૂરતી એક મામૂલી લડાઈ હતી, જેનો સહારો લઈ મોટા પાયા પર ૧૮૫૭ની જંગમાં તેમનો મહત્વનો કિરદાર હોવાનો દાવો કરવો સહીહ નથી." *(૧૮૫૭ પસ મન્ઝર વ પેશ મન્ઝર, પેજ–૧૦૦, અઝ : મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી)*

આ બધા જ પુરાવાઓની રોશનીમાં હવે ફેંસલો વાંચકો પર છોડવામાં આવે છે કે ૧૮૫૭ના બળવામાં દારુલ ઉલૂમ દેવબંદ તથા ઉલ્માએ દેવબંદનો કિરદાર શું હતો ? તેઓ અંગ્રેજોના ગદ્દાર હતા કે તેમના વફાદાર ?! *(હવાલો : ૧૮૫૭મેં ઉલમાએ દેવબંદ ક્યા થે ? અઝ : મૌલાના મુબારકહુસૈન મિસ્બાહી–મુબારકપુર)*

## ★ જંગે આઝાદીનું પ્રથમ બ્યૂગલ ફૂંકનાર તો "ફઝલે હક્ક ખૈરાબાદી" હતા ! ★

જંગે આઝાદીના લડવૈયા બલ્કે લીડર તો સુન્ની મહાન જવાંમર્દ આલિમ અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદી رحمۃ اللہ علیہ હતા. એક જગાએ અલ્લામા નિઝામી رحمۃ اللہ علیہ લખે છે કે અલ્લામા ખૈરાબાદીએ જુમ્આના દિવસે જામા મસ્જિદ–દિલ્હીમાં સુન્ની ઉલમાએ કિરામની સમક્ષ તકરીર કરી અને ફત્વો બહાર પાડયો જેના પર મુફતી સદરુદ્દીનખાં, મૌલાના અબ્દુલકાદિર, કાઝી ફૈઝુલ્લાહ, મૌલાના ફૈઝ અહમદ બદાયૂની, વઝીરખાં તથા સૈયદ મુબારકહુસૈન રામપૂરીએ એ ફત્વા પર સહીઓ કરી આપી. એ અંગ્રેજો વિરુદ્ધ જેહાદનો ફત્વો હતો. એ ફત્વો બહાર પડયા પછી જ હિંદુસ્તાનના લોકોમાં આઝાદીની લહેર ગામે ગામ શહેર શહેર દોડી ગઈ હતી.

જાલિમ અંગ્રેજો ધોકાથી આપની ધરપકડ કરીને આપને લખનૌ લઈ ગયા, ત્યાં આપના પર બગાવતનો કેસ ચલાવવામાં આવ્યો. જો કે સાક્ષીએ આપને ઓળખવાથી ઈન્કાર કરી આપ્યો, અને જે જજ સમક્ષ આપ રજૂ થયા તો તેણે પણ અમુક કિતાબો આપનાથી પઢી હતી, જેથી જજ સાહબ ચાહતા હતા કે આપને કેસમાંથી કાઢી નાખવામાં આવે અને બચાવી લેવામાં આવે. કેસની કાર્યવાહી આપની મુક્તિ સુધી પહોંચી, તો જજે આપને પ્રેમપૂર્વક કહ્યું કે, "આપ કેવળ એટલું જ કહી દેજો કે અંગ્રેજો વિરુદ્ધ જેહાદનો ફત્વો મેં આપ્યો નથી." જ્યારે ચર્ચામાં જજે આપને પૂછયું કે, શું તમે અંગ્રેજ ગવર્નમેન્ટ વિરુદ્ધ જેહાદનો ફત્વો આપ્યો છે ? તો આપે એના જવાબમાં ગરજદાર અવાજમાં કહ્યું કે, "આ સાક્ષીએ શરમમાં પડીને મને ઓળખવાથી ઈન્કાર કરી દીધો છે, જ્યારે કે મેં જ અંગ્રેજ ગવર્નમેન્ટ વિરુદ્ધ જેહાદનો ફત્વો આપ્યો છે ! એના બદલામાં મને જે સજા મળશે હું કબૂલ કરીશ !" તો જજ માથુ પકડીને બેસી ગયો અને તેણે મજબૂરન આજીવન કેદની સજા સંભળાવી. આપને આંદામાન "કાળાપાણી"ની સજા માટે લઈ જવામાં આવ્યા. જયાં આ મર્દે મુજાહિદ જંગે આઝાદીના લીડર હિ.સ. ૧૨ સફર ૧૨૭૮, ઈ.સ. ૨૦–૮–૧૮૬૧ બરોઝ પીર રાજકિય કૈદી હાલતમાં શહીદ થઈ ગયા. તેમજ આપના સાથીઓ તથા સમર્થકોમાંથી કેટલાય સુન્ની ઉલમાને ફાંસી તથા કૈદની સજાઓ થઈ હતી. આ અસલ હકીકત છે. અલ્લાહ જૂઠ તથા જૂઠાઓથી કૌમને બચાવે. (આમીન)

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાનની તફસીર

قُلِ اللّٰهُمَّ مٰلِكَ الْمُلْكِ تُؤْتِي الْمُلْكَ مَنْ تَشَآءُ وَتَنْزِعُ الْمُلْكَ مِمَّنْ تَشَآءُ ز وَتُعِزُّ مَنْ تَشَآءُ وَتُذِلُّ مَنْ تَشَآءُ ط بِيَدِكَ الْخَيْرُ ط اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿٢٦﴾ تُوْلِجُ الَّيْلَ فِي النَّهَارِ وَ تُوْلِجُ النَّهَارَ فِي الَّيْلِ ز وَتُخْرِجُ الْحَيَّ مِنَ الْمَيِّتِ وَتُخْرِجُ الْمَيِّتَ مِنَ الْحَيِّ ز وَ تَرْزُقُ مَنْ تَشَآءُ بِغَيْرِ حِسَابٍ ﴿٢٧﴾

### ત.....ર્જુ.....મો.....

(હે હબીબ ![૨૬] આ પ્રમાણે) અર્ઝ કરો, હે અલ્લાહ ! હે માલિક સર્વ મુલ્કોના ! તું બખ્શી આપે છે મુલ્ક જેને ચાહે છે, અને છીનવી લે છે મુલ્ક જેની પાસેથી ચાહે છે. અને ઈજ્જત આપે છે જેને ચાહે છે અને ઝલીલ કરે છે જેને ચાહે છે. તારા જ હાથમાં છે સર્વ ભલાઈ, બેશક ! તું દરેક ચીજ પર શક્તિમાન છે. તું દાખલ કરે છે રાત (નો હિસ્સો) દિવસમાં અને દાખલ કરે છે તું દિવસ (નો હિસ્સો) રાતમાં. અને કાઢે છે તું જીવતાને મુર્દાથી અને કાઢે છે મુર્દાને જીવંતથી, અને રોજી આપે છે જેને ચાહે છે બેહિસાબ[૨૭].

### તફસીર...............

**૨૬.** અલ્લાહ તઆલા પોતાના મહબૂબે કરીમ عليه الصلوٰة والسلامને અને હુઝૂર صلى الله عليه وسلمના વસીલાથી સર્વ ઉમ્મતને એવા પવિત્ર કલમાઓની તા'લીમ આપી રહ્યા છે જેમાં ખૂબ જ અસરકારક તથા આકર્ષક અંદાઝમાં તેની તૌહીદ તથા તેની મહાન કુદરતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હુકૂમત (સત્તા) આપવાવાળો પણ એ જ છે અને છીનવાવાળો પણ એ જ છે. તે જ જેને ચાહે છે દીન તથા દુનિયાની ઈજ્જતોથી સરફરાઝ કરે છે અને જેને ચાહે છે ઝલીલોખાર (બેઈજ્જત) કરી આપે છે. કોઈ વ્યક્તિ કે કૌમને એ હક્ક હાંસલ નથી કે તે હુકૂમત તથા ઈજ્જતને પોતાનો જન્મસિદ્ધ હક્ક સમજવા લાગે અને એ ધોકામાં સપડાયેલો રહે કે તેના અમલો કેટલાય કાળા કેમ ન હોય, તેનો કિરદાર કેટલોય નીચ અને તેનુ જીવન ચરિત્ર કેટલુંય દાગદાર કેમ ન હોય, ન તેનાથી હુકૂમત છીનવામાં આવી શકે છે, અને ન ઈજ્જતથી મેહરૂમ કરવામાં આવી શકે છે, એવું હરગિઝ નથી, બલ્કે સર્વ કાંઈ એ માલિકે હકીકીના દસ્તે કુદરતમાં છે. તે રબ્બે કદીર જેની શાને સમદિયત તથા કુદ્દૂસિયત અને જેની ઈલ્મ તથા હિકમતની સિફત (ખૂબી)ની સાથે રહમત તથા અદ્લની સર્વ કદરો કાયમ તથા સલામત છે તેની સુન્નત એ છે કે તે જ્યારે કોઈ વ્યક્તિ તથા કૌમમાં રહમત તથા અદ્લના તકાઝા પૂરા કરવાની કાબેલિયત જુએ છે તો તેને હુકૂમત તથા ઈજ્જત વડે સરફરાઝ ફર્માવી આપે છે, અને જે વ્યક્તિ તથા કૌમ પોતાના અમલથી પોતે પોતાને આ નેઅમત માટે અપાત્ર સાબિત કરી આપે છે તો તેને ઝિલ્લત તથા બેઈજ્જતીના ખાડામાં ફેંકી દેવામાં આવે છે. આ આયતમાં બની ઈસ્રાઈલની ડંફાસોનો રદ પણ કરી દેવામાં આવે છે, અને એ પણ સાફ સાફ બતાવી દેવામાં આવે છે કે તેની સતત નાફર્માનીઓના કારણે ઈજ્જત તથા કરામતનો તાજ તેની પાસેથી છીનવીને હવે અરબના રણવાસીઓને સરફરાઝ કરી દેવામાં આવશે જેમણે સાચા વધુ પેજ નં. ૧૭....પર

# દર્સે હદીષે પાક

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત કાર્યાલય

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

**હદીષ** : *હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ ઈલ્મ ખેંચીને ઉઠાવશે નહીં કે બંદાઓથી ખેંચી લે, બલ્કે ઉલમાની વફાતથી ઈલ્મ ઉઠાવશે[૧]. ત્યાં સુધી કે જ્યારે કોઈ આલિમ ન રહેશે તો લોકો જાહિલોને પેશવા બનાવશે જેમનાથી મસાઈલ પૂછશે. તેઓ ઈલ્મ વિના ફત્વા આપશે, ગુમરાહ થશે ગુમરાહ કરશે[૨]. (મુસ્લિમ, બુખારી)*

*હઝરત શફીક[૩]થી રિવાયત છે, ફર્માવે છે કે અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ દર જુમેરાતે વઅઝ ફર્માવતા હતા[૪]. એક શખ્સે અર્ઝ કરી કે હે અબૂ અબ્દુર્રહ્માન ! મારી તમન્ના એ છે કે આપ દરરોજ વઅઝ ફર્માવતા. ફર્માવ્યું, મને એનાથી રુકાવટ એ છે કે હું નાપસંદ કરું છું કે તમને રંજમાં નાખી દઉં[૫]. હું તમારો એવો જ લેહાઝ રાખુ છું જેવો હુઝૂર ﷺ વઅઝમાં અમારો લેહાઝ રાખતા હતા, રંજના ખૌફથી[૬]. (બુખારી, મુસ્લિમ)*

## સ....મ....જૂ....તી....

**૧.** આ હદીષ તતિમ્મા છે જેમાં ફર્માવવામાં આવ્યું કે કયામતની નજીક ઈલ્મ ઉઠી જશે, જહાલત ફેલાઈ જશે. એટલે કે એને ઉઠવાનો ઝરીયો એ ન હશે કે લોકો પઢેલુ ભૂલી જશે, બલ્કે ઉલમા મૃત્યુ પામતા રહેશે અને બાદમાં અન્ય ઉલમા પેદા થશે નહીં. જેમ કે હાલ થઈ રહ્યું છે કે એક મખ્લૂક અંગ્રેજીની પાછળ દોડી રહી છે. રસૂલુલ્લાહ ﷺનો દીન યતીમ થઈને રહી ગયો. ઈલ્મથી મુરાદ ઈલ્મે દીન છે.

**૨.** પેશવાથી મુરાદ કાઝી, ઈમામ અને શયખ (પીર) છે, જેમના માથે દીની કામો હોય છે. મકસદ એ છે કે દીની હોદ્દાઓ જાહિલો સંભાળશે અને પોતાની અજ્ઞાનતાનુ જાહેર થવું નાપસંદ કરશે. મસ્અલો પૂછતાં એવું ન કહેશે કે અમને ખબર નથી, બલ્કે ઈલ્મ વિના ઊભા થઈને ગલત મસ્અલા બતાવશે તો એનું પરિણામ જાહેર જ છે ! અજ્ઞાન ડોક્ટર બીમારનો પ્રાણ લે છે અને જાહિલ મુફતી તથા ખતીબ ઈમાન બર્બાદ કરે છે.

**૩.** આપનું નામ શફીક ઈબ્ને અબી સલ્મા છે. કુન્નિયત અબૂ વાઈલ છે. કબીલા બની અસદથી છે. મહાન તાબઈ છે. હુઝૂર ﷺનો જમાનો પામ્યો પણ મુલાકાત ન કરી શક્યા. મહાન અગ્રેસર સહાબાથી મુલાકાત કરી, જેમ કે હઝરત ઉમર رضی اللہ عنہ. સૈયદના ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہના ખાસ સાથીઓમાંથી છે. હજ્જાજ ઈબ્ને યૂસુફના જમાનામાં વફાત પામ્યા. رضوان اللہ تعالیٰ علیہم اجمعین

**૪.** એનાથી જાણવા મળ્યું કે નેક અમલો માટે દિવસ તથા સમય નિશ્ચિત કરવો શિર્ક કે હરામ નથી, સહાબીઓની સુન્નત છે. એટલા માટે હાલ દીની મદરસાઓની પરીક્ષા તથા છુટ્ટીઓના માટે દિવસ તથા મહિનો અને તા'લીમના માટે સમયો નિશ્ચિત કરવામાં આવે છે. જેથી મીલાદ શરીફ, ફાતિહા, ઉર્સ વગેરેના માટે દિવસ નિશ્ચિત કરવો જાઈઝ છે, એને હરામ કહેવું ગલતી છે. મિર્કાતે આ જગાએ ફર્માવ્યું કે હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہએ જુમેરાતને વઅઝ માટે એટલે નક્કી કર્યો કે એ દિવસ જુમ્આનો પડોશી છે, એની બરકત જુમ્આ સુધી પહોંચશે. અમુક લોકો દરેક જુમેરાતે મીલાદ શરીફ તથા મુડદાંને ફાતિહા કરે છે, એમની દલીલ આ હદીષ છે.

**૫.** એટલે દરરોજ વઅઝથી તમે ઉકતાઈ જશો અને આ શોખ તથા ઉમંગ જતો રહેશે. એનાથી જાણવા મળ્યું કે એટલી લાંબી વઅઝ પણ ન કહેવામાં આવે કે લોકો ગભરાઈ જાય, જેથી ઈલ્મ તથા વઅઝની બેકદરી ન થાય.

**૬.** એટલે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام પણ અમોને દરેક વખતે અને દરરોજ વઅઝ સંભળાવતા ન હતા જેથી અમે ઉકતાઈ ન જઈએ. સૂફિયાએ કિરામ ફર્માવે છે કે જે આલિમ કે શયખ લોકોની સામે સતત અલ્લાહ અલ્લાહ જ કરે તે મક્કાર છે. હુઝૂર ﷺની મજલિસમાં દુનિયવી ચર્ચાઓ પણ થતી હતી.

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક સાબરી દહેગામી

## આ'લા હઝરત رحمۃ اللہ علیہની ચતુર્ભાષી અજોડ નઅત શરીફ
(અરબી, ફારસી, હિંદી અને ઉર્દૂમાં)

**લમ ય'તે નઝીરુક ફી નઝરિન**
**મિષ્લે તૂ ન શુદ પૈદા જાના**
**જગ રાજ કો તાજ તોરે સર સોહે**
**તુઝ કો શહે હર દો સરા જાના**

*(લમ ય'તે નઝીરુક ફી નઝરિન = યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આપની નઝીર (આપ જેવું) કોઈ જોવા ન મળ્યું, મિષ્લે તૂ ન શુદ પૈદા જાના = અય મહબૂબ ! તમારા જેવો કોઈ પૈદા ન થયો, જગ રાજ કો તાજ = જગતની બાદશાહીનો તાજ, તોરે સર સોહે = તમારા જ માથે શોભે, શહે દોસરા = બંનેવ જહાનનો બાદશાહ, જાના = માન્યો)*

**અર્થ** : યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આપ જેવો કોઈ નજરમાં નથી આવ્યો અને આપ જેવો પૈદા જ નથી થયો. જગતની બાદશાહી આપને જ શોભે છે અને આપને જ બંનેવ જગતના બાદશાહ માન્યા.

આ'લા હઝરતે આ શેઅરમાં બારગાહે રસૂલ صلی اللہ علیہ وسلمના મશહૂર નઅતખ્વાં હઝરત હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہના અકીદા પ્રમાણે પોતાનો અકીદો જાહેર કર્યો છે. હઝરત હસ્સાન رضی اللہ عنہ માટે હુઝૂર صلی اللہ علیہ وسلم મિમ્બર મૂકાવતા હતા, તેના પર ઊભા થઈ હઝરત હસ્સાન رضی اللہ عنہ નઅત સંભળાવતા હતા. હઝરત હસ્સાને હુઝૂર صلی اللہ علیہ وسلم વિશે પોતાનો અકીદો અરબી અશઆરમાં આ પ્રમાણે દર્શાવ્યો છે :–

વ અહસન મિન્ક લમ તરકત્તુ અયની = યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આપથી અધિક સુંદર મારી આંખોએ કોઈને જોયો નથી. વ અજમલુ મિન્ક લમતલિદિન્નિ સાઉ = આપના જેવો ખૂબ સૂરત કોઈ ઔરતે પૈદા કર્યો નથી, ખુલિક્ત મુબર્રઅમ મિન કુલ્લિ અયબીન = આપ દરેક ઐબથી પાક સાફ પૈદા કરવામાં આવ્યા, કઅન્નક કદ ખુલિક્ત કમા તશાઉ = જાણે કે આપને આપની ઈચ્છા પ્રમાણે પૈદા કરવામાં આવ્યા.

**અલ બહરુ અલા વલ મવજુ તગા**
**મન બેકસો તુફાં હોશ રૂબા**
**મંજધાર મેં હૂં બિગળી હૈ હવા**
**મોરી નૈયા પાર લગા જાના**

*(અલ બહરુ અલા = સમંદર ઊંચે ચઢયો, વલ મવજુ તગા = લેહરો ખતરનાક થઈ ગઈ, મન બેકસ = હું નિરાધાર છું, તુફાં હોશ રૂબા = ચક્રવાત હોશ ઉડાવી દેનાર છે, મંજધાર = વચ દરિયે, બિગળી હૈ હવા = હવામાન બગડયું છે, મોરી નૈયા = મારી હોડી, પાર લગા જાના = કિનારા પર પહોંચાડી આપો)*

યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم બદ્‌મઝહબીનો સમંદર જોશ પર છે, બદ્‌અકીદાઓની મોજ ઊંચી થવા લાગી છે, હું દુશ્મનોના વચમાં છું, ઈમાનનું વાતાવરણ ખરાબ થઈ રહ્યું છે. એહલે સુન્નતની મારી હોડીને સલામતી આપો કે ઈમાનની હિફાઝત થઈ જાય.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ પોતાની નમ્રતા જાહેર કરતાં હુઝૂર صلی اللہ علیہ وسلمની બારગાહમાં મદદ માંગી રહ્યા છે, જેવું કે બીજી જગ્યાએ ફર્માવે છે :–

*એક તરફ અઅ્દાએં દીં એક તરફ હૈ હાસેદીં*
*બંદા હૈ તન્હા શહા તુમ પે કરોળોં દુરૂદ*

**યા શમ્સુ નઝર્તિ ઈલા લૈલી**
**ચૂ બ તયબહ રસી અર્ઝે બ કુની**
**તોરી જોત કી ઝલ ઝલ જગ મેં રચી**
**મોરી શબને ન દિન હોના જાના**

*(યા શમ્સ = અય સૂરજ, નઝર્તિ ઈલા લૈલી = તેં મારી રાત્રીને જોઈ, અર્થ = મારી રાત સૂરજની મૌજૂદગીમાં પણ રાત જ રહી, ચૂ = જ્યારે, બ તૈયબા રસી = તું મદીના શરીફ પહોંચે, અર્ઝે બકુની = એક અરજ કરજે, તોરી = તારી, જોત = જ્યોત, પ્રકાશ, ઝલઝલ = જગમગ, રોશની, જગ = જગત, રચી = રોનક થઈ, રચાઈ, મોરી = મારી, શબ = રાત, ન દિન હોના જાના = દિવસ થયો નથી)*

**અર્થ** : હે સૂર્ય ! તેં મારા રાત દિવસ જોયા છે, જેવી રીતે લોકો રાત્રે મહબૂબની જુદાઈમાં બેચૈન રહે છે, એવી જ રીતે હું દિવસે પણ હુઝૂર ﷺની જુદાઈમાં બેચૈન રહું છું. મારો દિવસ પણ રાત જેવો જ છે. જ્યારે તું મદીના શરીફમાં ઉગે ત્યારે હુઝૂર ﷺની બારગાહમાં મારી અર્ઝ કરજે કે અય નૂરે મુજસ્સમ ! ﷺ આપના નૂરથી દુનિયા જગમગી રહી છે, પણ મારી રાત તો અંધેરી જ છે. એટલે કે આપ ક્યારે દરબારમાં બોલાવશો કે મારી જુદાઈના દિવસો ખતમ થઈ જાય અને મારી જુદાઈની કાળી રાતો રોશન થઈ જાય.

**લક બદરૂન ફીલ વજહિલ અજમલ**
**ખત હાલએ મહ ઝુલ્ફ અબરે અજલ**
**તોરે ચંદન ચંદ્ર પરો કુન્ડલ**
**રહમત કી ભરન બરસા જાના**

*(લક = તારા માટે, બદરૂન = ચૌદમીનો ચાંદ, ફીલ વજ હિલ અજમલ = સુંદર ચેહરામાં, ખત = દાઢી, હાલએ મહ = ચંદ્રની આસપાસનું કુંડાળુ, ઝુલ્ફ = લાંબા વાળ, અબરે અજલ = તક્દીરનો વાદળ, તોરે = તારી, ચંદન = સુગંધિત લાકડુ, પરો = પર છે, કુન્ડલ = દાયરો, મેઘધનુષ, ભરન = ધોધમાર, વરસાદ)*

**અર્થ** : અય મારા આકા ! ﷺ આપનો ખૂબસૂરત ચેહરો જેવો કે ચૌદમીનો ચંદ્ર અને દાઢી મુબારક જાણે કે ચંદ્રનું કુંડાળુ અને આપની કાળી ઝુલ્ફો તક્દીરના કાળા વાદળ અને આપના સુગંધિત ચેહરા પર નૂરાની પેશાની જાણે કે પોષ મહીનામાં મેઘ ધનુષ દેખાય છે. તો આપની રહમતોનો ધોધમાર વરસાદ વરસાવી દો !

લોકોની માન્યતા છે કે જ્યારે મેઘધનુષ દેખાય ત્યારે ખૂબ વરસાદ થાય છે. આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે કે આપના સુંદર ચેહરા પર દાઢી અને ઝુલ્ફ મુબારકથી મેઘધનુષ પ્રગટ થાય છે તો આપની રહમતભરી ખૂબ વર્ષા વરસાવી દો !

**અના ફી અત શિવ્વ સખાક અતમ**
**અય ગેસૂએ પાક અય અબરે કરમ**
**બરસન હારે રિમ ઝિમ રિમ ઝિમ**
**દો બુંદ ઈધર ભી ગિરા જાના**

*(અના = હું, ફી અતશ = પ્યાસો છું, વ સખાક અતમ = અને તમારી સખાવત કામિલ છે, ગેસૂએ પાક = પાક લટો, ઝુલ્ફ પાક, અબરે કરમ = કરમના વાદળ, બરસન હારે = વરસનાર, રિમઝિમ = ધીમી ગતિનો વરસાદ, દો બુંદ = બે ટીપાં)*

**અર્થ** : યા રસૂલલ્લાહ ! ﷺ હું આપની મહેરબાનીના વરસાદનો પ્યાસો છું અને આપની સખાવત ભરપૂર છે, કોઈ આપના દરબારથી ખાલી જતો નથી. અય કરમના વાદળો સમાન ગૈસૂએ પાકવાળા ! આપની રિમઝિમ રિમઝિમ વર્ષામાંથી બે ટીપાં આ પ્યાસા ઉપર પણ વરસાવી આપો.

**યા ક઼ાફિલતી ઝીદી અજલક**
**રહમે બર હસરતે તિશના લબક**
**મોરા જીયરા લરજે દરક દરક**
**તયબહ સે અભી ન સુના જાના**

*(યા ક઼ાફિલતી = અય મારા ક઼ાફલાવાળઓ, ઝીદી = તું વધારી દે, અજલક = તારી મુદ્દત, મોરા જીયરા = મારુ દિલ, લરજે = ધ્રુજે, દરક દરક = ધક ધક, રહમે = થોડી રહમ થાય, બર હસરતે તિશ્ના લબક = પ્યાસા હોઠોની આરઝૂ પર, તયબહ સે અભી ન સુના જાના = અત્યારે મદીના શરીફથી જવાની ખબર ન સંભળાવો)*

**અર્થ** : અય મારા સફરના સાથીઓ ! તમારા પડાવની મુદ્દત વધારી દો. મારા પ્યાસા હોઠોની આરઝૂઓ પર રહમ કરો. હજુ રોઝએ મુબારકના દીદારની પ્યાસ મટી નથી. અત્યારે મદીના શરીફથી રવાનગીની ખબર ન સંભળાવો, મારું હૃદય ધક ધક કરી રહ્યું છે, તે મદીનાથી જવાની ખબર સાંભળી ધ્રુજે છે !

**વાહન લિસુવૈઆતિન ઝહબત**
**આં અહદે હુઝૂરે બાર ગહત**
**જબ યાદ આવત મોહે કરના પરત**
**દરદા વો મદીને કા જાના**

*(વાહન = હાય અફસોસ, લિ સુવૈઆતિન ઝહબત = થોડી ઘડીઓ વહી ગઈ, આં = તે, અહદ = જમાનો, હુઝૂરે બારગહત = તમારી બારગાહમાં હાજર થવાનો, યાદ આવત = યાદ આવે છે, મોહે = મને, કરના પરત = કરવું પડે છે, દરદા = અફસોસ)*

**અર્થ** : હાય અફસોસ ! તે મુબારક ઘડીઓ વિતી ગઈ જ્યારે હું હુઝૂર ﷺની બારગાહમાં હાજર થયો હતો, જ્યારે મને તે મંઝર યાદ આવે છે તો આહ નીકળે છે કે અફસોસ ! મદીનાથી પાછા આવી ગયા ! હવે ક્યારે મદીના શરીફ જવાનુ થશે ?!

**અલ્ ક઼લ્બુ શજીન વલ્ હમ્મુ શુજૂન**
**દિલઝાર ચુનાં જાં ઝેરે ચુનૂં**
**પત અપની બિપત મૈં કાસે કહૂં**
**મોરા કૌન હૈ તેરા સિવા જાના**

*(અલ ક઼લ્બ શજીન = દિલ ઝખ્મી છે, વલ હમ્મુ શુજૂન = અને ભાત ભાતના ગમો છે, ઝાર = કમઝોર, ચુનાં = એવું, જાં = જાન ઝેર, ભારે, ચુનૂં = એવું, પત = આક઼ા, બિપત = દુઃખ, મૈં કાસે કહૂં = હું કોને કહું, જાનાં = મહબૂબ)*

**અર્થ** : અય મારા ગ઼મ ખ્વાર આક઼ા ! ﷺ મારું દિલ ઝખ્મી છે અને જાત જાતના ગ઼મ તેને ઘેરેલ છે. દિલ એવુ કમજોર અને જાન એવા ભારે ભોજ નીચે દબાયેલ છે. હું મારી આ દુઃખભરી દાસ્તાન કોને કહું ?! મારા મહબૂબ ! તમારા સિવાય મારું કોણ છે જે મારી મદદ કરે ?!

**અર્ફીહુ ફિદાક ફઝિલ હરક઼ા**
**યક શોઅલા દિગર બરઝન ઈશ્ક઼ા**
**મોરા તન મન ધન સબ ફૂંક દિયા**
**યે જાન ભી પ્યારે જલા જાના**

*(અર્ફીહુ ફિદાક = અય આક઼ા ! ﷺ રૂહ આપ પર ફિદા છે, ફઝિલ હરકા = તો ઈશ્ક઼ની આગને ભડકાવી દો, યક શોઅલા દિગર બર ઝન ઈશ્ક઼ા = એક બીજી આગની લપેટ મારા અય ઈશ્ક઼, મોરા = મારું, તન = બદન, મન = દિલ, ધન = દોલત, માલ, ફૂંક દિયા = બાળી દીધું)*

**અર્થ** : અય મારા આક઼ા ! ﷺ આપ પર મારી રૂહ ફિદા, કુર્બાન થઈ જાય, મારા ઈશ્ક઼ની આગને વધારી દો. અય મારા ઈશ્કે નબી ! ﷺ તું બીજી ઈશ્ક઼ની લપેટ માર. મારું શરીર, હૃદય, માલ, દૌલત બધુ હુઝૂર ﷺના ઈશ્ક઼માં કુર્બાન થઈ ગયું છે, આખરી જાન પર હુઝૂર ﷺના નામ પર કુર્બાન થઈ જાય.

**બસ ખામએ ખામે નવાએ "રઝા"**
**ન યે તર્ઝ મેરી ન યે રંગ મેરા**
**ઈર્શાદે અહિબ્બા નાતિક઼ થા**
**ના ચાર ઈસ રાહ પળા જાના**

*(બસ = ફક્ત, ખામા = ક઼લમ, ખામ = કાચુ, વગર તજર્બાનું, નવાએ રઝા = આ'લા હઝરતની સદા, અવાજ, તર્ઝ = તરીક઼ો, રંગ = ઢંગ, ઈર્શાદે અહિબ્બા = દોસ્તોની ફર્માઈશ, નાતિક઼ = બોલનાર, નાચાર = મજબુરન, ઈસ રાહ = આ રસ્તે, પળા જાના = જવું પડયું)*

**અર્થ** : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ નમ્રતા દર્શાવતાં કહે છે કે જે ચાર ભાષા અરબી, ફારસી, હિંદી, ઉર્દૂમાં નઅત લખી છે તે તર્જબા વગરની છે (કોઈ રિહસલ નથી કર્યું) આના પહેલાં મેં કોઈ એવી નઅત નથી લખી, ન આવી નઅતો લખવાનો મારો તરીક઼ો અને ઢંગ છે. આ તો દોસ્તોની ફર્માઈશો આવતી હતી જેથી મજબૂરન મારે આ રસ્તા પર જવું પડયુ અને ચાર ભાષાઓમાં નઅત લખી.

*મુલ્કે સુખન શાહી તુમ કો "રઝા" મુસલ્લમ*
*જિસ સિમ્ત આ ગએ હો સિક્કે બિઠા દિએ હૈં*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ

# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃاللہ علیہ
**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

### ★ સુન્નતો અને નફિલોનું વર્ણન ★

સુન્નતોમાં કેટલીક **મોઅક્કેદહ** છે કે શરીઅતમાં તેમને અદા કરવાની તાકીદ આવી છે. **વિના કારણે એકવાર પણ છોડનાર શિક્ષાને પાત્ર થશે અને જો હમેશાં છોડવાની આદત કરશે તો તે ફાસિક્ અને જહન્નમનો હકદાર તેમજ ગવાહી માટે નાલાયક ગણાશે.** સુન્નતે મોઅક્કેદહને જાણી બુઝીને છોડવું હરામની નજીક છે અને **હુઝૂરની શફાઅતથી એવા પ્રકારનો માણસ મેહરૂમ રહેવાનો ડર છે.** સુન્નતે મોઅક્કેદહને સુન્નતે હુદા પણ કહે છે.

કેટલીક સુન્નતો **ગૈરમોઅક્કેદહ** છે જેને સુન્નતે જવાઈદ પણ કહે છે. એના ઉપર શરીઅતમાં કોઈ તાકીદ આવી નથી. ઘણીવાર એને મુસ્તહબ અને મનદુબ પણ કહે છે.

**નફ્લ** તેને કહે છે જેને કરવામાં સવાબ છે અને ન કરવામાં કોઈ વાંધો નથી.

<u>મસ્અલો</u> : સુન્નતે મોઅક્કદેહ આ છે : **૧.** ફજરની બે રકાત નમાઝ સુન્નત જે ફરજથી પહેલાં પઢવામાં આવે છે. **૨.** ઝોહરની ફરજથી પહેલાંની ચાર રકાત અને પછીની બે રકાત સુન્નત. **૩.** મગરિબના ફરજ પછીની બે રકાત સુન્નત. **૪.** ઈશાના ફરજ પછીની બે રકાત સુન્નત. **૫.** જુમ્માના ફરજ પહેલાંની ચાર સુન્નતો અને ફરજ પછીની ચાર રકાત સુન્નત. વળી બેહતર એ છે કે બીજી બે રકાત સુન્નતો પણ પઢી લે. અર્થાત જુમ્માના ફરજ પછી છ રકાત નમાઝ સુન્નતો પઢે. *(ગુનિયા અને બહાર)*

<u>મસ્અલો</u> : **ફજરની સુન્નતો** સૌથી વધુ મોઅક્કેદહ છે ત્યાં સુધી કે કેટલાક આલિમો એને વાજિબ પણ કહે છે. જેથી એ વિના કારણે ન તો બેસીને પઢી શકાય છે કે ન તો સવારી પર કે ચાલતી ગાડી પર. *(ફત્હુલ કદીર વગેરે)*

<u>મસ્અલો</u> : ફજરની નમાઝ કઝા થઈ ગઈ અને જો ઝવાલથી પહેલાં પઢે તો સુન્નતો પણ કઝા પઢવી અને ઝવાલની પછી પઢો તો સુન્નતો ન પઢવી. ફજરની સુન્નતોની સિવાય બીજી નમાઝોની સુન્નતો કઝા થાય તો એને પઢવાની નથી. ઝોહર કે જુમ્માની પહેલી સુન્નતો છૂટી ગઈ અને ફરજ નમાઝ પઢી લીધી તો સમય હોય તો ફર્ઝની પછી તે સુન્નતો પઢવી. એમાં અફઝલ એ છે કે ફર્ઝ પછીની સુન્નતોને પહેલી પઢવી અને પછી છૂટી ગએલી પઢવી. *(ફત્હુલ કદીર, બહાર)*

<u>મસ્અલો</u> : ફજરની સુન્નતો કઝા થઈ ગઈ હોય અને ફરજ પઢી લીધા તો સુન્નતની કઝા પઢવાની નથી, પરંતુ જો સૂર્યોદય પછી પઢી લેવામાં આવે તો સારું છે, અને સૂર્યોદય પહેલાં મના છે. *(રદ્દુલ મોહતાર, બહાર)*

<u>મસ્અલો</u> : ફજરની સુન્નતોમાં પહેલી રકાતમાં અલ્હમ્દુ પછી સૂરએ કાફિરૂન અને બીજી રકઅતમાં અલ્હમ્દુ પછી સૂરએ ઈખ્લાસ પઢવી જરૂરી છે.

<u>મસ્અલો</u> : જમાઅત ઉભી થઈ ગયા પછી કોઈ પણ નફ્લ અથવા સુન્નત નમાઝ શરૂ કરવી જાઈઝ નથી, સિવાય ફજરની સુન્નતોની. તે પણ ત્યારે જ કે એને એવી ખાતરી હોય કે સુન્નતો પૂરી કરીને જમાઅત મળશે, પછી ભલે કાયદો જ મળવાની ખાતરી હોય, એવા સંજોગોમાં કોઈ એક ખૂણામાં અથવા દૂર છેડે એક તરફ સુન્નતો પઢી લે, જમાઅતની સફની નજીકમાં પઢવી મના છે.

<u>મસ્અલો</u> : જો એવી ખાત્રી હોય કે નફ્લ નમાઝ પઢીશ તો એટલા સમયમાં જમાઅત કે ફર્ઝ નમાઝનો સમય નીકળી જશે તો એવા સમયે નફ્લ પઢવી જાઈઝ નથી.

<u>મસ્અલો</u> : ઈશા અને અસરના પહેલાં અને

ઈશાના ફરજ પછી પણ ચાર રકાતો એક સલામથી પઢવી મુસ્તહબ છે અને ઈશા બાદ ફક્ત બે રકાતો પઢવાની પણ ઈજાઝત છે મુસ્તહબ અદા થઈ જશે. એ જ રીતે ઝોહર પછી પણ ચાર રકાત પઢવી મુસ્તહબ છે. ફત્હુલ કદીરમાં છે કે હદીષ શરીફમાં આવ્યું કે એને પઢનાર માટે દોઝખની આગ હરામ હોવાની બશારત આપવામાં આવી છે. *(અબૂદાઊદ, તિર્મિઝી, નિસાઈ)*

**મસ્અલો** : મગરિબની નમાઝ બાદ છ રકાત નફ્લ નમાઝ પઢવી મુસ્તહબ છે. જેને 'સલાતુલ અવ્વાબીન' કહે છે. બે રકાત કરી પઢવી અફઝલ (શ્રેષ્ઠ) છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : ઝોહર, અસર અને મગરિબ પછી જે મુસ્તહબો છે તેમાં સુન્નતે મુઅક્કેદા પણ ગણાય છે. દા.ત. ઝોહરના ફર્ઝ પછી ચાર રકાતો પઢી તો બે સુન્નતે મુઅક્કેદા અને બે મુસ્તહબ (નફ્લ) બંને અદા થઈ ગઈ. અને એ પણ થઈ શકે છે કે મુઅક્કેદા અને મુસ્તહબ બંનેવ એક જ સલામથી પઢે, અર્થાત ચાર રકાતે સલામ ફેરવે અને એમાં એકલી સુન્નતની નિય્યત કરી હશે તો પણ બસ છે. મુઅક્કદા કે મુસ્તહબની ચોખવટ ન કરે તો પણ બંને અદા થઈ જશે. *(ફત્હુલ કદીર, બહારે શરીઅત)*

**મસ્અલો** : નફ્લ અને સુન્નતોની બધીય રકાતોમાં કિર્અત (કુર્આન મજીદમાંથી કંઈક પઢવું) ફરજ છે.

**મસ્અલો** : સુન્નતો અને નફ્લો, જાણીબુઝી શરૂ કરવાથી તે વાજિબ થઈ જાય છે. એટલે કે જો તેને કોઈ તોડી નાખશે તો ફરીથી કઝા પઢવી વાજિબ છે.

**મસ્અલો** : નફ્લ નમાઝ બેસીને પણ પઢી શકાય છે, પરંતુ ઉભા ઉભા પઢવામાં **ડબલ સવાબ** છે. *(હિદાયા)*

**મસ્અલો** : નફ્લ નમાઝ બેસીને પઢે તો એવી રીતે બેસવું કે જેવી રીતે કાયદામાં બેસાય છે, પરંતુ કિર્અતની હાલતમાં હાથ બાંધેલા રાખવા જેવી રીતે કે ઉભા રહી પઢવાની સ્થિતિમાં બાંધવામાં આવે છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : વિત્રની નમાઝ પછી જે બે રકાત નફ્લ પઢવામાં આવે છે એમાં અલ્હમ્દ પછી પહેલી રકાતમાં "ઈજાઝુલ ઝિલતિલ અર્દ અને બીજી રકાતમાં "સૂરએ કાફિરૂન" પઢવું બેહતર છે.

**મસ્અલો** : સુન્નત અને નફ્લ ઘરમાં પઢવી બેહતર છે. *(હિદાયા વગેરે)*

**મસ્અલો** : સુન્નત અને ફરજની **વચમાં વાત ન કરવી** કારણ કે એથી **સવાબ ઘટી જાય** છે. *(ફત્હુલ કદીર)* એ જ હુકમ તે દરેક કામનો છે જે તહરીમાંથી રોકનાર છે. *(તન્વીર અને બહાર)*

પેજ નં.**૧૧** નું ચાલુ...

દિલથી ઈસ્લામી તા'લીમને કબૂલ કરી લીધી છે.

**૨૭.** આ આયતમાં અલ્લાહની કામિલ કુદરતના બે અધિક સબૂત વર્ણવવામાં આવ્યા છે. આ આયતોના હેઠળ અલ્લામા કુર્તબી લખે છે કે હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہએ ફર્માવ્યું કે, હું એકવાર જુમ્આની નમાઝમાં શરીક ન થઈ શક્યો. હુઝૂર ﷺએ કારણ પૂછયું તો મેં ગુઝરાશિ કરી કે મારે યુહન્ના બિન બારયા યહૂદીનું કાંઈક કરજ આપવાનુ હતું તે મારા દરવાજે તાક માંડીને બેઠો હતો કે હું બહાર નીકળુ અને તે મને પોતાના કબજામાં લઈ લે અને હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થવાથી રોકી આપે, એટલા માટે હું બહાર ન નીકળી શક્યો અને જુમ્આની નમાઝમાં શરીક થવાથી વંચિત રહ્યો. હુઝૂરે કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, હે મઆઝ ! શું તમે પસંદ કરો છો કે અલ્લાહ તઆલા તમારુ કરજ અદા ફર્માવી આપે. મેં અર્ઝ કરી, હા ! યા રસૂલલ્લાહ ! ﷺ તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, દરરોજ આ પ્રમાણે પઢયા કરો :–

قُلِ اللّٰهُمَّ مٰلِكَ الْمُلْكِ થી بِغَيْرِ حِسَابٍ۔ رَحْمٰنَ الدُّنْيَا وَالْاٰخِرَةِ وَرَحِيْمَهُمَا تُعْطِى مِنْهُمَا مَنْ تَشَاءُ وَتَمْنَعُ مِنْهُمَا مَنْ تَشَاءُ اِقْضِ عَنِّىْ دَيْنِىْ۔

જો તારા પર જમીનના બરાબર સોનુ કરજ હશે તો અલ્લાહ તઆલા અદા ફર્માવી આપશે. *(ખરજા અબૂ નઈમ અલ્હાફિઝ)*

# વલિયા અલ્લાહની કરામતો

અઝ : અબુલ ક઼ાસિમ અબ્દુલકરીમ બિન હવાઝિન કુશૈરી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

### ★ નમાઝના સમયે અપંગપણુ જતુ રહેતુ ! ★

અમને મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફીએ કહ્યું કે તેમને અબુલ હસન નામના શઅવાનના ગુલામે કહ્યું કે અલી બિન સાલિમ ફર્માવતા હતા કે સહલ બિન અબ્દુલ્લાહ અંતિમ વયે અપંગ થઈ ગયા. પણ જ્યારે નમાઝનો સમય આવતો તો તેમના હાથ તથા પગો ખુલી જતા હતા, અને જ્યારે ફર્ઝ નમાઝથી પરવારતા તો ફરી એ જ અપંગ હાલત થઈ જતી.

### ★ નફ્સની ખ્વાહિશોને ત્યજનારનો મર્તબો ! ★

અબૂ ઈમરાનથી કહેવામાં આવ્યું છે કે એ ફર્માવતા હતા કે એકવાર સમુદ્રમાં કશ્તી તૂટી ગઈ અને હું તથા મારી પત્ની એક તખ્ત પર રહી ગયાં અને મારી પત્નીને એ જ હાલતમાં એક પુત્રી જન્મી. મારી પત્નીએ ચીસ પાડીને કહ્યું કે હું તરસથી મરી રહી છું ! મેં કહ્યું કે **અલ્લાહ તઆલા આપણી હાલતને જોઈ રહ્યો છે.** મેં જેવું માથુ ઉઠાવ્યું તો શું જોઉં છું કે એક શખ્સ હવામાં બેઠેલો છે અને એના હાથમાં સોનાની એક સાંકળ છે અને એમાં લાલ યાકૂતનો એક માટીનો કૂજો છે. તેણે કહ્યું, આ લો ! પીઓ ! અબૂ ઈમરાન કહે છે કે મેં કૂજો લીધો અને અમે પાણી પીધું. એ કસ્તૂરી કરતાં પણ અધિક ખુશબુદાર, બરફથી અધિક ઠંડુ અને મધ કરતાં અધિક મીઠુ હતું. મેં તેને પૂછયું, તું કોણ છે ? અલ્લાહ તઆલા તારા પર રહમ કરે ! તેણે જવાબ આપ્યો કે તમારા મૌલાનો એક અદના ગુલામ છું. મેં ફરી પૂછયું કે તું આ મર્તબા સુધી કેવી રીતે પહોંચ્યો ? તેણે જવાબ આપ્યો કે મેં એની રઝામંદીની ખાતર મારી ખ્વાહિશોને ત્યજી જેથી એણે મને હવામાં બેસાડી આપ્યો. ત્યાર બાદ તે અદશ્ય થઈ ગયો અને ફરી મેં તેને નથી જોયો. *(રિસાલાએ કુશૈરિયા)*

### ★ એક નવ જવાનની કરામત ★

અમને મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફીએ કહ્યું કે બુકરાન બિન અહમદ જલીલીએ કહ્યું કે યૂસુફ બિન હુસૈને બયાન કર્યું કે મેં ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہને ફર્માવતાં સાંભળ્યા કે મેં એક નવજવાનને કા'બાની પાસે જોયો કે ઘણા જ રુકૂઅ તથા સજદા કરી રહ્યો છે. મેં તેની નજીક જઈને પૂછયું કે તું ખૂબ જ નમાઝો પઢે છે ?! તેણે જવાબ આપ્યો, હું રબથી પાછા જવાની ઈજાઝત મળવાની રાહ જોઈ રહ્યો છું. ઝુન્નૂન કહે છે કે મેં જોયું કે એક ચિઠ્ઠી પડી જેમાં લખ્યું હતું કે અઝીઝ ગફૂરની તરફથી મારા સાચા બંદાની તરફ પાછા ચાલ્યા જાવ, તમારા સર્વ આગલા પાછલા ગુનાહો માફ થયા.

### ★ બંને આંખો નીકળીને પડી ગઈ ! ★

એક સૂફી કહે છે કે હું મદીના તયબહમાં મસ્જિદે નબવીમાં એક જમાઅતની સાથે બેઠો હતો. અમે લોકો કુર્આની આયતોમાં એકબીજા સાથે મુક઼ાબલો કરી રહ્યા હતા અને અમારી નજીક જ એક અંધ માણસ સાંભળી રહ્યો હતો. તે અમારી તરફ આવ્યો અને કહેવા લાગ્યો કે તમારું કલામ સાંભળીને ઘણી જ લાગણી (ખેંચાણ) પેદા થઈ. તમને જાણ હોવી જોઈએ કે મારાં બાળકો અને બીવી હતી અને હું બક઼ીઅમાં જઈને બળતણ ભેગુ કર્યા કરતો હતો. એક દિવસ જેવો ત્યાં ગયો તો એક નવજવાનને જોયો તેણે કંતાનનું કમીસ પહેરેલ છે અને જોડા આંગળીમાં રાખેલા હતા. મને વિચાર આવ્યો કે આ પાગલ છે, જેથી મેં તેનાં કપડાં છીનવાનો ઈરાદો કર્યો અને કહ્યું કે સર્વ કપડાં ઉતારી નાખ ! તેણે કહ્યું કે અલ્લાહ તઆલાની હિફાઝતમાં ચાલ્યા જાવ ! મેં બેવાર તથા ત્રણવાર કહ્યું તો તેણે કહ્યું કે એના વિના ઉપાય નથી ?! મેં કહ્યું, નહીં ! એના પર તેણે પોતાની બંનેવ આંગળીઓથી મારી બંનેવ આંખોના તરફ ઈશારો કર્યો અને મારી બંને આંખો ગબડી પડી ! પછી મેં તેને અલ્લાહની ક઼સમ આપીને પૂછયું કે તું કોણ છે ? કહ્યું, ઈબ્રાહીમ ખવાસ !



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*(અનીસુલ અરવાહ : મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ)*

**(મજલિસ : ૧૬)**

### ★ મસ્જિદમાં જતાં આવતાં અઢળક નેકીઓ કમાઓ ! ★

મસ્જિદના બારામાં ચર્ચા શરૂ થઈ. આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે હદીષમાં છે કે જે શખ્સ જમણો પગ મસ્જિદમાં રાખે અને કહે :–

تَوَکَّلْتُ عَلَی اللّٰہِ لَا حَوْلَ وَلَا قُوَّۃَ اِلَّا بِاللّٰہِ مِنَ الشَّیْطٰنِ الرَّجِیْمِ

**"તવક્કલતુ અલલ્લાહિ લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિ મિનશ્શયતાનિર્રજીમ."** (મેં ખુદા પર ભરોસો કર્યો. નથી તાકત તથા કુવ્વત પણ અલ્લાહની સાથે. શયતાન લઅનતી છે.) અને ત્યાર બાદ જે નમાઝ પઢે તેના માટે ખુદા તઆલા હુકમ આપે છે કે **દરેક રકાતના બદલે સો રકાત નમાઝનો સવાબ લખવામાં આવે, અને ખુદા તઆલા તેના ગુનાહોને બખ્શી આપે છે. અને દરેક કદમના બદલે એક દરજો તેને જન્નતમાં મળે છે અને એના નામ પર જન્નતમાં એક મહેલ તૈયાર થાય છે.**

પછી ફર્માવ્યું કે જે શખ્સ મસ્જિદમાં જાય છે અને કહે છે, مِنَ الشَّیْطٰنِ الرَّجِیْمِ **મિનશ્શયતાનિર્રજીમ** તો શૈતાન કહે છે કે તેં આ કલ્મો કહીને મારી કમર તોડી નાખી છે. પછી **તેના આમાલનામામાં એક વરસની ઈબાદતનો સવાબ લખવામાં આવે છે.** અને જ્યારે બહાર નીકળતી વખતે આ કલ્મો પઢે છે તો **તેના શરીરના દરેક વાળના બદલામાં ખુદા તઆલા સો નેકી એનાયત કરે છે અને જન્નતમાં સો દરજા વધારવામાં આવે છે.**

પછી ફર્માવ્યું કે ઈમામ ઝયદ વબસી ઝિંદા રાસ્તી رحمۃ اللہ علیہ પોતાની કિતાબમાં લખે છે : જ્યારે મો'મિન મસ્જિદમાં આવે છે અને જમણો પગ અંદર રાખે છે તો **અવ્વલથી આખર સુધીના તેના સર્વ ગુનાહો ખરી જાય છે,** જ્યારે બહાર આવે છે અને ડાબો પગ મૂકે છે તો ફરિશ્તા કહે છે, **હે ખુદાવંદે તઆલા ! એને નિગાહોમાં રાખ અને એની હાજતને પૂરી કર એનું સ્થાન હમેશાં માટે બહિશ્તમાં બનાવ.**

પછી ફર્માવ્યું કે ખ્વાજા મુહમ્મદ મરઅશી رحمۃ اللہ علیہના રિસાલામાં મેં લખેલું જોયું છે કે સુફયાન ષૌરી رحمۃ اللہ علیہ ખાનએ ખુદામાં એ રીતે બેઅદબોની જેમ પ્રવેશ્યા કે તેમણે ડાબો પગ મસ્જિદમાં રાખ્યો. તો આ બેઅદબીના કારણે તેમનુ નામ ષૌર પડી ગયું✪.

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા.

الحمد اللہ علی ذٰلک

---

*✪ શક્ય છે ગલતીથી ડાબો પગ મસ્જિદમાં મૂકાઈ ગયો હોય. કહેવાનુ તાત્પર્ય એ છે કે મસ્જિદની અદબ કેટલી મહત્વની ચીજ છે કે રબને એ પણ સ્વીકાર્ય નથી કે કોઈ મસ્જિદમાં ડાબો પગ રાખી પ્રવેશે તો પછી જેઓ મસ્જિદમાં જોર જોરથી વાતો કરે તથા હસે તેમનાથી ખુદા કેટલો નારાજ હશે ?! –અનુવાદક*

(કાર્યાય)

મુનાફિક઼ત તે આનુ નામ !

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !**

**★ પાકિસ્તાની મૌલાના ફઝલુર્રહમાન દેવબંદીએ ક઼બ્રની ઝિયારત (મુલાકાત) કરી ! ★**

"ગુજરાત ટુ ડે" દૈનિકની Web પર ન્યૂઝ છે કે :–

*લખનૌ તા. ૧૭ (ફેબ્રુ. ૨૦૧૧) દેવબંદના સંઘર્ષરત જૂથો વચ્ચે સમાધાન માટે પાક. જમિયતના પ્રમુખ મૌલાના ફઝલુર્રહમાન હસ્તક્ષેપ કરવા આવ્યા, તેમણે દેવબંદના પૂર્વ રેકટર (મોહતમિમ) મૌલાના મર્ગુબુર્રહમાનને શ્રદ્ધાંજલિ અર્પણ કરી, અને સોમવારે તેમણે મૌલાના મર્ગુબુર્રહમાનની ક઼બરની મુલાકાત લીધી (ઝિયારત–દર્શન કરી) તથા ત્યાં ખિરાજે અક઼ીદત પેશ કરી દુઆ કરી હતી. તે બાદ તેઓએ મૌલાના સાહેબની સ્મૃતિમાં આયોજિત એક કાર્યક્રમમાં પણ ભાગ લીધો હતો.......... (ગુજરાત ટુ ડે દૈનિક)*

આંખ, દિલ તથા દિમાગ રાખનારાઓ ! નિષ્પક્ષપણે વિચારો ! અને જવાબ આપો ! જો તમે અલ્લાહના વલીના મઝાર પર ફાતેહા પઢી ઈસાલે સવાબ કરવા જાવ તો મુશ્રિક થઈ જાવ ! તેમની યાદમાં મેહફિલ કરો, મીલાદુન્નબી ﷺની મેહફિલ કરો તો તે નાજાઈઝ, બિદઅત તથા હરામ કાર્ય ગણાય ! અને અહીં ઠેઠ પાકિસ્તાનથી જમિયતના પ્રમુખ ફઝલુર્રહમાન દેવબંદી મોલ્વી મર્ગુબુર્રહમાનની ક઼બ્રની ઝિયારત માટે આવ્યા, ત્યાં દુઆ કરી અને મરનારની યાદમાં થનાર પ્રોગ્રામમાં શરીક પણ થયા ! તેમ છતાં દેવબંદીઓ નજીક બાશરઅ મુસલમાન તથા પેશવા જ રહ્યા ! આ બધુ શું છે ?! હે લોકો ! કાંઈ તો સમજો ! જુઓ દેવબંદીઓ એક તરફ તો કિતાબમાં લખે છે કે :–

મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ શિર્કની વાતોની લિસ્ટમાં આ પણ લખ્યું છે કે :–

*"............કબરો અને થાનકોની ઝિયારત માટે દૂર દૂરથી પ્રવાસ ખેડીને જાય........એણે ખુલ્લુ "શિર્ક" કર્યું કહેવાશે." (ગુજરાતી તક઼વિયતુલ ઈમાન, પેજ : ૪૧, દારુલ ઉલૂમ કંથારીયા–ભરૂચ)*

તેમજ દેવબંદીઓના ગુરૂ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના ગુરૂ મુહમ્મદ અબ્દુલવહાબ નજદીએ શું લખ્યું છે તેના વિશે દેવબંદીઓના શયખુલ હિંદ એટલે મોલ્વી અસદ મદનીના પિતા મોલ્વી હુસૈન અહમદ ટાંડવી (મદની) પોતાની કિતાબમાં ખૂદ લખે છે કે :–

*"પાક મઝાર (નબી ﷺના)ની મુલાકાત લેવાના ઈરાદાથી મદીના મુનવ્વરાની સફરને વહાબી લોકો વ્યભિચાર જેવું ગણે છે." (શિહાબુષ્ષાકિબ, પેજ : ૪૬, અઝ : હુસૈન અહમદ ટાંડવી મદની)*

હવે ઈન્સાફ કરો ! દેવબંદના માજી મોહતમિમ (રેકટર) મોલ્વી મર્ગુબુર્રહમાનની ક઼બરની ઝિયારત (મુલાકાત) માટે ઠેઠ પાકિસ્તાનથી આવેલા પાક. જમિયતના મૌલાના ફઝલુર્રહમાન મુશ્રિક થયા કે નહીં ?! અને વ્યભિચાર જેવુ બુરૂ કામ કર્યું કે નહીં ?! શો ફત્વો છે દેવબંદી મુલ્લાઓનો એમના વિશે કે એમણે ખુલ્લુ શિર્ક કર્યું કે નહીં ?! **હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના દરબારમાં અજમેર શરીફ જો તેઓ હાજરી આપતા અને શ્રદ્ધાંજલિ અર્પતા તો મુશ્રિક થઈ જાત ! જેથી ત્યાં ન ગયા, પણ પોતાના મોલ્વીની ક઼બર પર હાજરી આપી, ત્યાં શ્રદ્ધાંજલિ આપી, તેમની યાદની મેહફિલમાં ગયા તો મુશ્રિક ન થયા ! આ કેવો અધર્મ છે ?!**

## ★ ભૂમી પૂજનના કાર્યક્રમમાં જોડાતા તથા ગણેશની મૂર્તિ ભેટ ધરતા વસ્તાનવી ! ★

*અત્યારે મારી પાસે "મુસ્લિમ ટાઈમ્સ" ઉર્દૂ અઠવાડિક છે જેમાં ફોટા સાથે દર્શાવ્યું છે કે દેવબંદના નવા વિવાદાસ્પદ મોહતમિમ્ મૌલાના ગુલામ વસ્તાનવી બેળ જિલ્લામાં ગર્લ્સ હોસ્ટેલના મકાનના 'ભૂમી પૂજન'ના કાર્યક્રમમાં પૂજાપાઠની રસ્મોમાં શરીક થઈને કૌમી એકતાનું પ્રદર્શન કરી રહ્યા છે ! એટલું જ નહીં, પણ બીજા એક કાર્યક્રમમાં માજી સંસદ સભ્ય રાવડરેકર તેમજ માજી માજી સંસદ સભ્ય રાવજાધુ ઉપરાંત સેંકડો હિંદુ મુસ્લિમ શ્રોતાઓની હાજરીમાં સ્થાનિક મશહૂર રાજકરણી જયશેરસાગરને* ***ઘણા જ અદબ તથા એહતેરામ (તા'ઝીમ) સાથે અને ખુશી આનંદભેર "ગણેશ" મૂર્તિનો તોહફો આપી રહ્યા છે.*** *એ જ પ્રમાણે આ જ મૌલાના વસ્તાનવી ત્યાં હાજર પંડિતોના હાથો વડે હવન પૂજા માટે આગમાં સ્વાહા કરવાનો સામાન લઈને આગમાં નાખવાની તૈયારીમાં જણાય છે. યાદ રાખશો કે હિંદુ રસ્મો રિવાજના પ્રમાણે સારી રીતે કામ સંપૂર્ણ થવા માટે હવન પૂજા થકી મન્નત માનવામાં આવે છે. સ્વાહા બોલીને અગ્નિ દેવતા તથા પાણીના દેવતાને શાંત રહેવાની પ્રાર્થના કરવામાં આવે છે. (મુસ્લિમ ટાઈમ્સ અઠવાડિક ઉર્દૂ, મુંબઈ, ૩૧ જાન્યુ. થી ૬ ફેબ્રુ. ૨૦૧૧)*

## ★ ગૈરુલ્લાહની તા'ઝીમ તથા પ્રસાદ લેતા દેવબંદી મોલ્વીઓ ! ★

*"ગુજરાત ટુ ડે, તા. ૨–૦૩–૦૪ માં તારાપુરના મૌલાના અ.અહદ તથા કુા. એ શોભાયાત્રાનું સ્વાગત કરી ગુરૂને ફૂલહાર પહેરાવ્યા તે વાંચો તેમજ તા. ૧૪–૦૬–૦૪ ના દૈનિક પત્રમાં છત્રીવાળા સિંહાસન પર બેઠેલા એક ગૈર મુસ્લિમ ધર્મ વડાને શાલ ઓઢાડીને જમીયતે ઉલમાએ હિંદના પ્રમુખ મૌલાના અસદ મદની તેમની તાઝીમ કરી રહ્યા છે અને મહામંત્રી મહમૂદ અસદ મદની તાઝીમમાં (સન્માનમાં) બાજુમાં ઉભેલા છે. એનો ફોટો દર્શાવ્યો છે." (એક સમાચાર)*

*જામે નૂર ઉર્દૂ મંથલી દિલ્હીના તંત્રી જનાબ ખુશ્તર નૂરાની લખે છે કે, "અત્યારે મારી નજરો સમક્ષ ૧૩–માર્ચ ૨૦૦૬નું હિન્દી દૈનિક પત્ર "દૈનિક જાગરણ" છે. એમાં એકદમ નજરે ચઢી જાય એ રીતે ગયાનવાલી મસ્જિદ (બનારસ)ના ઈમામ તથા મુફતીએ બનારસ મૌલાના અબ્દુલ બાતિન નોઅમાનીનો ફોટો છપાયેલો છે જે સંકટ મોચન મંદિરમાં જઈને મૂર્તિઓના કદમોમાં અકીદત (શ્રદ્ધા)પૂર્વક ઉભા છે અને ત્યાંના પૂજારીથી મૂર્તિઓ પર ચઢાવેલો પ્રસાદ તથા ગંગાજળ લઈ રહ્યા છે. હિંદુઓ સાથે તેમની મહોબ્બત તથા અકીદતને "સૌહાર્દનું દષ્ટાંત" એટલે દોસ્તી તથા અમ્નનું દષ્ટાંત કહીને આ દૈનિકે દાદ આપી છે. (જામે નૂર, દિલ્હી, જૂલાઈ–૨૦૦૬)*

કૌમી એકતાના ઓઠા હેઠળ એક તરફ તો દેવબંદી મોલ્વી વસ્તાનવી તથા અન્ય મૌલ્વીઓ પૂજાના પ્રોગ્રામોમાં બેધડક હાજર થઈ રહ્યા છે, પ્રસાદ તથા ગંગાજળ આરોગી રહ્યા છે ! તથા મૂર્તિઓને તા'ઝીમ સાથે ઉઠાવી ભેટો આપી રહ્યા છે ! છતાં વસ્તાનવી તથા અન્ય મુશ્રિક ન થયા ?! જ્યારે **નબી વલીના મઝાર તરફ જનારા માટે ઉપર દર્શાવ્યું** તેમ "તક્વિયતુલ ઈમાન" દેવબંદી ધર્મની બંધારણિય કિતાબમાં છે કે **તેણે "ખુલ્લુ શિર્ક" કર્યું.** તેમના પેશવાઓ પૂજા વિધિમાં રહે, મૂર્તિઓ ઉઠાવી ભેટ ધરે, મૂર્તિઓ સામે અકીદતથી ઊભા રહી પૂજારી પાસેથી પ્રસાદ તથા ગંગાજળ લઈ આરોગે છતાં મુસલમાન રહે ! હે મુસલમાનો ! આ તેમની મુનાફિકત નથી તો શું છે ? માટે જે ભાઈઓ અજાણતામાં તેમના પ્રતિ આકર્ષાયા હોય તેઓ તેમની અસલિયતને ઓળખે અને તેમનાથી દૂર થઈ પોતાના ઈમાનની રક્ષા કરી લે.

વળી 'ઉમ્મીદ' દેવબંદી સાપ્તાહિક સૂરત તા. ૨૦–૨–૨૦૦૯માં મેહફિલે મીલાદ, જુલૂસ તથા નઅતો પઢતાં ચાલવું વગેરેને નાજાઈઝ કહેવાયું છે, કારણ કે તેમના કહ્યાનુસાર હુઝૂર, સહાબા, તાબઈન, તબે તાબઈનના સમયમાં ન હતું. તો શું દેવબંદીઓ બતાવશે કે ઉપરોક્ત દેવબંદી મોલ્વીઓનાં કામો શું હુઝૂર, સહાબા તથા તાબઈનથી સાબિત છે ? એના માટે કોઈ શિર્ક કે નાજાઈઝનો ફત્વો કાઢયો ? હા ! આ કામો અબૂ જહલ તથા અબૂ લહબથી તો સાબિત છે જ ! તો આ મોલ્વીઓ અબૂજહલ તથા અબૂલહબના ભાઈ થયા કે નહીં ?! ઈન્સાફ તમો જ કરશો.

# જીભનું લપસવું ક્યારે કુફ્ર છે ક્યારે નહીં ?

રજૂકર્તા
**મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી**
(સદર મુફ્તી જામિઆ અશરફિયા–મુબારકપુર)

અનુવાદક
**મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી**
*(સદરુલ મુદર્રિસીન દારુલ બરકાતે ખ્વાજા–આમોદ)*

ઘણી વાર એવું બને છે કે એક વ્યક્તિ પોતાની ઝબાન વડે હક઼ તથા સત્ય વાત કહેવા માંગતો હોય પરંતુ તેની ઝબાન લપસી જાય અને કાંઈકનું કાંઈક બોલી કાઢે છે. જેથી અનુચિત શબ્દો તથા વાક્યો તેની ઝબાનથી નીકળી પડે છે અને આવા શબ્દો તથા વાક્યો ઘણીવાર કુફ્ર તથા શિર્કની સીમા સુધી પહોંચી જાય છે અને આવા સંજોગો ગેર ઈખ્તિયારી (અજાણ્યે) તથા ઈરાદા વિનાની સ્થિતિમાં એકાએક જ ઉદ્ભવે છે. જેમ કે એક વ્યક્તિ સીધા માર્ગે ચાલતો હોય અને એકાએક તેનો ક઼દમ લપસી જાય અને ત્યાં જ ઢગલો થઈ જાય તો સ્પષ્ટ છે કે આ પ્રમાણે આકસ્મિક રીતે તથા દુર્ઘટના વશ પડી જવામાં તે વ્યક્તિની ઈચ્છા તથા ઈરાદાનો કોઈ સમાવેશ નથી હોતો. આ એક અકસ્માત તથા દુર્ઘટના હોય છે જે કોઈ પણ દેખતા જાણતા વ્યક્તિ સાથે બની શકે છે.

માની લો કે આવી આકસ્મિક દુર્ઘટના મસ્જિદ અથવા ઘરમાં એવી જગ્યાએ બની કે જ્યાં કુર્આન શરીફ રાખ્યું હોય અને લપસી જવાની સાથે જ તેનો પગ કુર્આને મુક઼દ્દસ ઉપર પડી જાય અથવા જનાબતની હાલત (નાપાકીની હાલત)માં હતો અને કદમ ડગી જવાથી મસ્જિદમાં જઈને પડયો, તો શું શરીઅત અહીંયા પણ એ જ હુકમ લાગુ કરશે જે હુકમ જાણી જોઈને ઈરાદાપૂર્વક અલ્લાહની મર્યાદાઓનો (કાનૂનોનો) ભંગ કરવાનો છે ? અથવા આવી સ્થિતિઓને શરીઅત પોતાના વર્તુળથી બહાર રાખશે ?

શરીઅતમાં આ સવાલનો જે જવાબ હોય શકે છે તે સૌના પર સ્પષ્ટ છે. તો પછી જીભના અકસ્માતે તથા લપસી જવાનો હુકમ પણ એ જ હોવો જોઈએ, તેના વિરૂધ્ધ નહીં જેમ કે ઉમ્મતના કેટલાયે ફુક઼હાએ કિરામે આ સ્પષ્ટતા કરી છે કે ઝબાનની લગઝિશ (ભૂલ)ના કારણે મુસલમાનથી કુફ્રી શબ્દો બોલાય જાય તો તેના ઉપર કુફ્રનો હુકમ લાગુ નહીં પડે. ફક઼ીહુન્નફસ, જલીલુશ્શાન ઈમામ, ઈમામ ફખ્રુદ્દીન કાઝી ખાન (ફતાવા ખાનિયાના લેખક), મહાન મોહક્કિ઼ ઈમામ ઈબ્ને નુજૈમ મિસ્રી (બહરૂર્રાઈકના લેખક), હિન્દુસ્તાનના ભરોસાપાત્ર ફુક઼હાએ કિરામ (ફતાવા આલમગીરીના લેખકો) તથા ખાતિમુલ મોહક્કિ઼ક઼ીન અલ્લામા ઈબ્ને આબેદીન શામી رضی اللہ عنہએ સ્પષ્ટ શબ્દોમાં શરીઅતે તાહેરાના આ હુકમની રજૂઆત કરી છે અને ઘણા સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે. ફતાવા આલમગીરીમાં છે. "ભૂલથી કોઈની ઝબાનથી કુફ્રી શબ્દ નીકળી જાય એટલે કે તે વ્યક્તિ એવી વાત કહેવા માંગતો હતો કે જે કુફ્ર ન હતી પરંતુ ભૂલથી તેની ઝબાનથી કુફ્રી શબ્દ નીકળી પડયો તો તે "કુફ્ર" નથી. તમામ ઈમામોનો આ મઝહબ છે અને ફતાવા કાઝીખાનમાં પણ આ પ્રમાણે છે." *(ફતાવા આલમગીરી, ૪/૪૮૬ )*

"રદુલ મોહતાર"માં છે કે, "બહરૂર્રાઈકમાં છે કે જેણે ભૂલથી અથવા કોઈના મજબૂર કરવાથી પોતાની ઝબાનથી કુફ્રી શબ્દ ઉચ્ચાર્યો તો તે કાફિર નહીં થાય અને આ જ દરેકનો મઝહબ છે." *(રદુલ મોહતાર ઉર્ફ "શામી", ૬/૩૫૮)*

તમામ ફુક઼હાએ કિરામ આવી સ્થિતિને બિલ્કુલ

કુફ્ર ન હોવાનો હુકમ ફર્માવે છે. એટલા માટે આ હુકમ મુત્લક (બંધન મુક્ત) રહેશે, જ્યારે કે કોઈ વાત તેના વિરૂધ્ધ જોવા ન મળે.

''કુફ્ર'' અલ્લાહના હક્કોમાં સૌથી મોટો અપરાધ તથા ગુનો છે. આ ગુનો તથા અપરાધ કરતાંની સાથે જ બંદો અલ્લાહ તઆલાની બારગાહનો સૌથી મોટો મુજરિમ તથા અપરાધી અને બદબખ્ત થઈ જાય છે, અલ્લાહ તઆલા તથા રસૂલુલ્લાહ ﷺ સાથેનો ઈસ્લામી સંબંધ તથા ઈમાની રિશ્તો તૂટી જાય છે અને એટલા માટે જ તેના ઉપર ખુદાએ પાકની રહમત તથા મગફિરતના દરવાજા બંધ થઈ જાય છે, પરિણામે તે હમેશાં હમેશના માટે જહન્નમની આગમાં સળગતો રહેશે.

એક તરફ આવા ભયાનક અપરાધની સજાનો તસવ્વુર કરો અને બીજી તરફ બંદાની આવી મજબૂરી તથા આજિઝીને જુઓ કે તે બંદો હક્ક઼ તથા સત્ય બોલવા માંગતો હતો પંરતુ ઝબાનની ભૂલ તથા લગઝિશના કારણે તેનાથી ન ચાહવા છતાં કુફ્રી શબ્દ નીકળી ગયો. તો શું અક઼્લે સલીમ (સદ્‌બુધ્ધિ) યક઼ીન કરી શકે છે કે આવી વ્યાકૂળ તવા અજાણી સ્થિતિમાં નીકળેલા શબ્દોનાં પરિણામમાં ખુદાએ રહીમો કરીમ તેવી વ્યક્તિને પોતાની બારગાહનો સૌથી મોટો મુજરિમ ઠરાવી હમેશાં માટે જહન્નમની સજાના લાયક બનાવી આપે ?! કદાપિ નહીં ! એટલા માટે ઓલમાએ ઈસ્લામે ઝબાનની ભૂલ (અકસ્માત)નો જે હુકમ બયાન કર્યો છે તે નિશ્ચિત રીતે યથાવત તથા અક઼્લે સલીમના તદ્દન અનુરૂપ છે, બલ્કે કિતાબુલ્લાહ તથા સુન્નતે રસૂલુલ્લાહ ﷺ ના સ્પષ્ટ પુરાવાઓ પણ ગવાહ છે. જેમ કે કુર્આને હકીમે પોતાના માનવાવાળાઓને આ રીતે દુઆ કરવાની તાલીમ ફર્માવી છે : ''હે અમારા પાલનહાર ! જો અમે ભૂલી જઈએ અથવા અમારાથી ભૂલ તથા લગઝિશ થઈ જાય તો અમારાથી પૂછતાછ (હિસાબ) ન ફર્માવ.'' *(સૂ. બકરહ)*

ખુદાએ કરીમે પોતાના બંદાઓની આ દુઆ ક઼બૂલ ફર્માવી અને તેમનાથી ભૂલચૂક તથા આકસ્મિક રીતે નીકળી જતા શબ્દો તથા વાક્યોને ગુનાહોની લિસ્ટમાંથી જ ખારિજ (બહાર) કરી આપ્યા અને આખેરતમાં તે ખુદાએ કહ્‌હારો જબ્બાર પોતાના બંદાઓને ભૂલચૂક ઉપર સજા નહીં આપે. જેમ કે મુસ્લિમ શરીફની હદીષમાં છે કે ઉપરોક્ત જણાવેલ દુઆ ઉપર અલ્લાહ તઆલા ફર્માવે છે, **نعم** હા ! **قد فعلت** મેં આમ કરી આપ્યું *(સહીહ મુસ્લિમ, ૧/૭૮)*

ઈમામ હુજ્જતુલ ઈસ્લામ અબૂબકર જસ્સાસ રાઝી ઉપરોક્ત આયતની તફસીરમાં ફર્માવે છે કે ''ભૂલ યાદનું વિરોધાર્થી છે, અઝાબના પાત્ર હોવાના સંબંધે અલ્લાહ તથા તેના બંદા દરમિયાનથી આ હુકમ ઉઠાવી લેવામાં આવ્યો છે અને આખેરતમાં તેના વિશે પૂછતાછ પણ નાજાઈઝ છે. *(અહકામુલ્ કુર્આન, ઈમામ જસ્સાસ રાઝી, ૧/૪૭૬)*

તફસીરે જલાલૈનમાં છે કે :–

''અને તમે લોકો આ દુઆ પઢો કે હે અમારા રબ ! અમારાથી પૂછતાછ ન ફરમાવ, તથા અઝાબ ન આપ, એ વાત પર કે જે અમે ભૂલી જઈએ અથવા અમારાથી ચૂક થઈ જાય, એટલે કે વિના ઈચ્છાએ અમે સીધા માર્ગથી હટી જઈએ, જેમ કે તેં અમારાથી પહેલાંના લોકોની પકડ કરી અને અલ્લાહ તઆલાએ આ ઉમ્મતથી ભૂલચૂક ઉપર પકડ માફ રાખી છે, જેમ કે હદીષ શરીફમાં છે. જેથી પકડ ન કરવાની દુઆ અલ્લાહની નેઅ્‌મતનો સ્વીકાર છે. *(તફસીરે જલાલૈન, પેજ–૪૫)*

તહાવી તથા મિશ્કાત શરીફમાં છે કે :–

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, બેશક ! અલ્લાહે મારી ઉમ્મતથી ભૂલચૂક તેમજ મજબૂરી તથા લાચારીને માફ ફર્માવી આપી છે.'' *(ઈબ્ને માજા, બયહક઼ી)*

આ હદીષની સમજૂતીમાં અલ્લામા અલી ક઼ારી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, ''ભૂલચૂકથી સારાંશ છે કે જેનો ઈરાદો તથા ઈચ્છા ન હોય. અને હદીષનો અર્થ એ છે કે બીજી ઉમ્મતોની જેમ ભૂલચૂક ઉપર જે સજા

થતી હતી તે ઉમ્મતે મુહમ્મદિયા ઉપરથી માફ કરી દેવામાં આવી છે. *(મિર્કાતુલ્ મફાતીહ, ૪૮૧–૧૧)*

કિતાબુલ્લાહ તથા હદીષ અને ઉલમાના કથનો દ્વારા સ્પષ્ટ થઈ ગયું કે આ ઉમ્મતથી ભૂલચૂકનો ગુનો માફ કરી દેવામાં આવ્યો છે અને આવા લોકો કયામતના દિવસે ભૂલચૂકની સજાથી પણ મેહફૂઝ રહેશે.

એટલા માટે ફુકહાએ કિરામે ઝબાનની લગઝિશનો જે હુકમ બયાન ફર્માવ્યો છે તે નિશ્ચિત રીતે હક્ક તથા યથાયોગ્ય છે.

હા ! કોઈ પણ વાત પોતાના સુબૂત અંગે દલીલ તથા પુરાવાઓની મોહતાજ હોય છે, એટલા માટે જ્યારે કોઈ દલીલ અથવા ગવાહી દ્વારા સાબિત થઈ જાય કે નિશ્ચિત રૂપે કુફ્ર ઝબાનની લગઝિશના કારણે જ થયું છે, ત્યારે જ તેનો એતેબાર કરવામાં આવશે. દા.ત. કોઈની ઝબાન લપસી કુફ્રી શબ્દ નીકળી ગયો પરંતુ તેણે યાદ આવતાંની સાથે સુધારી લીધું તથા ઈસ્લાહ કરી લીધી તેમજ હાજરજનો આ વાતની ગવાહી આપે છે, આપણા તથા પરાયા દરેક આ વાતને સ્વીકારે છે કે ભૂલમાં કુફ્રી શબ્દ નીકળી ગયો અને સુધારી પણ લીધું હતું તો સ્વીકારી લેવામાં આવશે કે ચોક્કસ ઝબાન લપસી જવાના કારણે જ આવી ભૂલ થઈ છે.

અને જો તેણે પોતાની ઈસ્લાહ  તથા સુધારણા ન કરી અને જ્યારે પકડ કરવામાં આવી તો કહેવા લાગ્યો કે સબ્કતે લિસાની (ઝડપી બોલવામાં ઝબાન લપસી જવાના) કારણે આવું થઈ ગયું. ઝબાન લપસી ગઈ તો આવી પરિસ્થિતિમાં આ વાત શંકાસ્પદ થઈ જશે કે શું સાચે જ અહિયાં ઝબાનની લગઝિશ થઈ ગઈ ?!  બની શકે કે તે વ્યક્તિ જૂઠ બોલતો હોય અને એ પણ બની શકે કે સાચુ બોલતો હોય. આવી પરિસ્થિતિમાં કાઝી અથવા મુફતી પાસે કોઈ ચોક્કસ આધાર નથી હોતો જેના દ્વારા નિશ્ચિત રીતે જાણી શકાય કે તેનાથી ઝબાની લગઝિશ થઈ છે. હા ! ખુદાએ અલીમો ખબીર બધુ જ જાણે છે એટલા માટે આવી પરિસ્થિતિનો હુકમ ફુકહાએ કિરામ એ બયાન કરે છે કે વ્યક્તિ હકીકતમાં સાચો છે તો અલ્લાહ તઆલાની નઝદીક તે મુસલમાન છે. પરંતુ આપણને તેની સચ્ચાઈની જાણ નથી અને શરીઅતનું ફર્માન છે કે ફત્વો જાહેર ઉપર લગાડવામાં આવશે એટલા માટે હુકમ આપવામાં આવશે કે ઈસ્લામથી તેનો સંબંધ તૂટી ગયો છે જેથી તે તૌબા કરે તથા ફરીથી નિકાહ કરે. અલ્લામા શામી એ આવા સંજોગોનું વર્ણન આ પ્રમાણે કર્યું છે, ફર્માવે છે કે :

"જાઈઝ તથા સત્ય વાત બોલવા માંગતો હતો અને તેની ઝબાનથી ઈરાદા વિના ગલતીથી કુફ્ર થઈ ગયું તો કાઝી તેની તસ્દીક નહીં કરે ભલે ને તે અલ્લાહની નઝદીક કાફિર ન થયો." *(રદ્દુલ મોહતાર, ૩/૪૮૯, ભા.૩)*

આ લખાણથી સ્પષ્ટ થાય છે કે કુફ્ર બોલનારને જ્યારે કાઝીએ ઈસ્લામની બારગાહમાં લાવવામાં આવ્યો તો તેણે એ જાહેર કર્યું કે ઝબાનની ગલતીના કારણે કુફ્રિયા શબ્દ નીકળી ગયો, તેનો ઈરાદો કુફ્રી વાત બોલવાનો ન હતો. તો કાઝી તેની તસ્દીક (સમર્થન) નહીં કરે (તેની સચ્ચાઈ નહીં સ્વીકારે) કેમ કે કાઝી તેના દિલમાં શું છે તેનાથી વાકેફ નથી અને અહિંયા તેની ઝબાનની ભૂલ હોવાના દાવા ઉપર કોઈ શરઈ પુરાવો પણ નથી. હા, તેની પોતાની સ્પષ્ટતા છે પરંતુ કોઈ મુજરિમની સફાઈ અંગેના બયાન ઉપર ભરોસો કરી ફેંસલો કરવામાં આવે તો પછી કોઈ મુજરિમ મુજરિમ (અપરાધી) જ નહી રહે ! અને દુનિયાથી અમન તથા શાંતિ ઉઠી જશે. ખૂદ આવા જ કુફ્રના મસ્અલામાં શરમે નબી તથા ખૌફે ખુદા ન ધરાવનારા સેંકડો વાર ખુદાએ કરીમ તથા રસૂલે ગિરામી વકાર ﷺ ની બારગાહમાં ગુસ્તાખીભર્યા શબ્દો બોલશે અને પૂછતાછ તથા પકડ કરવા પર ઝબાનની ભૂલ તથા જીભ લપસવાનું બહાનું પેશ કરશે, એટલા માટે સદ્બુધ્ધિનો પણ એ જ તકાઝો છે કે દલીલ તથા પુરાવાઓ વિના આવા દાવાઓ ઈસ્લામી કાઝીઓની અદાલતથી રદ્ કરી આપવામાં આવે. આ જ કારણે ફકીહે બેમિષાલ, મુજદ્દિદે ઈસ્લામ ઈમામ અહમદ રઝા કાદરી رحمۃ اللہ علیہ આ પ્રકારની સ્થિતિ અંગેનો હુકમ આ

શબ્દોમાં બયાન કરે છે અને ફર્માવે છે કે, ''અઈમ્મએ દીને કુફ્ર વિશે ઝબાનની ભૂલનો દાવો સ્વીકાર્યો નથી. નહીં તો દરેક ખબીષ (બુરૂ) બાતિન ધરાવનારને હિંમત આવી જશે અને જાહેરમાં અલ્લાહ તઆલા તથા તેના પ્યારા હબીબ ﷺ ને ગાળો આપશે અને પછી કહી દેશે કે ઝબાન લપસી ગઈ હતી ! ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ શિફા શરીફમાં ફર્માવે છે કે કુફ્ર અંગે કોઈની જીભ લપસવાનું બહાનું સ્વીકાર્ય રહેશે નહીં. આ ઉપરાંત આ વિશે ઈમામ અબૂ મુહમ્મદ બિન અબૂ ઝૈદથી મન્કૂલ છે કે આ પ્રકારની કુફ્રી વાતો (એટલે કે શાને રિસાલતમાં ઉઘાડી ગુસ્તાખીભરી વાતો)માં ઝબાનની ભૂલચૂકના દાવા ઉપર કોઈ બહાનું સ્વીકાર્ય રહેશે નહીં. *(ફતાવા રઝવિયા, ૧૮૪–૬)*

પરંતુ જબાનની ભૂલ તથા ડગમગી જવાના દાવા ઉપર કોઈ દલીલ તથા પુરાવો હોય તો પછી આ લગઝિશે ઝબાનનું ઉઝ્ર (બહાનું) સ્વીકાર્ય રહેશે. જેમ કે મુજદ્દિદે ઈસ્લામ ફર્માવે છે.

''હકીકતમાં જો તેની ઝબાન બેહકી ગઈ તો અલ્લાહના નઝદીક કુફ્ર નહીં ગણાય, પરંતુ મુફ્તી વિના કોઈ દલીલે તથા પુરાવાએ આવા દાવાને કબૂલ નહીં કરે.'' *(ફતાવા રઝવિય્યા, ૬/૧૮૧)*

આ લખાણથી સ્પષ્ટ થાય છે કે ઝબાનની લગઝિશ (Slip of toung) અંગે કોઈ દલીલે શરઈ હોય તો મુફ્તી તેને સ્વીકાર્ય રાખશે, નહીં તો દલીલ વિનાના દાવાને તથા દલીલવાળા દાવાને એક સમાન રાખવું જરૂરી થઈ જશે, જે નિશ્ચિત રીતે શરીઅત તથા અક્લના વિરૂધ્ધ છે.

ઉપરોક્ત તફસીલના આધારે કુફ્રના કારણોના ફિક્હી મસાઈલનો ઉપર છલ્લો અભ્યાસ કરવામાં આવે તો પહેલી નજરમાં તે મસાઈલ દરમિયાન વિરોધાભાસ જોવા મળશે. કેમ કે કુફ્રના મસાઈલ હવે બે પ્રકારના થઈ ગયા છે.

પહેલા પ્રકારના મસાઈલમાં તે સ્પષ્ટતા છે કે ઝબાનની ભૂલ તથા લપસી જવાના કારણે નીકળેલા કુફ્રી શબ્દો સર્વ સંમતિથી કુફ્ર નથી.

અને બીજા પ્રકારના મસાઈલમાં એ સ્પષ્ટતા છે કે કાઝી ઝબાનની ભૂલના દાવાને સ્વીકાર્ય ન રાખી કુફ્રનો હુકમ તથા ફેંસલો આપશે, ભલે ને તે અલ્લાહની નઝદીક કાફિર ન હોય.

પહેલા પ્રકારના મસાઈલમાં જુઝઈય્યાતને ઈન્દલ્લાહ (અલ્લાહની નઝદીક) અથવા તેના સમાનાર્થી શબ્દો વડે બંધનકર્તા નથી કરી શક્તા. અને મુફતી જાહેર (સ્થિતિ) પર હુકમ આપે છે. માટે આનો મતલબ એ થયો કે પહેલા પ્રકારમાં કુફ્રિયા શબ્દો બોલનારો કાઝી અને મુફતીના નજીક કાફિર નથી અને બીજા પ્રકારમાં કાફિર છે ! જેમાં સ્પષ્ટ વિરોધાભાસ છે. પરંતુ હકીકત એ છે કે આ મસ્અલાઓમાં સહેજ પણ વિરોધાભાસ નથી. ફકીહે ઈસ્લામ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ **''મુફતી વિના દલીલ આ દાવો ન સ્વીકારે''** આમ કહી બંને પ્રકારના મસ્અલામાં શાનદાર વર્ગીકરણ ફર્માવી દીધુ છે. કારણ કે આ લખાણ (ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના કથન)થી સ્પષ્ટ થાય છે કે પહેલા પ્રકારનો હુકમ ત્યારે છે જ્યારે ઝબાનની ભૂલચૂક પર દલીલ મૌજૂદ હોય અને બીજા પ્રકારનો હુકમ ત્યારે છે જ્યારે એના પર દલીલ ન હોય. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના કથનોની રોશનીમાં ફિક્હી મસાઈલને સમજવાની કોશિશ કરવામાં આવે તો ઈન્શાઅલ્લાહ ! કલમ ભૂલચૂકથી સુરક્ષિત રહેશે.

અહિયાં એક ઉદાહરણ દ્વારા આ મસ્અલાને વધુ સ્પષ્ટ કરવામાં આવે છે :

''એક ખતીબે (તક્રીર કરનારે) સફા મરવા દરમિયાન હઝરત હાજરા رضی اللہ عنہاની સઈનું વર્ણન કરતાં કહ્યું કે :

''હવે કયામત સુધી જેટલા નબી આવશે, અલ્લાહના રસૂલ ﷺ અંતિમ નબી બની તશરીફ લાવ્યા, હવે અલ્લાહના રસૂલ ﷺ પછી જેટલાય નેક બંદા આ ધરતી પર તશરીફ લાવશે, સૌને, હઝરત રસૂલે મુખ્તાર ﷺ ને પણ, રસૂલે આ'ઝમ ﷺ

ના સહાબાને પણ, અવલિયાએ કિરામને પણ જ્યારે જ્યારે ઉમરો કરવો હશે તો હઝરત હાજરા (رضی اللہ عنہا)ના તરીકા પર અમલ કરવો પડશે.'' એક આલિમ સાહબે આ બયાન પર કુફ્ર અને નવેસરથી ઈમાન લાવવાનો હુકમ આપ્યો છે. શું આમાં કોઈ કુફ્રિયા વાક્ય છે ?

આ સવાલનો જવાબ શું છે, તેને ઉપરોક્ત વર્ણન થયેલ વિગતોમાં શોધો. ખતીબનું વાકય ''હવે ક્યામત સુધી જેટલાય નબી આવશે'' જાહેરમાં કુફ્ર જણાય છે, પરંતુ આવુ બોલનાર કાફિર છે કે નથી, એમાં મતભેદ છે. અમુક ઉલ્મા ફર્માવે છે કે બોલનાર કાફિર છે, તેમની દલીલ બીજા પ્રકારના મસાઈલ છે. પરંતુ અમુક ઉલમાના નઝદીક બોલનાર કાફિર નથી. કારણ કે ઉપરોક્ત કથન ખતીબથી જુબાનની ભૂલચૂકના કારણે નીકળી ગયું છે. આના પર દલીલ એ છે કે ખતીબે આ વાક્ય ઝબાનથી નીકળતાંની સાથે જ તેને સુધારી લીધું અને તુરંત જ એલાન કરી દીધું કે ''અલ્લાહના રસૂલ ﷺ આખરી નબી છે. હવે અલ્લાહના રસૂલ ﷺ પછી જેટલાય બર્ગુઝીદા બંદા આ ધરતી પર તશરીફ લાવશે.'' સવાલ કરનારે ખતીબના આ સુધારાવાચક વાક્યો લખી એ સ્વીકાર કર્યો છે કે ખતીબે તુરંત જ સુધારણા કરી લીધી હતી. અને કુફ્રનો ફત્વો આપનાર આલિમે દીનને પણ ખતીબના સુધારા વાચક વાક્યોથી ઈન્કાર નથી. તો તે આલિમે દીન તરફથી પણ એ વાતનો સ્વીકાર થયો કે ખતીબે તુરંત સુધારણા કરી લીધી હતી. સવાલ કરનારે જણાવ્યું છે કે તક્રીર કરનારનું બયાન સીડીમાં સુરક્ષિત છે જેનું ત્યાં હાજર રહેનારાઓ સમર્થન કરશે. માટે આ વિગતો એ વાતની દલીલ છે કે ખતીબે એ વાક્ય (જે જાહેરમાં કુફ્રિયા જણાય છે) જાણી જોઈને ઈરાદાપૂર્વક નથી ઉચ્ચાર્યું, બલ્કે ઝબાન લપસી જવાના કારણે એના મોઢેથી એ વાકય નીકળી ગયું, માટે એનું આ વાકય પહેલા પ્રકારના મસાઈલમાં આવશે અને હુકમ એ થશે કે ખતીબ સર્વ ઈમામોના નજીક કુફ્રથી સુરક્ષિત અને મુસલમાન છે.

અને આ હુકમ પણ ત્યારે છે જ્યારે આ વાક્યનું કુફ્ર હોવું નિશ્ચિત હોય અને એમાં કોઈ તાવીલની ગુંજાઈશ ન હોય. જ્યારે કે અહિયાં એવું નથી. કારણ કે શક્ય છે કે ખતીબની મુરાદ ''અબ'' (હવેના શબ્દ)થી બયાન કરવાનો સમય ન હોય બલ્કે હઝરત હાજરા رضی اللہ عنہاની સઈ પછીનો જમાનો મુરાદ હોય. અર્થાત હઝરત હાજરા ની સઈ પછી ક્યામત સુધી જેટલા પણ નબી આવશે, યાદ રાખશો કે હુઝૂર ﷺ ક્યામત સુધી અંતિમ નબી છે અને હઝરત હાજરા رضی اللہ عنہاની સઈ પછી સરકાર ﷺ સુધી ઘણા નબી આવ્યા.

તદ્ઉપરાંત એ પણ શક્ય છે કે ''જેટલાય નબી''થી ખતીબની મુરાદ નવા નબીનું આગમન ન હોય બલ્કે અમુક આગલા નબીઓ જેમ કે સૈયદોના ઈસા તથા સૈયદોના ઈલ્યાસ અને સૈયદોના ખિઝર علیہم السلامનું ઉમરા માટે આવવું મુરાદ હોય, અને આ જ ખતીબની મુરાદ છે. કારણ કે આગળના બયાનમાં એની સ્પષ્ટતા છે અને સૈયદોના ઈલ્યાસ علیہ السلامઅને સૈયદોના ખિઝર علیہ السلامતો દર વરસે હજના સમયે ખાનએ કા'બામાં તશરીફ પણ લાવે છે, પરંતુ વર્ણનમાં એક પાસુ કુફ્રનું પણ હતું એટલા માટે ખતીબે તેની સુધારણા કરી લીધી.

સારાંશ કે ખતીબના એ વાકયનું કુફ્ર હોવું નિશ્ચિત નથી તો એ વાક્ય જેવું પણ હોય ઝબાનની ભૂલથી નીકળ્યું છે જેમ કે પુરાવા એની સાબિતી આપે છે. તો આવી સ્થિતિમાં ખતીબને કાફિર ઠરાવવું હરગિઝ જાઈઝ નથી.

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે : ફુકહાએ કિરામે ફર્માવ્યું છે કે જે મુસલમાનથી કોઈ એવો શબ્દ (વાક્ય) નીકળી જાય જેમાં સો પાસાં નીકળી શકે, તેમાં ૯૯ પાસાં કુફ્રના તરફ જતાં હોય અને એક ઈસ્લામ તરફ જતુ હોય, તો જયાં સુધી એ પુરવાર ન થાય કે એણે કોઈ નિશ્ચિત કુફ્રનું પાસુ મુરાદ લીધુ છે ત્યાં સુધી એને કાફિર નહીં કહેવાય, કારણ કે એક પાસુ ઈસ્લામનું પણ છે. શું ખબર તેણે એ જ પાસુ

મુરાદ લીધુ હોય ! અને સાથે જ ફર્માવે છે કે જો વાસ્તવમાં એની મુરાદ કોઈ કુફ્રવાળુ પાસુ છે તો આપણી તાવીલથી એને ફાયદો નહીં થાય, અલ્લાહ તઆલાના નજીક તે કાફિર જ થશે. તેનું ઉદાહરણ એ છે કે ઝૈદ કહે "અમ્રને કતઈ યકીની ગૈબનો ઈલ્મ છે." આ વાક્યમાં આટલા પાસાં છે. વીસ પાસાંઓ બયાન કરી આગળ લખે છે : (૨૧) અમ્રને રસૂલુલ્લાહ ﷺના વાસ્તાથી સાંભળીને જોઈને અથવા ઈલ્હામથી અમુક ગૈબી વાતોનો ઈલ્મે કતઈ અલ્લાહ તઆલાએ અમ્રને આપ્યો અથવા આપે છે. આ પાસુ નિશ્ચિત રીતે ઈસ્લામનું છે. માટે આ વાક્ય બોલનારને મોહક્કિક ફુકહા કાફિર નહીં કહે, ભલે તેના કથનનાં ૨૧ પાસાંઓમાં ૨૦ પાસાં કુફ્રનાં છે, પરંતુ એક પાસુ ઈસ્લામનું પણ છે. સાવચેતી અને સદગુમાનના કારણે તેના કથનને એ જ (ઈસ્લામના) પાસા પર આધારિત કરવામાં આવશે, જ્યાં સુધી એ સાબિત ન થાય કે એણે કોઈ કુફ્રનું પાસુ મુરાદ લીધુ છે. શર્હે ફિક્હે અકબરમાં છે :

"ઉલ્માએ વર્ણન કર્યું છે કે જ્યારે કુફ્રથી સંબંધિત મસ્અલામાં ૯૯ પાસાં કુફ્રનાં હોય અને એક પાસુ તેના નકારનું હોય તો આવી સ્થિતિમાં મુફતી અને કાઝી માટે ઉત્તમ એ છે કે નકારના પાસા પર અમલ કરે (હુકમ આપે)."

તાતાર ખાનિયા બહરૂર્રાઈક, સલ્લુલ હુસામ અને તંબીહુલ વુલાત વિગેરેમાં છે : "કોઈ એવી બાબતમાં બોલનારની તકફીર નહીં કરવામાં આવે જેમાં ઈસ્લામનું પાસુ હોય, એટલા માટે કે કુફ્ર અંતિમ દરજ્જાની સજા છે, તો જુર્મ પણ અંતિમ દરજ્જાનો સાબિત થવો જોઈએ, અને ઈસ્લામનું પાસુ હોવાની સ્થિતિમાં નિશ્ચિતતા સાબિત નહીં થાય. બહરૂર્રાઈક અને તન્વીરૂલ્ અબ્સાર, હદીકએ ન દિય્યા, તંબીહુલ વુલાત, સબ્બુલ હિસામ વિગેરેમાં છે : "અને ફુકહાની નજીક એ કાયદો સાબિત થઈ ચૂકયો છે કે એ મુસલમાનને કુફ્રનો ફત્વો નહીં આપવામાં આવે જેના કથનને કોઈ પાસા પર આધારિત કરી શકાતું હોય.

*(તમ્હીદે ઈમાન, પે.૧૪૩,૧૪૬)*

ફકીહે અબ્કરી ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના આ સત્ય સંશોધનથી ખતીબ વિશે હુકમ ઘણો જ સ્પષ્ટ રીતે જાહેર થઈ જાય છે માટે હક પર ચાલનારાઓએ એને સ્વીકારવો જાઈએ.

લુસાકા, ઝાંબિયાથી એક વ્યક્તિએ એક તકરીરના દર્શાવેલ ભાગ વિશે હુકમ પૂછયો, સમય સંકોચના કારણે તેનો સંક્ષિપ્ત જવાબ આપવામાં આપ્યો. પરંતુ.... *હમારે ભી હૈં મહેરબાં કૈસે કૈસે !*

(મુફતી સાહબ સાથે આ શરઈ હુકમ સ્પષ્ટ કરવા પર કેટલાક લોકોએ અયોગ્ય વર્તન કર્યું હતું જેથી લખે છે :)

કેટલાક હઝરાતે આ આજિઝ પર ઈનાયતોની વર્ષા શરૂ કરી દીધી અને જીભ પર જે કાંઈ શબ્દો આવી શક્યા અર્પણ કર્યા ! અમે તો એને પણ જીભની લગઝિશ પર આધારિત ધારીએ છીએ ! ભલે શક્ય છે કે તેમના દિલમાં છુપાયેલી ભાવનાઓ જાહેર થઈ હોય....

બયાન કરનાર એ બાબત યાદ રાખે કે હુઝૂર સૈયદે આલમ ﷺ અને આપના સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین તથા બાદની ઉમ્મતે મર્હૂમા જે સફા તથા મરવાની સઈ કરશે તે એ કારણે છે કે અલ્લાહ ﷻએ એને શરીઅતે મુહમ્મદિયહ ﷺ નો એક હુકમ ઠરાવી આપ્યો છે, જેથી તેઓ આ શરીઅત પર જ અમલ કરે છે ન કે કોઈ પાછલી શરીઅત પર. પરંતુ એ વાત યોગ્ય સ્થાને છે કે આ સઈ હઝરત હાજરા رضی اللہ عنہاની સઈની યાદગાર છે. વઅઝમાં એ સ્પષ્ટતા થવી જોઈએ. (અને આ તાબીર બદલીને યોગ્ય તાબીર અપનાવવી જોઈએ) અને અમારા મહેરબાનોથી અરજ છે કે :–

*બદમ ગુફતી વખુરસન્દમ નકો ગુફતી હદાકલ્લાહ*

**અર્થ** : "તેં મારા વિશે જે પણ કહ્યું હું તેનાથી રાજી છું, કોઈ તારા જેમ ન કહે અલ્લાહ તેને હિદાયત આપે."

*–(સુન્ની દાવતે ઈસ્લામી ત્રિમાસિક ઓકટો. થી ડિસે. ૨૦૧૦)*

# અંગ્રેજની કૂખેથી જન્મેલ નવો ધર્મ : કાદયાની !

રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી *(ખલીફા તાજુશ્શરીઅહ્, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

૧૯મી સદી ઈસ્વીનો દૌર મુસલમાનો માટે ઘણો જ આજમાઈશનો દૌર હતો. હિંદુસ્તાનમાં મુસ્લિમના નામે ઘણા બાતિલ ફિર્કા વહાબી, દેવબંદી વગેરે અસ્તિત્વમાં પામી ચૂક્યા હતા જેને સંપૂર્ણ પીઠબળ અંગ્રેજો પૂરું પાડી રહ્યા હતા. એ ફિર્કાઓમાં કાદયાની ચળવળ અગ્રસ્થાને છે જેણે ઈસ્લામના આ ઉચ્ચ મહેલમાં બાકોરૂ પાડવાની કોશિશ કરી જેનો પાયો ખત્મે નબુવ્વતના અકીદા પર છે. અંગ્રેજો સાથે કાદયાનિયતના સંબંધ એટલા પ્રમાણમાં મજબૂત છે જેની સાક્ષીઓ કાદયાનથી બ્રિટન સુધી વિખેરાયેલી છે. એવું કહેવું અસ્થાને નથી કે કાદયાનિયત અને બ્રિટિશ સામ્રાજ્યપણુ એક જ સિક્કાની બે બાજુઓ છે. આ લેખમાં અમે કાદયાની ધર્મ પર અંગ્રેજોના એહસાનો તથા કાદયાનીઓની અંગ્રેજો પ્રત્યેની વફાદારીઓ તેમજ બ્રિટિશ સામ્રાજ્યની મજબૂતી માટે તેમની ભરપુર કોશિશો ટૂંકાણમાં દલીલો સાથે વર્ણન કરીશું.

### ★ અંગ્રેજ દોસ્તી અને કુર્આન ★

કુર્આને મુક્દ્દસમાં અલ્લાહ તઆલાએ યહૂદ તથા નસારા (અંગ્રેજ)ના વિશે મુસલમાનોને હુકમ ફર્માવ્યો : "હે ઈમાનવાળાઓ ! યહૂદી તથા નસારા (ઈસાઈ)ને દોસ્ત ન બનાવો, તેઓ આપસમાં એકબીજાના દોસ્ત છે અને તમારામાંથી જે કોઈ એમનાથી દોસ્તી રાખશે તો તે તેઓમાંથી છે." *(સૂ. માઈદા–૫૧, કન્ઝુલ ઈમાન)*

આયતે મુબારકાથી કેટલીયે વાતો જાણવા મળી : (૧) ઈસાઈ તથા યહૂદી સાથે દોસ્તી રાખવી અલ્લાહની નાફર્માની છે. (૨) તેમની સાથે દોસ્તી રાખનાર તેમનામાંથી છે. (૩) તેઓ આપસમાં એક છે. (૪) સારાંશ તેમની દોસ્તી તેમના પોતાનાઓ સાથે જ થાય છે. (૫) ઈમાનવાળો તેમનાથી દૂર તથા નફરત કરનાર હશે. આ મુદ્દાઓની સ્પષ્ટતા આગળ આવશે.

### ★ કાદયાનિયતનું સિંચન અંગ્રેજે કર્યું ★

જામેઅ અઝહર મિસરના આલિમ શયખ મુહમ્મદ અબૂઝહ્રા પોતાની કિતાબ 'અલ્ મઝાહિબુલ્ ઈસ્લામિયહ્'માં કાદયાની મઝહબની પૂર્વભૂમિકા વિશે વર્ણન કરતાં લખે છે :–

*"જયારે અંગ્રેજોએ મોગલોની ઈસ્લામી હુકૂમત ખત્મ કરીને અખંડ ભારતમાં પશ્ચિમી સંસ્કૃતિ તથા કલ્ચરને બળપૂર્વક ચાલુ કરવા ચાહ્યું અને એમાં તેઓ નિષ્ફળ રહ્યા તો તેમને એવા નામ પૂરતા મુસલમાનોની જરૂરત મહસૂસ થઈ જેઓ પશ્ચિમી તથા ઈસાઈ વિચારધારાને મુસલમાનોમાં રિવાજ આપવામાં મદદરૂપ થઈ શકે." (પેજ–૧૩, માહનામા ઝિયાએ હરમ, લાહોર, ડિસે. ૧૯૭૪)*

અંગ્રેજોના ઈરાદાઓની પરિપૂર્ણતાના માટે કાદયાનથી "મિર્ઝા ગુલામ અહમદ કાદયાની ઉઠયો. તેણે પહેલાં પોતાના માટે "મુજદ્દિદ", મસીહના જેમ અને મેહદી મઅહૂદનો દાવો કર્યો. પછી ઈ.સ. ૧૯૦૦માં નબુવ્વતનો દાવો કર્યો. પૂરી દુનિયાના મુસલમાનોએ સર્વ સંમતિએ તેને કાફિર ઠરાવ્યો. હરમૈનના ઉલમાએ તેને માટે કુફ્રનો ફત્વો બહાર પાડયો. *(જુઓ હુસ્સામુલ હરમૈન, અઝ : ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ)*

પરંતુ બ્રિટિશ હુકૂમતની છત્રછાયા હેઠળ આ ફિત્નો એક સદીની અંદર અંદર ઉછરી રહ્યો છે અને પોતાને મુસલમાન કહીને મુસ્લિમ વસ્તીઓમાં પોતાના બાતિલ અકીદાઓની તબ્લીગ કરી રહ્યો છે. અંગ્રેજના ઘરેલૂ ગુલામ અને કાદયાની મઝહબના સ્થાપકની અંગ્રેજ નવાઝી સંબંધે કેટલાંક દષ્ટાંતો રજૂ

કરીએ છીએ :–

**★ અંગ્રેજોનો બે મુદ્દાનો પ્રોગ્રામ ★**

અંગ્રેજોએ ઊંડા મનોમંથન તથા ચિંતન પછી બે મુદ્દા એવા પામ્યા કે જેના સબબે મુસલમાન કામયાબ હતો, પ્રથમ : મહબ્બતે રસૂલ ﷺ, બીજો : જેહાદ.

ડૉ. ઈકબાલે કહ્યું :–

**વો ફાકાકશ કે મૌતસે ડરતા નહીં ઝરા**
**રૂહે મુહમ્મદ ઉસ્કે બદનસે નિકાલ દો**

બારગાહે રસૂલ ﷺથી વિમુખ કરવાના હેતુથી મિર્ઝા કાદયાની કઝ્ઝાબે નબુવ્વતનો દાવો કર્યો. રહી વાત જેહાદથી મુસલમાનોને દૂર કરવાની, તો એના માટે અમે કાદયાની લિટરેચરનો હવાલો રજૂ કરીએ છીએ :–

**★ અંગ્રેજની મહોબ્બતમાં જેહાદનો વિરોધ ! ★**

મિર્ઝા કાદયાની લખે છે :–

*મેં જેહાદની મનાઈ અને અંગ્રેજોના આજ્ઞાપાલનના બારામાં એટલા પ્રમાણમાં કિતાબો લખી છે અને પોસ્ટર પ્રસિદ્ધ કર્યા છે કે જો કિતાબો તથા પુસ્તિકાઓ એકત્ર કરવામાં આવે તો પચાસ કબાટો એનાથી ભરાઈ શકે છે. (તિર્યાકુલ કુલૂબ, પેજ–૧૮, માહનામા ઝિયાએહરમ, ડિસે.–૧૯૭૪)*

આ લખાણથી પ્રભાવિત થઈને ઝફર અલીખાન, "ઝમીનદાર"ના તંત્રીએ કહ્યું હતું :–

*જિન પચાસ અલ્મારિયોં પર થા ગુલામ અહમદ કો નાઝ*
*હશ્ર ઉનકા કાતિબે તકદીર કે દફતરમેં હય*

પોતાની કિતાબ "સિતારાએ કિસ્રા"ના પેજ–૭ પર મિઝા કાદયાની લખે છે :–

*"મારાથી સરકાર અંગ્રેજના હક્કમાં જે ખિદમત થઈ તે એ હતી કે મેં લગભગ પચાસ હજાર કિતાબો અને રિસાલા તથા પોસ્ટરો છપાવીને આ દેશ તથા અન્ય મુસ્લિમ શહેરોમાં એ વિષયનાં પ્રસિદ્ધ કર્યા કે અંગ્રેજ ગવર્નમેન્ટ આપણા મુસલમાનોની મોહસિન (એહસાનકર્તા) છે. (થોડીક લીટીઓ પછી સારાંશ રૂપે લખે છે) લાખો ઈન્સાનોએ જેહાદના તે ગંદા ખયાલોને ત્યજી દીધા જે અણસમજ મુલ્લાઓની તા'લીમથી તેમના દિલમાં હતા. આ એક એવી ખિદમત મારાથી અસ્તિત્વમાં આવી કે મને એ વાત પર ગર્વ છે કે બ્રિટિશ ગવર્નમેન્ટ ઈન્ડિયાના સર્વ મુસલમાનોમાંથી એનું દષ્ટાંત કોઈ મુસલમાનમાં દેખાડી નથી શકતી." (માહનામા ઝિયાએ હરમ, લાહોર ડિસ. ૧૯૭૪, પેજ–૧૮)*

તબ્લીગે રિસાલત, ભાગ–૧૦, પેજ–૧૨૨ ઉપર મીર કાસિમ અલી કાદયાનીએ મિર્ઝા ગુલામ અહમદ કદાયાનીનું આ એલાન નકલ કર્યું છે :–

*"અત્યંત તાકીદપૂર્વક નસીહત કરું છું કે તે (કાદયાની) મારી આ તા'લીમને સારી પેઠે યાદ રાખે જે લગભગ સોળ વરસોથી તકરીરી તથા તહરીરી (લેખિત) તૌર પર એમના દિમાગમાં બેસાડતો આવ્યો છું, એટલે એ કે આ અંગ્રેજ ગવર્નમેન્ટનું સંપૂર્ણપણે આજ્ઞાપાલન કરે, કેમ કે એ આપણી મોહસિન (એહસાનકર્તા) ગવર્નમેન્ટ છે." (પેજ–૬૯૧, કાદયાની મઝહબ)*

**★ અંગ્રેજોએ જાતે ઉછેરેલ રોપો : કાદયાની ★**

કાદયાની મઝહબનો પાયો અંગ્રેજોના નિર્દેશ પર રાખવામાં આવ્યો એનો સ્વીકાર મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીએ પણ કર્યો છે.

"તબ્લીગે રિસાલત" ભાગ–૭ના પેજ નં. ૧૯–૨૦ પર લખે છે :–

*"આ ખૂદ ઉછારેલ રોપા (કાદયાની ધર્મ)ના સંબંધે અતિશય કાળજી તથા સાવધાની અને તેહકીક તથા ધ્યાનપૂર્વક કામ લેવામાં આવે અને પોતાના હેઠળના હાકિમોને નિર્દેશ કરવામાં આવે કે તેઓ પણ આ ખાનદાનની સાબિત થયેલી વફાદારી તથા ઈખ્લાસનો લેહાઝ રાખીને મને તથા મારી જમાઅતને એક ખાસ ઈનાયત તથા મહેરબાનીની નજરથી જુએ. (કાદયાની મઝહબ, પેજ–૭૪૬)*

**★ અંગ્રેજ સલ્તનત રહમત છે ! ★**

મિર્ઝા કાદયાની પોતાના અનુયાયીઓને નસીહતમાં અંગ્રેજ સલ્તનતને "રહમત" કહે છે અને મુસલમાનોથી કેટલાય અંશે બેહતર અંગ્રેજને માને છે. લખે છે :–

*"અંગ્રેજ સલ્તનત તમારા માટે એક રહમત છે, તમારા માટે એક બરકત છે અને ખુદાના તરફથી તમારી તે મીર (રહબર) છે. તો તમે દિલો જાનથી આ મીરની કદર કરો અને તમારા વિરોધીઓ જેઓ મુસલમાન છે તેમના કરતાં હજાર ગણા અંગ્રેજ બેહતર છે." (તબ્લીગે રિસાલત, ભાગ–૧૦, પેજ–૧૨૩, કાદયાની મઝહબ, પેજ–૭૪૮)*

### ★ અંગ્રેજથી અતૂટ સંબંધો ★

પ્રારંભમાં જે આયતે મુબારકા વર્ણન થઈ એમાં છે કે યહૂદી તથા ઈસાઈ (નસારા) આપસમાં એકબીજાના મિત્રો છે, હકીકતમાં કાદયાની અંગ્રેજ વિચારધારામાં એક સમાન જ છે, હા ! એટલુ જરૂર છે કે કાદયાનીએ જાહેરી રીતે મુસ્લિમનું લેબલ લગાડી રાખ્યું છે. હવે કાદયાન તથા બ્રિટનના અતૂટ સંબંધોની ઝલક જુઓ. બ્રિટનથી મળનારી સહાયના વિશે કાદયાની વર્તમાનપત્ર અલ્ફઝ્લ (કાદયાન) ૧૯–ઓકટોબર ઈ.સ. ૧૯૧૫ની કૃતિમાં લખે છે :–

*"સૌથી તાજુ દષ્ટાંત જેણે અહમદી (કાદયાની) જમાઅતને બ્રિટિશ ગવર્નમેન્ટની અધિક નજીક કરી આપી તે માલબારના અહમદીઓની મુસીબતમાં એની મદદ કરવું છે." (કાદયાની મઝહબ, પેજ–૭૫૧)*

કાદયાની પણ અંગ્રેજોની મદદને દરેક વખતે અગ્રેસર રાખતા અને જ્યારે પણ સમય આવતો ત્યારે બ્રિટિશ ગવર્નમેન્ટની મદદ કરતા. વર્તમાન પત્ર "અલ્ફઝ્લ" (કાદયાન) ૪–જુલાઈ ઈ.સ. ૧૯૨૧માં લખે છે :–

*"અમે દરેક મુશ્કેલીના સમયે અને અશાંતિના જમાનામાં બ્રિટિશ ગવર્નમેન્ટની વફાદારી નિભાવી છે." (નફ્સે મુસ્દર, પેજ–૭૧૦)*

### ★ કાદયાનીને અંગ્રેજીમાં ઈલ્હામ ! ★

અંગ્રેજો સાથે મહોબ્બત તથા પ્રેમભાવ એ કાદયાની મઝહબની રગે રગમાં એવો પ્રવેશી ગયો હતો કે તેના જૂઠા ઈલ્હામો જેને તે "વહી" કહે છે તે અંગ્રેજી ભાષામાં નાઝિલ થતા. એના અંગ્રેજી ઈલ્હામોની ઝલક કાદયાનીની કિતાબ "હકીકતુલ્ વહી" તથા "બરાહીને અહમદિયા"માં જોવા મળે છે. અને ઈલ્હામનાં જે બજારૂભાષી વાક્યો છે તે જો નકલ કરવામાં આવે તો હયા તથા શરમવાળા લોકો હજારો લઅનતો કાદયાની કઝ્ઝાબ પર મોકલશે.

એક ઉમદા પોઈન્ટ યાદ આવ્યો, ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ કાદયાની ધર્મની કુફ્રી વાતોથી પડદો ઉઠાવવા માટે હરમૈનના ઉલમાની ખિદમતમાં એક અરજ પેશ કરી, જેમાં કાદયાની ધર્મના સ્થાપકના અકીદા દર્શાવ્યા. તેમાં તેની વહીની હકીકતના બારામાં લખ્યું :–

"વહીનો દાવો કર્યો, અને વલ્લાહ ! એ તેમાં પણ સાચો છે ! એટલા માટે કે અલ્લાહ તઆલા શૈતાનના બારામાં ફર્માવે છે : એક એમનામાંનો બીજા પર વહી કરે છે, બનાવટની વાત અને ધોકાની." *(સૂરએ અન્આમ, પેજ–૧૧૨)*

રહ્યું તેનું પોતાની વહીને અલ્લાહ પાકની તરફ સંબંધિત કરવું અને પોતાની કિતાબ "બરાહીને ગુલામિયા"ને અલ્લાહની કિતાબ બતાવવું, એ પણ શૈતાનની જ વહીથી છે કે લે મારી પાસેથી અને નિસ્બત કર રબ્બુલ આલમીનની તરફ !" *(હુસ્સામુલ હરમૈન, પેજ–૭૬)*

કાદયાની મઝહબની અંગ્રેજ નવાઝી પર સાક્ષીઓ તથા દલીલોનો અંબાર મૌજૂદ છે, હાલ આટલા પર જ અટકીએ છીએ. હા ! ભાવિમાં જરૂરત મેહસૂસ થઈ તો અધિક વાસ્તવિકતાઓ પરથી પડદો ઉઠાવવામાં આવશે. અંતમાં એ જ વિનંતિ છે કે સર્વ મુસલમાન અલ્લાહના કલામના હુકમ "યહૂદી તથા ઈસાઈને દોસ્ત ન બનાવો" પર અમલ કરતા થઈ જાય, અને એના માટે જરૂરી છે કે યહૂદી તથા ઈસાઈના આ દૌરના સૌથી મોટા મોહસિન તથા શુભેચ્છક "કાદયાની ધર્મ"થી સખત દૂર રહે અને તેમના નામથી ધૃણા કરે અને ઈમાનની હિફાઝતને અતિ મહત્વની જાણે.

**મહફૂમ કે "ઈલ્હામ"સે અલ્લાહ બચાએ**
**ગારતગરે અકવામ હૈ વો સૂરતે ચંગેઝ**

*–(પયામે હરમ–જમદાશાહી, ડિસે. ૨૦૧૦)*

# આતંકવાદનો ખાત્મો કરનારા શ્રેષ્ઠ અખ્લાક઼ કોના ?!

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

હેલ્લો મિસ્ટર ! ટિકિટ......?

બર્થ નંબર ૧૭ પર બેઠેલો વિદેશી યાત્રી : લો !

**ટી.ટી.ઈ.** : આપનું નામ જ્યોર્જ વાર્નર છે ?

અપરિચિત યાત્રી : હા જી !

**ટી.ટી.ઈ** : (બર્થ નંબર ૨૦ પર બેઠેલા મુસાફરને) ટિકિટ બતાવો ?

**યાત્રી** : લો ! સાહેબ !

**ટી.ટી.ઈ.** : તમારુ નામ નજમુષ્ષાકિ઼બ છે ?

**યાત્રી** : હા જી !

બર્થ નંબર ૧૭ પર બેઠેલો વિદેશી યાત્રી (નજમુષ્ષાકિ઼બને તુચ્છતાથી જોઈને) : તુ મુહમ્મદન (મોમેડન) છે ?

**નજમુષ્ષાકિ઼બ** : ના ! હું મુસલમાન છું !

**જ્યોર્જ વાર્નર** : શું મુહમ્મદન (મોમેડન) અને મુસલમાનમાં કોઈ ફરક પણ છે ?!

**નજમુષ્ષાકિ઼બ** : હા ! મુહમ્મદન અને મુસલમાનમાં ફરક છે. અમારો ધર્મ ઈસ્લામ છે જે અમને મુહમ્મદ ﷺ દ્વારા મળ્યો છે અને ઘણા ગેર મુસ્લિમો અમને મુહમ્મદન કહી એ સંદેશ આપવા માંગે છે કે અમે મુહમ્મદ ﷺ ની પૂજા કરીએ છીએ, જેમ કે ઈસાઈ ઈસાની પૂજા કરે છે અને પોતાને ઈસાઈ કહે છે. એ જ કારણથી ઘણા યૂરોપી ઈસાઈઓ અમને મુહમ્મદ ﷺ ના ઉમ્મતી નહીં બલ્કે પૂજારી કહે છે !

**જ્યોર્જ વાર્નર** : તમારા દેશનું વાતાવરણ ઘણુ સરસ છે, કદી ઠંડુ કદી ગરમ.

**નજમુષ્ષાકિ઼બ** : દુનિયાના ઘણા બધા દેશો માત્ર ઠંડા છે અને ઘણા બધા માત્ર ગરમ, પરંતુ અમારા પ્યારા માદરે વતન હિંદુસ્તાનની એ વિશિષ્ટતા છે કે અહિંયા ઠંડી, ગરમી અને વરસાદ ત્રણે ઋતુઓ જોવા મળે છે.

**જ્યોર્જ વાર્નર** : એટલા માટે હું અહિયાં સમય વ્યતિત કરવા અને અહિંયાના પ્રસિધ્ધ સ્થળો જોવાનું પસંદ કરું છું. તું ઘણો સેન્સિટીવ છે પરંતુ તું ઈસ્લામનો અનુયાયી છે જે દહેશત ગર્દી (આતંકવાદ)ની તાલીમ આપે છે.

**નજમુષ્ષાકિ઼બ** : શું તમે ઉર્દૂમાં વાતચીત કરી શકો છો ?

**જ્યોર્જ વાર્નર** : હા ! (હામ ઉર્દૂ મેં ગુફ્ટગૂ કર સકતા હૈ) હું ઉર્દૂમાં વાતચીત કરી શકું છું.

**નજમુષ્ષાકિ઼બ** : તો સાંભળો ! શું કોઈ ઈસ્લામી કિતાબમાં આપે વાંચ્યું કે ઈસ્લામ આંતકવાદનો આદેશ આપે છે ?

**જ્યોર્જ વાર્નર** : અમે ટેલીવિઝન, ન્યુઝ પેપર અને યૂરોપિયન લેખકોના પુસ્તકોથી પઢયું અને સાંભળ્યું છે કે ઈસ્લામ આંતકવાદનો ધર્મ છે અને અમે પોતાની આંખો વડે ટેલીવિઝન અને ઈન્ટરનેટ પર એ વિડીયો જોયી છે જેમાં અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને ઈરાકના ટેરરિસ્ટ અલ્લાહુ અકબર અને ઈસ્લામના નારા લગાડી ટેરરને સ્પ્રેડ કરતા (ફેલાવતા) દેખાય છે. (વો લોગ કેહતા હૈ) તેઓ કહે છે કે ઈસ્લામ તેમને આમ કરવાનો આદેશ આપે છે.

**નજમુષ્ષાકિ઼બ** : કોઈ જ્યોર્જ બુશ નામનો ઈસાઈ જો એમ કહીને લોકોને કત્લ કરવા માંડે કે યસુઅ મસીહ અને મૂસા علیہ السلام એ આ જ સંદેશ આપ્યો છે, તો શું તમે માની લેશો....???

**જ્યોર્જ વાર્નર** : (મૈં કૈસે માનેગા !) હું કયાંથી માનીશ....? ઈસા અને મૂસા عليهم السلام એ આ આદેશ નથી આપ્યો ! મેં ચારેવ ઈન્જીલ અને પૂરી બાઈબલનો અભ્યાસ કર્યો છે તેમાં તો આવું ક્યાંય નથી.

**નજમુષ્ષાકિ઼બ** : પરંતુ જેણે બાઈબલનો અભ્યાસ ન કર્યો હોય તે જ્યોર્જ બુશ નામી આતંકવાદી બાબત સાચુ માનીને એમ કહે કે મસીહએ આતંકવાદનો હુકમ આપ્યો છે માટે મસીહ આતંકવાદી છે અને તેમનો ધર્મ ઈસાઈયત આતંકવાદનો ધર્મ છે, તો શું એનું આમ કહેવું ખરૂ છે ?

**જ્યોર્જ વાર્નર** : (હમારે બાઈબલકા સ્ટડી ઔર રીસર્ચ કે બિલા ઉસકો કહને કા હક્ક્ નહી હૈં.) અમારી બાઈબલનો અભ્યાસ કર્યા વિના તેને આમ કહેવાનો અધિકાર નથી.

**નજમુષ્ષાકિ઼બ** : તો આ જ રીતે તમે કુર્આન બીજી ભરોસાપાત્ર ઈસ્લામી કિતાબોમાં દહેશતગર્દી (આતંકવાદ) વિશે નથી પઢયું તો આપનું ઈસ્લામને દહેશતગર્દી (આતંકવાદ)નો ધર્મ કહેવું સાચુ નથી.

ટ્રેન મથુરા સ્ટેશન પહોંચી ગઈ અને ભાતભાતના અવાજો સંભળાવા લાગ્યા : ગરમા ગરમ ચાય....પકોડી લો પકોડી.......... આમલેટ....આમલેટ.... અલ્લાહ કે નામ પે દે દો.... અંકલ ચાર દિન સે ખાના નહીં ખાયા.... કુછ મદદ કર દો... જો દે ઉસ્કા ભી ભલા, જો ના દે ઉસ્કા ભી ભલા.....થોડીવાર આ જ શોરબકોર રહ્યો પછી ટ્રેન ચાલવા લાગી.

**નજમુષ્ષાકિ઼બ** : મિસ્ટર વાર્નર ! તો હું કહી રહ્યો હતો કે ઈસ્લામિક બુક્સનો અભ્યાસ કર્યા વિના આપનું ઈસ્લામને આતંકવાદ કહેવું ઉચિત નથી.

**જ્યોર્જ વાર્નર** : મેં મારા દેશ અને યૂરોપના નિષ્પક્ષ તથા સાચા પ્રોફેસરો અને ઓરિએન્ટાલિસ્ટોથી સાંભળ્યું છે. તેમનાં પુસ્તકો અને લેખોમાં વાંચ્યુ છે કે ઈસ્લામી કિતાબોમાં આંતકવાદનો હુકમ છે. (યૂરોપ અને અમેરિકા સહીત વિશ્વભરમાં સદીઓ સુધી યુરોપિયન પ્રોફેસરો અને ઓરિએન્ટાલિસ્ટની જૂઠી નિષ્પક્ષતાનો પ્રોપેગન્ડો કરવામાં આવ્યો જેથી તેમની વાતોને લોકો આંખો બંધ કરી સ્વીકારી લે. પછી તેમની વેચાઈ ગયેલી ઝુબાન અને કલમથી ઈસ્લામ વિરોધી ચળવળોમાં ભરપૂર કામ લેવામાં આવ્યું. જ્યોર્જ વાર્નર પણ એ જ ખોટા પ્રોપેગન્ડાનો શિકાર થયેલ જણાય છે અથવા તો ભ્રમિત કરવા ઈચ્છે છે. –*લેખક*)

**નજમુષ્ષાકિ઼બ** : (૧) જ્યારે પૈગમ્બરે ઈસ્લામ صلى الله عليه وسلم એ પોતાની નુબુવ્વત અને રિસલાતનું એલાન કર્યું અને મક્કાવાસીઓને ઈસ્લામની તરફ બોલાવ્યા તો તેઓ આપ صلى الله عليه وسلم અને આપના સહાબા رضوان الله تعالى عليهم اجمعين ના જાની દુશ્મન બની ગયા, તેમને દરેક પ્રકારની તકલીફો આપી, સંપૂર્ણ ત્રણ વરસ સુધી સામાજિક બોયકાટ કર્યો. એટલે સુધી કે આપ અને આપના સાથીઓ ઝાડનાં પાદડાં ખાવા પર મજબૂર થઈ ગયા. ઈસ્લામના દુશ્મનો આપના જાંનિષારોને સખત ગરમીમાં ગરમ અને ખદખદતા પથ્થરો પર સૂવડાવી તેમના શરીર પર વજનદાર પથ્થર રાખી દેતા આવા સંજોગો જોઈ આપ صلى الله عليه وسلم અને આપના સહાબા رضوان الله تعالى عليهم اجمعين મદીના હિજરત કરી ગયા. પરંતુ જાલિમો સંતૃષ્ટ ન થયા અને ત્યાં પણ મુસલમાનોને તકલીફો પહોંચાડવાના પ્રયાસ કરતા રહ્યા જેના કારણે જંગે બદ્ર થઈ જેમાં કુફ્ફારે મક્કાનો પરાજય થયો અને ૭૦ કાફિરો કૈદ થયા. તે વખતનો જંગી કાનૂન એ હતો કે જંગના કેદીઓને ક઼ત્લ કરી દેવામાં આવતા અથવા બાળ બચ્ચાં સમેત ગુલામ બનાવી લેવામાં આવતા, અને તેમની ઔરતો બાંદી (દાસી) બનાવી લેવામાં આવતી. પરંતુ રહમતે આલમ صلى الله عليه وسلم એ એમનાં બીબીબચ્ચાંઓ સાથે એ વર્તાવ ન કર્યો અને કૈદીઓને પણ ફિદિયો લઈને મુક્ત કરી દીધા. જ્યારે કે એ જ લોકોએ મક્કામાં મુસલમાનોનું જીવન તંગ કરી દીધું હતું, તેમ છતાં આપ صلى الله عليه وسلم એ તેમને બખ્શી દીધા. અમ્નો સલામતીના પયગમ્બરના આ અજોડ ખુલ્કે અઝીમ (ઉચ્ચ અખ્લાક઼) જોઈ તેમનામાંથી ઘણા બધા

મુસલમાન થઈ ગયા.

(૨) કુરૈશ અને કુફ્ફારે મક્કાના વાયદાભંગ અને ઉશ્કેરણીઓના કારણે હિ.સ.૮માં જ્યારે શહંશાહે કૌનેન ﷺએ મક્કા ફતેહ કરી લીધું તો મક્કાવાસીઓ સમજતા હતા કે આજનો દિવસ તેમની જિંદગીનો અંતિમ દિવસ છે પરંતુ નબીએ રહમત ﷺ એ તેમને બખ્શિશનો જાહેર પરવાનો આપી ફર્માવ્યું, لَا تَثْرِيْبَ عَلَيْكُمُ الْيَوْمَ "આજે તમારા પર કોઈ મલામત (ટીકા ટીપ્પણ) નથી."

મક્કાવાસીઓએ જોયું કે આજથી અગાઉના આઠ વર્ષ પહેલાંનાં સતત ૧૩ વરસ જેમને આપણે તકલીફો આપી. શકય એવા જુલ્મના પહાડ તોડયા, તેમના પર પથ્થરો વરસાવ્યા અને તેમના રસ્તામાં કાંટા બિછાવ્યા. આજે જ્યારે એ વિજયી થયા તો પણ આપણને કાંઈ ન કહ્યું, પોતાના પર થયેલા જુલ્મો સિતમનો બદલો ન લીધો, બલ્કે હસતા મુખે સ્મિતનાં ફૂલો વિખેરતા કહ્યું, આજે તમને કોઈ મલામત (ધિક્કાર) કરવામાં નહીં આવે !"

આ બધુ જોઈ મક્કાવાસીઓ બોલી ઉઠયા :

ખુદાની કસમ ! આપ અને આપના ધર્મથી અધિક અમ્નો સલામતીવાળો અને શાંતિપૂર્ણ કોઈ ઈન્સાન, કોઈ ધર્મ હોઈ જ નથી શકતો. એક માત્ર ઈસ્લામ ધર્મ એ જ અમ્નો શાંતિ અને પ્રેમ દયાનો ધર્મ છે અને સૌ પોકારી ઉઠયા : લા ઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ! (ﷺ)

**જ્યોર્જ વાર્નર** : (આશ્ચર્ય સાથે) તેં જે કંઈ કહ્યું તે સત્ય છે ?

**નજમુષ્ષાક઼િબ** : હા ! આ સર્વ સત્ય છે. કોઈપણ ભરોસાપાત્ર ઈસ્લામી કિતાબોમાં તમે આ ઘટનાઓ જોઈ શકો છો.

**જ્યોર્જ વાર્નર** : અમે યૂરોપ અને અમેરિકામાં વાંચ્યુ સાંભળ્યું છે કે ઈસ્લામના પયગંબર અત્યંત જાલિમ અને આતંકવાદી હતા. (મઆઝલ્લાહ !) તેમણે બાપ બેટા, ભાઈ અને બહેન, માં બેટીઓમાં વિખવાદ ઉભો કરી દીધો હતો. એમના લીધે જ બાપે પોતાના જ બેટાઓને કત્લ કરી દીધા. મુહમ્મદ ﷺ એ પોતાનો ધર્મ તલવારના બળે ફેલાવ્યો અને જેણે એમના ધર્મનો સ્વીકાર ન કર્યો તેને ખત્મ કરી દીધો.

**નજમુષ્ષાક઼િબ** : આ સૌ તમારા પાદરીઓ અને હુકમરાનોનો ચમત્કાર છે કે એમણે દુનિયામાં સૌથી મોટા અમ્નો સલામતી અને પ્રેમભાવનાના સંદેશાવાહક ઈસ્લામ ધર્મ અને તેના પયગંબરને સૌથી મોટા જાલિમ અને ત્રાસવાદી ચિતરીને દુનિયા સમક્ષ રજૂ કર્યા, જ્યારે કે હક઼ીક઼ત એનાથી વિપરિત છે. તમે ભરોસાપાત્ર ઈસ્લામી કિતાબોનો અભ્યાસ કરો તો હક઼ીક઼ત આપોઆપ સ્પષ્ટ થઈ જશે.

**જ્યોર્જ વાર્નર** : હવે તો હું જરૂરથી ઈસ્લામી કિતાબોનો અભ્યાસ કરીશ.

**નજમુષ્ષાક઼િબ** : શું આપ ઈસાઈયતમાં શ્રધ્ધા રાખો છો ?

**જ્યોર્જ વાર્નર** : હા ! હું દર રવિવારે ચર્ચ જઈ ફાધરથી ગુનાહ માફ કરાવું છું.

**નજમુષ્ષાક઼િબ** : ઠીક છે, સાંભળો ! હું તમને તમારી બાઈબલના અમુક એવાં પ્રકરણ દેખાડું છું જેનાથી ખૂદ તમારા ધર્મ સંબંધિત તમારો અભ્યાસ ઊંડો થઈ જશે. તે પછી યૂશએ મેક્કાદહ પર કબ્જો કરી બાદશાહ સમેત શહેરના સર્વ લોકોને કત્લ કરી દીધા, જેવું એણે જેરીકોમાં કર્યું હતું કે ત્યાં પણ એક એકને કત્લ કરી દીધા હતા. (ઈમામ અહમદ રઝા લાયબ્રેરી, જામેઆ અશરફિયા મુબારકપુરમાં મોજૂદ બાઈબલના નુસ્ખાના શબ્દો આ પ્રમાણે છે : **& had not left any remaining** તથા બાઈબલના હિંદુસ્તાની ઉર્દૂ પ્રકાશનના શબ્દોમાં : કિસી જાતકો ન છોડા : કિતાબે યુશઅમાં આ જ શબ્દો લગભગ ૨૫ સ્થળે જોવા મળે છે. *–લેખક*)

**જ્યોર્જ વાર્નર** : **(૧)** (તમારી બાયબલ પ્રમાણે) તમારા મોઅઝ્ઝઝ્ નબીએ બાદશાહ અને ફોજીઓ સહીત શહેરના તમામ બેગુનાહ વૃધ્ધો, બાળકો અને સ્ત્રીઓને કત્લ કરી નાખ્યા ! કદાચ આ

આતંકવાદ નહી બલ્કે શાંતિનો સંદેશ છે ! અને મક્કાના અત્યંત જાલિમ ઈન્સાનોને બખ્શી દેવાનું નામ આતંકવાદ ! **(૨)** બની ઈસ્રાઈલના બાદશાહ સુલેમાને પોતાના પિતા દાઊદની જેમ ઈસ્રાઈલમાં રહેતા બીજી કોમના લોકોની ગણત્રી કરાવી, તેમની કુલ ગણત્રી ૧,૫૩,૦૦૦ હતી એમાંથી ૭૦,૦૦૦ ને ગારો ઉઠાવવા અને મકાનોના બાંધકામમાં તથા ૮૦,૦૦૦ ને પહોડામાંથી પથ્થર તોડવા માટે તથા બાકી ૩,૬૦૦ ને તે સર્વની દેખરેખ પર લગાડી દીધા.

**નજમુષ્ષાક઼િબ** : શું તમારો દેશ બ્રિટન યુનો (સંયુક્ત રાષ્ટ્ર સંઘ)ના માનવ હક્કોના બંધારણને માને છે કે નહી ?!

**જ્યોર્જ વાર્નર** : હા ! માને છે. તમારી પાસે હમણા જે વર્ઝન છે તે ન્યુયોર્ક અમેરિકાથી પ્રકાશિત છે. ઘણા સમય પહેલાં બ્રિટનથી એક એડિશન પ્રકાશિત થયેલુ જેના પ્રારંભમાં અમારી રાણીનો એક પત્ર છે, જેમાં તેણે બાઈબલની ઓથોરોટીનું વર્ણન કર્યું છે. (ઈમામ અહમદ રઝા લાયબ્રેરી, મુબારકપુરમાં આ નુસ્ખો મૌજૂદ છે. *–લેખક*)

**નજમુષ્ષાક઼િબ** : પરંતુ બાઈબલના ઉપરોક્ત ચેપ્ટર્સ અને યુનો (સંયુક્ત રાષ્ટ્ર સંઘ)ના બંધારણમાં વિરોધાભાસ છે. તો હવે તમે શું કહેશો ???

**જ્યોર્જ વાર્નર** : હવે મારે રીસર્ચ કરવું પડશે ! મેં તો કદી આ નજરથી બાઈબલ વાંચી જ નથી !

**નજમુષ્ષાક઼િબ** : મેં તો નમૂના રૂપે તમારા સમક્ષ બે જ પ્રકરણ મૂક્યાં છે, આ પ્રકારનાં બીજાં ચેપ્ટરો જોવાં હોય તો **Genisis** (૧૪/૧૨, ૧૭, ૩૫/૨૨, ૩૬/૩૫, ૪૧/૪૫, ૪૮/૪૨, ૪૯/૮, ૩૪/૨૭) **Joshua** (સફરે યૂશઅ સંપૂર્ણ) **both cronicles** (તવારીખ અવ્વલ વ દૌમ) **Both kings** (બંને બાદશાહો પ્રથમ તથા બીજો) અને **Hebronics 11/32** (ઈબ્રાનિયોં કે નામ પોલીસ કે ખત)નો અભ્યાસ કરશો તમારી આંખો ઉઘડી જશે. *(હવાલો : 'સુન્ની દાવતે ઈસ્લામી' ત્રિમાસિક, ઓકટો. થી ડિસે. ૨૦૧૦)*

## ★ પંજસૂરહ પઢનારા સાવધાન રહે ! ★

એક પંજસૂરહ "મજમૂઆ વઝાઈફે રઝવિય્યહ્" નામથી ફરીદ બુક ડેપો–દિલ્હીથી બહાર પડેલો છે જેમાં પેજ–૧ ઉપર "તર્જુમા અઝ : આ'લા હઝરત મુજદ્દિદે આ'ઝમ અલ્લામા અહમદ રઝાખાં સાહબ બરેલ્વી رحمۃ اللہ علیہ" લખ્યું છે, પણ આ ધોકો છે. કેમ કે તેમાં તર્જુમો ગુમરાહ કરનાર દેવબંદી મોલ્વીઓનો છે. જેમ કે અલ્હમ્દ શરીફના તર્જુમામાં "સીધા રાસ્તા ચલા"ને બદલે "સીધા રાસ્તા દિખા" છે તથા અઝાન પછીની દુઆમાં દેવબંદીઓ જેમ કાપકુપવાળી દુઆ છે. તથા લોકોને છેતરવા ટાઈટલ–૪ પર આ'લા હઝરતના રોઝા મુબારકનો ગુંબદ છાપ્યો છે. તે ઉપરાંત અન્ય "પાકિસ્તાની પંજસૂરહ" નામથી ઔરતોની ડિમાન્ડમાં ધૂમ વેચાતો પંજસૂરહ પણ વિશ્વસનીય નથી. પેજ–૩૫૫ પર દેવબંદી મોલ્વી અશ્રફઅલી થાનવીના નામ પાછળ "રહમતુલ્લાહ અલૈહ" લખેલ છે. માર્કેટમાંથી પંજસૂરહ ખરીદતી વેળા ચકાસણી કરીને લેવા વિનંતિ છે, મોટાભાગે મસ્જિદો–દરગાહો પર આ જ તર્જુમોવાળા પંજસૂરહ જોવા મળે છે. *–તંત્રી : "બરકાતે ખ્વાજા" (માસિક)*

## ★ અલ્લાહ જઝાએ ખૈર આપે ! ★

**નબીપુર** : જનાબ ઈનાયત આદમ ઘાસવાલા તરફથી તેમનાં વાલિદા મર્હૂમા અમીના આદમ ઘાસવાલાના ઈસાલે સવાબ અર્થે "બરકાતે ખ્વાજા" (મંથલી)ને રૂા. ૧૫૦૦/– લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં આ નેકી ક઼બૂલ ફર્માવે અને મર્હૂમાને જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે. *–તંત્રી : "બરકાતે ખ્વાજા" (માસિક)*

**સંખારી** : (તા. જિ. પાટણ) સૈયદ ડોસુમિયાં મુબારકમિયાં સો વરસની ઉંમરે તા. ૨૨–૨–૨૦૧૧ના રોજ ઈંતેકાલ કરી ગયા. તેમના ઈસાલે સવાબ અર્થે રૂા. ૨૦૦/– "બરકાતે ખ્વાજા" (માસિક)ને લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદક઼ામાં મર્હૂમની મગફેરત ફર્માવે. (આમીન) *–તંત્રી*

# ઈમામ અહ્‌મદ રઝા رحمۃ اللہ علیہ
# નો ઈબાદતથી અનોખો લગાવ

હપ્તો : ૨

રજૂકર્તા : **મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી** (સદરુલ મુદર્રિસીન દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

## ★ બીમારીની હાલતમાં નમાઝ ★

નમાઝ મોટીથી મોટી બીમારી તથા અત્યંત કમજોરીની હાલતમાં પણ માફ નથી. અમુક વિશેષ સ્થિતિઓ સિવાય જો હોશો હવાસ બાકી હોય તો દરેક સ્થિતિમાં તેની અદાયગીને ફરજ કરી દેવામાં આવી છે. પરંતુ હા ! તેની અદાયગીના તરીકાઓમાં નરમી તથા સહુલતનો લેહાઝ કરવામાં આવ્યો છે. જેમ કે ઉભા ન રહી શકતા હોય તો લાકડીના સહારે નમાઝ પઢો. બેસવાની શકિત ન હોય તો કોઈ વસ્તુ ઉપર ટેક લગાડીને નમાઝ પઢો. તેની પણ શક્તિ ન ધરાવતા હોય તો આડા પડીને સૂઈને ઈશારાથી તેની બંદગીનો સજદો બજાવી લાવો. ઈર્શાદે રિસાલત ﷺ છે : ઉભા થઈને નમાઝ પઢો, જો એટલી શક્તિ ન હોય તો બેસીને પઢો અને એ પણ ન થઈ શકે તો સૂઈને ઈશારા વડે (નમાઝ) અદા કરો. *(બુખારી તથા સુનને અરબાના હવાલાથી)*

પોતે સરકાર ﷺ નો અમલ પણ આ જ રહ્યો કે પોતાની માંદગી તથા સખત કમજોરીની હાલતમાં બેસીને નમાઝ અદા ફર્માવી છે.

આ'લા હઝરતની જિંદગી રસૂલુલ્લાહ ﷺ ના ઈર્શાદો (આદેશો) તથા અમલોની સંપૂર્ણ અમલી છબી હતી. ઉભા રહેવા શક્તિ છે તો ઉભા રહીને સંપૂર્ણ રીતે મગ્ન થઈને મૌલાથી રાઝો નિયાઝની વાતોમાં વ્યસ્ત છે. શરીરમાં શક્તિ નથી તો લાઠીના સહારે ઉભા રહે છે, તેના જ સહારે રૂકૂઅ તથા સજદા પણ અદા કરી રહ્યા છે, પરંતુ ક્યારે પણ પોતાની રાહત તથા આરામ માટે નમાઝ નથી છોડી.

(૧) હઝરત મૌલાના અબ્દુસ્સલામ સાહબ رحمۃ اللہ علیہ ના નામે લખેલ પોતાના એક પત્રમાં આપ લખે છે. *(૪, રબીઉલ્ અવ્વલ હિ.જ. ૧૩૩૪)*

''અઢી વર્ષથી ભલે કમરદર્દ, સરદર્દ, ગુર્દામાં પિડા વગેરે જેવી બીમારીઓ લાગુ થઈ ગઈ છે, કયામ, કાયદાઓ, રૂકૂઅ તથા સજદાઓ લાકડીના સહારે (થાય) છે પરંતુ અલ્હમ્દુલિલ્લાહ ! કે (તેણે) દીને હક્ક ઉપર અડગતા અતા ફર્માવી છે. ઈબાદતની કસરત દિવસે દિવસે વધી રહી છે અને અલ્લાહની હિફાઝત તથા અસંખ્ય મહેરબાનીઓ સુખ દુ:ખમાં આવે છે. વલ હમ્દુલિલ્લાહિલ રબ્બિલ આલમીન.'' *(ઈકરામે ઈમામે અહમદ રઝા–૧૨૮)*

(૨) આ'લા હઝરતના જબલપૂર રોકાણ દરમિયાન એક દિવસ હઝરત અબ્દુસ્સલામે અર્ઝ કરી :

''જબલપૂર ખૂશનશીબ છે કે અહિંયા હુઝૂર (આ'લા હઝરત)ની તબીયત સારી રહે છે. બરેલી શરીફમાં ક્યારેક ક્યારેક નમાઝમાં રૂકૂઅમાં સજદા લાકડીનો સહારો લેવો પડે છે, અહિંયા નહીં. *(ઈકરામ–૯૮)*

(૩) આ'લા હઝરત પોતાના મરઝૂલ મૌત (મૃત્યુ વખતની બીમારી)નું વર્ણન કરતાં લખે છે :

''આ બીમારીની સાથે જ ઘણી ખાંસી તથા શરદી તેમજ બલ્ગમ (કફ)માં સૂકાપણુ એવું કે દસ દસ ઝટકાઓ બાદ ઘણી તકલીફની સાથે બંધ થાય છે. ખાંસી એટલી સખત કે આટલા ઝટકાઓથી જિગર તથા એક તરફની પાંસળીઓમાં દુ:ખાવો ઉપડતો આ એવી બીમારી હતી કે બાવીસ દિવસમાં બાઝુઓ (ભૂજાઓ)નો ગોશ્ત પહેલાં કરતાં સવા ઈંચ ઓગળી ગયો. જાંગોની શરૂઆતનો ભાગ એટલ રહી ગયો છે જેટલો કે બાવીસ દિવસો પેહલાં ભૂજાઓનો હતો. સખત કબજીયાત તથા ગેસના કારણે ગભરાહત હજી સુધી ચાલી રહી છે. હવે મસ્જિદ સુધી જવાની શકિત નથી રહી, પંદર દિવસથી ઝાડા શરૂ થઈ ગયા છે તેના કારણે એકદમ કમજોરી આવી ગઈ છે. નમાઝ માટેની ચોકી (તખતો) પલંગની સાથે જ લાગી છે. પલંગ પરથી ચોકી ઉપર બેઠા બેઠા જવા માટે ત્રણ ત્રણવાર હિમ્મત કરવી પડે છે. અલ્ હમ્દુ લિલ્લાહ કે અત્યાર સુધી ફર્ઝ, વિત્ર તેમજ ફજરની સુન્નતો લાકડીના સહારે ઉભો થઈને જ પઢું છું પરંતુ જે

તકલીફ થાય છે તે દિલ જ જાણે છે. નબઝ (નસ)ની એ સ્થિતિ છે કે એક મિનિટમાં ચાર ચાર વાર રોકાઈ જાય છે. બે ત્રણ ઘડી સુધી રોકાય રહે છે અને ફરી અલ્લાહના હુકમથી ચાલુ થઈ જાય છે. *(ઈકરામ : ૧૧૪,૧૧૫)*

શરીઅતનો કાનૂન છે કે જ્યાં સુધી બીમાર કોઈ વસ્તુના સહારે કયામ, કાયદો, રુકૂઅ્ તથા સજદાઓ કરી શકતો હોય તો તેનાથી નમાઝ માફ નથી અને ન તો તેને રૂકૂઅ્ તથા સજદાઓ ઈશારાથી અદા કરવાની ઈજાઝત છે. એ જ કારણે આપ (સય્યદુના આ'લા હઝરત) જાન પર તકલીફ તથા કષ્ટ વેઠીને પણ નમાઝને તમામ શરતો તથા નિયમોની સાથે અદા કરતા પરંતુ મહબૂબની આંખોની ઠંડક નમાઝમાં કોઈપણ જાતની કમી તથા ઉણપને માન્ય ન કરતા.

આ છે સુન્નતોની પયરવીનો એવો ઉચ્ચ નમૂનો જેનું ઉદાહરણ આજના યુગમાં જોવા નથી મળતું.

## ★ જમાઅતની પાબંદી ★

અહાદીષે કરીમામાં જમાઅત સાથે નમાઝની અદાયગી પ્રત્યે ઘણુ જોર આપવામાં આવ્યું છે અને અસરકારક અંદાઝથી અલગ અલગ રીતે તેની તાકીદ કરવામાં આવી છે અને તેને છોડવા અંગે સખત સજાઓ સંભળાવવામાં આવી છે. એક હદીષેપાકમાં રહમતે આલમ ﷺ એ જમાઅતમાં ગેર હાજર રહેનારાઓ વિશે ત્યાં સુધી ફર્માવ્યું: (મેં ઈરાદો કરી લીધો કે) જે લોકો જમાઅતમાં હાજર નથી થતા તેમના ઘરો તેમના સમેટ આગથી સળગાવી નાખુ.'' *(મિશ્કાત : ૯૫)*

એક હદીષમાં સરકારે મદીના ﷺ એ ફજર તથા ઈશાની જમાઅતની એહમિયત આ શબ્દોમાં રજૂ કરી કે, જો તમને નમાઝે ફજર તથા ઈશાના મહાન સવાબની જાણ થઈ જાય તો નિશ્ચિત રીતે તમે લોકો આ નમાઝો માટે આવશો, ભલે ગુઠણોથી ચાલીને અથવા પેટ વડે ઘસેડાઈને એટલે કે અથડાતા પછડાતા આવવું પડે. *(અબૂ દાઉદ–૮૪)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે મારો તથા બીજા સહાબાનો (અનુભવની રોશની) આ ફેંસલો છે કે જમાઅતની નમાઝથી માત્ર બે (પ્રકારના) વ્યક્તિઓ પાછળ રહે છે, એક તો મુનાફિક જેનો નિફાક (દિલનો મેલ) લોકોમાં જાહેર ગઈ ગયો હોય અને બીજો બીમાર. બેશક, બીમાર વ્યક્તિ પણ બે આદમીઓની વચ્ચે ટેક લગાડીને (સહારો લઈને) ચાલતો ચાલતો મસ્જિદમાં હાજર થતો હતો. *(મુસ્લિમ, ૧/૨૫૯)*

એટલે કે જે બીમારની હાલત એવી હોતી કે તે બે વ્યક્તિઓ દરમિયાન આવીને તેમના સહારે કોઈ પણ રીતે મસ્જિદ સુધી પહોંચી શકતો તે પણ રસૂલુલ્લાહ ﷺ ના જમાનામાં તથા સહાબાના યુગમાં મસ્જિદમાં આવીને જમાઅતમાં શરીક થતો, અને જે બીમાર અત્યંત કમજોરીના કારણે આ રીતે પણ હાજરીથી લાચાર રહેતો તે જ જમાઅતની પાછળ રહી જતો, અથવા તો કોઈ ખુલ્લો મુનાફિક જ જમાઅતથી પાછળ રહેતો.

હુઝૂર રહમતે આલમ ﷺ પણ મર્ઝે વિસાલ (વિસાલ સમયની બીમારી)માં એક વેળા આ જ રીતે મસ્જિદ શરીફમાં તશ્રીફ લાવ્યા હતા. જેમ કે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا બયાન ફર્માવે છે કે નબીએ કરીમ ﷺ બીમાર થયા તો આપ ﷺ એ પૂછયું, શું લોકો નમાઝ પઢી ચૂકયા છે ? મેં અર્ઝ કરી, નહીં યા રસૂલલ્લાહ ! ﷺ તે લોકો આપ ﷺ નો ઈન્તેઝાર કરી રહ્યા છે. આપ ﷺ એ ફર્માવ્યું, લગન (નહાવાના વાસણ)માં પાણી રાખ. મેં પાણી રાખ્યું તો આપ ﷺ એ ગુસ્લ ફર્માવ્યું અને પછી ઉભા થવા લાગ્યા તો બેહોશ થઈ ગયા. સારું થયું તો ફરી તે સવાલ કર્યો. મેં ફરી એ જ જવાબ આપ્યો. ફરી આપ ﷺ એ ગુસ્લ ફર્માવ્યું, ઉભા થવા લાગ્યા તો ફરી બેહોશી છવાઈ ગઈ. સારું થયા પછી ફરી પહેલાની જેમ સવાલો જવાબ થયા, ફરી ગુસ્લ ફર્માવ્યું, બેહોશી આવી, સારુ થયું. અને આ વખતે પણ આપ ﷺ એ એ જ પૂછયું કે શું લોકોએ નમાઝ અદા કરી લીધી ? મેં અર્ઝ કરી, નહીં ! અય અલ્લાહના રસૂલ ! ﷺ લોકો ઈશાની નમાઝ માટે આપ ﷺ ની રાહ જુએ છે. આ વખતે રસૂલુલ્લાહ ﷺ એ હઝરત અબૂબકર સિદ્દીક رضی اللہ عنہ પાસે ખબર મોકલી કે તે નમાઝે પઢાવી આપે. તો તેમણે નમાઝ પઢાવી. બીમારીના દિવસોમાં તેઓ (હઝરત અબૂબકર સિદ્દીક ) નમાઝો પઢાવતા રહ્યા.

પછી જ્યારે રસૂલે પાક ﷺની તબીઅતમાં થોડોક ફેર પડયો તો આપ ﷺ ઝોહરની નમાઝ માટે બે વ્યક્તિઓ દરમિયાન તેમના સહારે ચાલીને તશરીફ લઈ ગયા. તે બે વ્યક્તિઓમાં એક હઝરત અબ્બાસ તથા બીજા હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم હતા. *(મુસ્લિમ, ૧/૧૭૮)*

ઉર્સ : ૨૫ સફર



# ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની શાને બેનિયાઝી

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ અમીરી અને માલદારીમાં આંખ ખોલી છતાં ગરીબીમાં જિંદગી વિતાવી, એ ગરીબી નહીં જે બીજાઓ સામે હાથ ફેલાવવા મજબૂર કરે, બલ્કે એ તો સબ્ર, સર્વ મખ્લૂકથી બેનિયાઝી, દુનિયાના ત્યાગ અને થોડાને વધુ સમજવાનુ નામ છે. આપ ફર્માવતા, "દુનિયામાં મો'મિનનું ગુઝારા પૂરતુ રિઝ્ક પૂરતુ છે."

## ★ મેરા દીન પારાએ નાં નહીં ! ★

એક વ્યક્તિને આપની સેવાનું સદ્ભાગ્ય મળ્યું હતું તો તેણે નાનાપારાના નવાબની શાનમાં ક઼સીદો લખાવાની દરખાસ્ત કરી. (કે ખૂબ નઝરાણા આપશે !) ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની ઈમાની ગૈરત જોશમાં આવી લખ્યું :–

*કરું મદહે અહલે દોવલ રઝા ! પળે ઈસ બલામેં મેરી બલા !*
*મૈં ગદા હૂં અપને કરીમ કા, મેરા દીન પારએ નાં નહીં !*
*(પારાએ નાં = રોટીનો ટુકડો)*

## ★ મોટુ નઝરાણુ પરત કર્યું ! ★

રામપૂરના નવાબ નૈનિતાલ જઈ રહ્યા હતા, બરેલી સ્ટેશન આવ્યું તો નવાબની સ્પેશ્યલ ટ્રેન થોભી ગઈ. નવાબના વઝીરે આ'ઝમ સૈયદ મહેંદી હસન મિયાં દોઢ હજાર રૂપિયાનું નઝરાણુ લઈ આપની ખિદમતમાં આવ્યા. ઝોહર પછીનો સમય હતો, આપ કૈલૂલા ફર્માવી રહ્યા હતા, જાણ થતાં બહાર આવ્યા. આપે પૂછયું, શું છે ? અર્ઝ કરવામાં આવી, આ દોઢ હજાર (હાલના દોઢ લાખ બરાબર થાય !) નઝરાણુ છે અને પાછા ફરતી વેળા નવાબ આપની મુલાકાત કરવા ઈચ્છે છે.

આપે ફર્માવ્યું, આ દોઢ હજાર શું ? કેટલાય પણ હોય, પાછા લઈ જાવ ! અને નવાબને કહી આપશો કે ફક઼ીરનું મકાન એ લાયક ક્યાં કે એમને બોલાવી શકું ?! અને હું પોતે રાજા મહારાજાઓના આદર સન્માનથી વાકેફ નથી કે પોતે ત્યાં જાઉં !

## ★ નવાબોથી બેનિયાઝી ★

મૌલાના સૈફુલ ઈસ્લામ દહેલ્વી લખે છે, "મેં સૌદાગર મહોલ્લાના કેટલાક બુઝુર્ગોથી સાંભળ્યું છે કે હૈદરાબાદના (નવાબ) નિઝામે ઘણીવાર સંદેશો મોકલ્યો કે હુઝૂર ! કદી અમારે ત્યાં પધારી આભારી કરશો, અથવા મને જ હાજરીનું સદ્અવસર આપશો. આપે જવાબમાં ફર્માવ્યું, મારી પાસે અલ્લાહ તઆલાનો અતા કરેલો સમય માત્ર તેની ઈતાઅત માટે છે, હું તમારી આગતા સ્વાગતા માટે સમય ક્યાંથી લાવું ?!"

## ★ શીઆના તથા તા'ઝિયાદારીના તરફદારને જવાબ ! ★

નવાબ હામિદ અલીખાન વિશે જાણવા મળ્યું કે એમણે ઘણીવાર આ'લા હઝરત (ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ)ને નિમંત્રણ આપ્યું કે હુઝૂર ! રામપૂર પધારો તો અમને ઘણી ખુશી થશે. જો એ શક્ય ન હોય તો મને ઝિયારતનો મોક઼ો આપશો, આપે જવાબમાં ફર્માવ્યું, "તમે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینના વિરોધી શીઆઓના તરફદાર અને તેમની તાઝિયાદારી તથા માતમમાં સહાયકર્તા છો, એટલા માટે હું ન તમને જોવું જાઈઝ સમજું છું ન પોતાની સૂરત દેખાડવાનું પસંદ કરું છું !"

## ★ રૂા. ૬૦ તો શું ૬૦ હજાર હોય તો પણ..........★

આ તો રહી નવાબોની વાત ! પરંતુ ઈમામ

અહમદ રઝા رحمۃ اللہ علیہએ દીનદાર લોકોનાં નઝરાણા પણ ન સ્વીકાર્યાં, અથવા સ્વીકાર્યાં તો તેનાથી અધિક કોઈપણ રીતે પરત કરી દીધાં.

અઝીમાબાદ, પટનાના સફર દરમિયાન કાઝી અબ્દુલ વહીદ ફિરદૌસીના સસરાએ એક સજાવેલ થાળમાં અમુક તોહફા અને નઝરાણુ પેશ કર્યું. આપે કબૂલ કરવાથી ઈન્કાર કર્યો. યજમાને કહ્યું, હુઝૂર ! સાઈઠ રૂપિયા છે ! જવાબ મળ્યો, "સાઈઠ તો શું સાઈઠ હજાર પણ હોય તો પણ ફકીર અલ્લાહના કરમથી (દુનિયાવી દૌલતથી) બેનિયાઝ છે."

**★ નઝરાણુ સ્વીકાર્યું તો પણ...... ★**

હિ.સ. ૧૩૩૭માં આપ જબલપૂર તશરીફ લઈ ગયા અને ૪ માસ ૪ દિવસ લગભગ ત્યાં રહ્યા. યજમાન મૌલાના શાહ અબ્દુસ્સલામ રઝવીએ એક હજાર રૂપિયા નઝરાણુ આપ્યુ. આપે કબૂલ તો કરી લીધુ પરંતુ એનાથી કેટલા ઘણુ અધિક રોકડ અને સોનાના ઝવેરાત યજમાન અને તેમનાં બાળબચ્ચાંઓ માટે આપી દીધા !"

બેસલપૂરના સફરમાં આપને નઝરાણા રજૂ કરવામાં આવ્યાં તો આપે એ સૌ નઅતખ્વાનોમાં વહેંચી દીધાં.

**★ ઔલાદ પણ બાપના માર્ગે ★**

ફળ પોતાના વૃક્ષથી ઓળખવામાં આવે છે. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના મોટા સાહબઝાદા હઝરત હામિદ રઝા ખાન رحمۃ اللہ علیہ હતા. હૈદરાબાદ દક્કનના નિઝામે હૈદરાબાદ પધારવા આમંત્રણ આપ્યું અને કાઝીયુલ કુઝાત, ચિફ જસ્ટિસનું પદ સ્વીકારવા રજૂઆત કરીને ઘણો જ આગ્રહ કર્યો, પરંતુ આપે જવાબ આપ્યો, હું જે ખુદાએ કરીમની ચોખટનો ફકીર છું, મારા માટે એ જ કાફી છે.

હઝરત મૌલાના ઈબ્રાહીમ રઝાખાન (અલ્લામા હામિદ રઝાખાનના સાહબઝાદા અને ઈમામ અહમદ રઝાખાન رحمۃ اللہ علیہના પૌત્ર) પોતાના ખર્ચે પાસ પડોશના ગામડાંઓ તથા દૂર દૂરના શહેરોમાં દીની જલ્સાઓ કરાવતા. આપ મદ્રસાના મંઝરે ઈસ્લામ (બરેલી શરીફ)ના વ્યવસ્થાપક હતા. ઘણીવાર એવું પણ બન્યું કે મદ્રસાના ખર્ચા માટે પોતાના ઘરનો સામાન અને ઘરેણા પણ વેચી દીધાં !

**★ ફત્વા માટે મહેનતાણુ નથી લેતા ! ★**

મૌલાના સૈયદ શાહ હમીદુર્રહમાન રઝવી નવાખાલી, બાંગલાદેશના મશ્હૂર આલિમે દીન તથા ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના શાગિર્દ અને અકીદતમંદ હતા. તેમણે પહેલી ઝિલ હજ્જ હિ.સ. ૧૩૩૯માં અમુક દીની મસાઈલ વિશે પત્ર લખ્યો. તેમાં લખ્યું કે એક રૂપિયો મારા ઉસ્તાદની ખિદમત અર્થે રવાના કરું છું. આપે જવાબમાં લખ્યું, મસ્અલાનો જવાબ હાજર છે. અલ્હમ્દુલિલ્લાહ ! આપનો રૂપિયો ન આવ્યો અને ન આવતો ! એક લાખ રૂપિયા પણ હોતા તો પણ બેઅવનિહી તઆલા પરત કરવામાં આવતા ! બિહમ્દિહિ તઆલા અહીંયાં ન રિશ્વત (લાંચ) લેવામાં આવે છે ન ફત્વા પર ઉઝરત (મહેનતાણુ) લેવામાં આવે છે.

કલકત્તાથી હાજી નાદિર અલી સાહબે ફત્વો પૂછયો જેમાં લખ્યું હતું, ખર્ચ વગેરે માટે તો ગુલામ ખિદમત માટે હાજર છે. આપે જવાબમાં લખ્યું, અહીંયાં ફત્વા પર કોઈ ખર્ચ લેવામાં નથી આવતો, ન તેને પોતાના હક્કમાં જાઈઝ સમજવામાં આવે છે.

ગોજરખાન, રાવલપીંડીથી મુહમ્મદ સાહબે ઘણીવાર પત્ર વ્યવહાર દ્વારા મસાઈલના જવાબ પૂછયા અને દરેકવાર ઉઝરતની વાત કરી, તો એમને જવાબ મળે છે : કાગળની કિંમત વિશે પહેલાં તમને લખી જણાવી દેવામાં આવ્યું કે અહીંયાં અલ્લાહના માટે ફત્વા આપવામાં આવે છે, ફત્વા(ની ઉઝરત લઈ) વેચવામાં નથી આવતા. હવે પછી કદી પણ આ (ઉઝરત અને કિંમત વગેરેની વાત) શબ્દો ન લખશો.

તલ્હર, શાહજહાંપૂરથી મૌલાના અબ્દુલગફ્ફાર ખાને એક મસ્અલો પૂછયો. તેના જવાબમાં ફર્માવ્યું, બિફઝલિહી તઆલા ! આ ફકીર ગની (માલદાર)

છે, ખૈરાતની રકમ નથી લઈ શકતો.

મૌલાના મુહર્રમ અલી ચિશ્તી સાબરી (સદર : અંજુમને નોઅમાનિયા–લાહોર)ને સંબોધીને ફર્માવે છે, પોતાનાથી જેને વધારે જોયો, જો દુનિયાની માલમત્તામાં વધારે છે તો દિલે અંદરથી તેને હકીર સમજ્યો.

**★ મારો બદલો તો પરવરદિગાર પર છે ★**

પટ્યાલાના શૈખ શેર મુહમ્મદ સાહબના જવાબમાં ફર્માવે છે, બિહમ્દિહી તઆલા અહીંયા ફત્વા પર ફી નથી લેવામાં આવતી. બિફઝલિહી તઆલા સમગ્ર હિંદુસ્તાન તથા અન્ય દેશો જેમ કે ચીન, આફ્રિકા, અમેરિકા, અરબ શરીફ તથા ઈરાકથી ઈસ્તિફતા આવે છે અને એક સમયમાં ચાર ચાર સો ફત્વા ભેગા થઈ જાય છે. બિહમ્દિહી તઆલા ! હઝરત જદ્દે અમજદ رحمۃ اللہ علیہના સમયથી લઈ આ હિ.સ. ૧૩૩૭ સુધી અહીંયાથી ફત્વા (શરઈ હુકમ સાદર થવાને) જારી થવાને ૯૧ વરસ અને ખૂદ મુઝ ફકીરના કલમથી ફત્વા નીકળવાને ૫૧ વરસ થશે. એટલે કે આ સફરની ૧૪ તારીખે ૫૦ વરસ ૬ મહિના થયા. આ ૯૧ વરસમાં કેટલા હજાર ફત્વા લખવામાં આવ્યા. ૧૨ દળદાર સંગ્રહ તો માત્ર મુઝ ફકીરના ફત્વાઓના છે. બિહમ્દિલ્લાહ ! અહીંયાં કદી એક પૈસો લેવામાં નથી આવ્યો, ન લેવામાં આવશે. બિઅવનિહી તઆલા વ લહુલ હમ્દ. ખબર નહીં ! કોણ લોકો આવા નીચ પ્રકૃતિના છે જેમણે આ કમાણીનું સાધન બનાવી લીધુ છે જેના કારણે દૂર દૂરના અજાણ મુસલમાનો કેટલીયેવાર પૂછી ચૂક્યા છે કે (ફત્વાની) ફી કેટલી થશે ? ભાઈઓ ! :–

وَمَآ اَسْئَلُكُمْ عَلَيْهِ مِنْ اَجْرٍ اِنْ اَجْرِىَ اِلَّا عَلٰى رَبِّ الْعٰلَمِيْنَ

"હું એના પર કોઈ બદલો નથી માંગતો, મારો બદલો તો સમગ્ર જગતના પરવરદિગાર પર છે." *(પારા : ૧૯, શુઅરા : ૧૨૭)*

**★ જિંદગીની પળેપળ દીન માટે વક્ફ ★**

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની એક એક ક્ષણ દીનની ખિદમતમાં વ્યસ્ત હતી આપ ફર્માવે છે : જે ઈચ્છે અને જેટલા દિવસ ઈચ્છે ફકીરને ત્યાં રહે મહિના બે મહિના, વર્ષ બે વર્ષ અને ફકીરની જે મિનિટ ખાલી જુએ અથવા જ્યારે ફકીરને કોઈ પોતાનું કાર્ય કરતાં જુએ તુરંત પકડ કરે કે તું આટલીવારમાં બીજુ કામ કરી શકત.

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ પોતાના રબ عزوجل અને પોતાના રસૂલ ﷺના ઈશ્કો મહોબ્બતમાં સરશાર થઈ પોતે તો દુનિયાની મહોબ્બતથી આઝાદ રહ્યા પોતાની ઔલાદ, શાગિર્દો, મુરીદો, ખુલ્ફા, અકીદતમંદો તથા ઉલ્માને પણ સખત તાકીદ કરતાં ફર્માવે છે : અહિંયા અલ્હમ્દુલિલ્લાહ ! દીનની ખિદમતને કદી કમાઈનું સાધન બનાવવામાં ન આવ્યું ન હન્ફી ઉલ્માએ શરીઅત અથવા બિરાદરાને તરીકતને કોઈ એની હિદાયત કરવામાં આવી. બલ્કે તાકીદ અને સખત તાકીદ કરવામાં આવે છે કે માંગવુ તો દૂરની વાત, સુન્નત (દીન)ના પ્રચાર–પ્રસારમાં માલી ફાયદાનો વિચાર પણ દિલમાં ન લાવે જેથી એમની ખિદમત કેવળ અલ્લાહના માટે થાય.

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની શાયરી અને કાવ્ય રચનામાં પણ દુનિયાથી બેરગબતીનું વર્ણન મળે છે. આકાએ કરીમ ﷺની બારગાહમાં દુનિયાના ગમ અને ફિકરથી છુટકારા માટે આ રીતે અર્ઝ કરે છે યા રસૂલલ્લાહ ! ﷺ

**કાંટા મેરે જિગર સે ગમે રોઝગાર કા**
**યું ખીંચ લીજીયે કે જિગર કો ખબર ન હો**

*(હવાલા : ફતાવા રઝવિય્યહ, હયાતે આ'લા હઝરત, જહાને ઈમામ રબ્બાની...વગેરે બહવાલા અશ્રફિયા મંથલી, ડિસેમ્બર : ૨૦૧૦)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ ગ્લેઝ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત રૂા. ૨૦૦/– (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ઈસ્લામમાં વાયદા પાલનનું મહત્વ અને આપણે

અનુવાદક : **મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી દયાદરવી (હાલ : લેસ્ટર, યુ.કે.)**

અલ્લાહ તઆલાનો મહાન ઉપકાર આપણા પર એ છે કે તેણે આપણને ઈન્સાન, મુસલમાન તથા ઉમ્મતે ખૈરૂલ અનામમાં પૈદા કર્યા. ઉપરાંત આપણને જીવન ગુજારવા માટેના દરેક કાનૂન અને તાલીમાતને પોતાના આખરી પયગમ્બર હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ થકી શીખવાડી જે તાલીમાત પ્યારા નબી ﷺના મહાન સહાબા, તાબઈન અને બુઝુર્ગો તથા ઉલમા થકી આપણા સુધી પહોંચી. લાંબા સમય સુધી મુસલમાનોની બહુમતિ તે તાલીમાત અનુસાર પોતાની જીવાદોરી ચલાવતી રહી, પરંતુ દીનથી દૂરી અને દૌલતની મોહમાયાના કારણે હાલ આપણે પ્યારા નબી ﷺની તાલીમાત તથા ઈસ્લામના બતાવેલ સિધ્ધાંતોથી તદન વિરૂદ્ધ આપણુ જીવન ગુજારી રહ્યા છીએ. (ઈલ્લા માશાઅલ્લાહ !) દુ:ખની વાત તો એ છે કે આપણે આપણા સાચા મુસલમાન, આશિકે નબી, આશિકે અલી તથા આશિકે ઔલાદે અલી હોવાના મજબૂત દાવેદાર છીએ પરંતુ ખરેખર આપણા રાત દિવસના કાર્યો સંપૂર્ણપણે ઉપરોક્ત અઝીમ હસ્તીઓના જીવનચરિત્ર તથા તેમણે બતાવેલ જીવન શૈલીથી તદન વિપરિત છે.

આપણને પડેલ કુટેવોમાંની એક કુટેવ "વાદા ખિલાફી" (વચનભંગ) એટલે કે વાયદો પૂરો ન કરવાની છે. **આપણામાં ઘણા એવા સફેદ ઠગ જેવા લોકો પણ છે જેઓ વાયદા કરવામાં સામે ચાલીને ડાહયા બને છે પણ પછી વખત આવ્યે પાણીમાં બેસી જાય છે.** "હા ! તમે આ કામ કરી નાખો, હું સહાય કરી દઈશ !" પછી સમય આવ્યે ફરી જાય છે. કોઈ ગરીબને દવાખાનાના કામમાં કે શાદીના કામમાં કે છોકરાના ભણતરમાં કે અન્ય કોઈ કામમાં વાયદો કરીને સમય આવ્યે ફરી જઈને તેની સમાજમાં બેઈજ્જતી કરે છે તથા તેને મુસીબતમાં તથા શર્મિંદગીમાં નાખી દે છે અને તેમને દુ:ખનો એહસાસ પણ નથી થતો. એવા જાલિમોએ કુર્આન હદીષમાં વાદા ખિલાફીની શું બુરાઈ છે તેનો અભ્યાસ કરીને જિંદગીભર જેના જેનાથી વાદા ખિલાફી કરી તેમની માફી માંગવી જોઈએ, નહીં તો બારગાહે રબમાં તેમની સખત પકડ થશે.

**★ વાયદો પૂરો કરવો એ મુસલમાનની ઓળખ છે ★**

આગામી લખાણમાં આપણે વાયદા પાલનના મહત્વ તથા અલ્લાહ તઆલા અને તેના રસૂલની "વાયદા" વિશે શું તાલીમાત છે તે સમજવાની કોશિશ કરીશું. વાયદો પૂરો કરવો એટલે શું ? કોઈની સાથે લેખિત અથવા મૌખિક રીતે વાતચીત કરી તેના પર કાયમ રહેવું અને પોતાની આપેલ ઝબાન મુજબ અમલ કરવો તેને વાયદો પૂરો કરવો કહેવાય. વાયદો કરતા સમયે દિલમાં પણ નિય્યત તેને પૂરો કરવાની હોવી જોઈએ. ઘણી વાર આપણે સમજતા હોય છીએ કે વાયદો કરતા સમયે "ઈન્શાઅલ્લાહ"કહેવાથી તે વાયદો પૂરો કરવો જરૂરી નથી. પણ જ્યારે એકવાર વાયદો કરી લેવામાં આવે તો પછી એક મુસલમાનની શાન એ છે કે ગમે તે સંજોગોમાં તે વાયદાને પૂરો કરે છે. વાયદો પૂરો કરવો એ મુસલમાનની ઓળખ અને તેની પહેચાન છે. જિંદગીના બધા જ મહત્વના ભાગોને "વાયદો" આવરી લે છે. ખરીદ વેચાણ, સામાજિક લેણ દેણ, સામાન્ય જીવન બલ્કે પોતાની ઔલાદના ઉછેરમાં પણ અવાર નવાર "વાયદા" સાથે કામ પડતુ હોય છે. ખાસ કરીને પૈસાની લેણ દેણમાં

ખૂબ જ મહત્વ ધરાવે છે. કર્ઝ લેતી વખતે ઘણા લોકોની નિય્યત પાછા આપવાની હોતી જ નથી! જે ખરેખર અલ્લાહ ﷻ વ રસૂલ ﷺના ફર્માનથી વિરૂદ્ધ અને એક ઈન્સાનને ધોકો આપવા સમાન છે.

### ★ રબ વાદા ખિલાફીને પસંદ નથી કરતો ★

વાયદો પૂરો કરવાથી સમાજમાં અલ્લાહ તઆલા ઈજ્જત આપે છે અને તેવા માણસ લોકો દરમિયાન ભરોસાપાત્ર ગણાતો હોય છે. અને સૌથી મહત્વની વાત તો એ કે તે માણસ અલ્લાહ ﷻ વ રસૂલ ﷺનો પણ મેહબૂબ હોય છે. હવે આપણે જોઈએ કે ખૂદ આપણો પરવરદિગાર અને આખા જગતનો પાલનહાર ''વાયદો પૂરા કરવા'' વિશે શું ફર્માવે છે :

**(૧)** ''અને અલ્લાહથી વધીને વાયદો પૂરો કરનાર કોણ છે ?! જે સોદો તમે અલ્લાહ સાથે કર્યો તેના માટે ખુશખબરી થાય.'' *(પારા : ૧૧, તૌબા)* **(૨)** ''આ અલ્લાહનો વાયદો છે અને અલ્લાહ વાયદા વિરૂધ્ધ નથી કરતો.'' *(પારા : ૨૧, રૂમ)* **(૩)** ''બેશક! અલ્લાહ તઆલા વાયદા ખિલાફી નથી કરતો.'' *(પારા : ૧૩, રઅદ)*

ઉપરોક્ત આયતોના અનુવાદથી સમજી શકાય છે કે ખૂદ આપણો પરવરદિગાર અને પાલનહાર વાયદા ખિલાફી નથી કરતો અને ન તો પરવરદિગારે આલમ તેને પસંદ ફર્માવે છે, તો પછી આપણે તેની મખ્લૂક઼ થઈને, તેના બંદા થઈને અને જાણવા છતાં કે અલ્લાહ તઆલા આપણા દિલોના ભેદને પણ જાણે છે છતાં વાયદો કેમ કરીને તોડી શકીએ !?

### ★ વાયદા ખિલાફીની બુરાઈ હદીષોની રોશનીમાં ★

ઈસ્લામમાં વાયદો પૂરો કરવાનું ઘણુ જ મહત્વ છે, આપણા પ્યારા નબી ﷺ એ એટલા માટે જ તો વાયદો પૂરો કરવાની ખૂબ તાકીદ ફર્માવી, ત્યાં સુધી કે પ્યારા આક઼ા ﷺએ ફર્માવ્યું કે, ''તેનો દીન નથી જેણે વાયદાની પાબંદી ન કરી'' અર્થાત વાદા ખિલાફી કરવી અધર્મીનું કામ છે.

હવે ઉપરોકત હદીષની રોશનીમાં આપણે આપણા રાત દિવસના મામલામાં જોઈએ તો જાણવા મળે છે કે આપણે રોજ કેટલાયે વાયદા તોડતા હોઈએ છીએ. પોતાનાં મા બાપથી કરેલ વાયદા, પોતાના દોસ્તથી કરવામાં આવતા વાયદા, વળી પોતાની ઔલાદથી કરવામાં આવતા વાયદાને પણ આપણે કોઈ મહત્વ ન આપી તોડતા હોઈએ છીએ. અને આપણને તેના પ્રત્યે કોઈ જ અફસોસ અથવા તકલીફ થતી નથી. હવે જુઓ કે આપણા પ્યારા નબી ﷺ શું ફર્માવે છે : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે નબી ﷺ ફર્માવે છે : પોતાના ભાઈ (મુસલમાન) સાથે ઝઘડો ન કરો અને ન તેની મશ્કરી કરો (તેને નીચો પાડવા માટે) અને ન તો તેની સાથે એવો વાયદો કરો જે પૂરો ન કરી શકો. *(તિર્મિઝી)*

### ★ વાદા ખિલાફી કરવી મુનાફિક઼ત છે ! ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જેમાં નીચેની ચાર વાતો (આદતો) હોય તે તદ્દન મુનાફિક઼ છે, અને તેમાંની એક આદત હોય તો તે મુનાફિક઼ની નિશાની ધરાવે છે, ત્યાં સુધી કે તેને છોડી દે. (૧) અમાનતમાં ખયાનત કરે (૨) જૂઠુ બોલે (૩) વાયદો કરી તોડી નાખે (૪) ઝઘડો કરે તો ગાળો બોલે. *(બુખારી શરીફ)* હવે આ હદીષની રોશનીમાં આપણે પોતાને જોઈ શકીએ છીએ કે આપણે કઈ કેટેગરીમાં છીએ ?! મુસલમાનની કે મુનાફિક઼ની ?!

### ★ ખરેખર મજબૂરીમાં વાયદો પૂરો ન થાય તો ? ★

વાયદો કરતી વેળા હજારવાર વિચાર કરવો અને પાળી શકાય તો જ કરવો. જો વાયદો કરતા સમયે સાચા દિલે તેને પૂરો કરવાની નિય્યત હતી અને પછી કોઈ ખરેખર સાચા કારણસર વાયદો પૂરો ન કરી શક્યો તો તેના પર કોઈ ગુનો નથી, પણ પોતાના મુસલમાન ભાઈ પાસે એના માટે માફી માંગી લે.

હઝરત ઝૈદ ઈબ્ને અર્કમ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે કોઈ મુસલમાને પોતાના મુસલમાન ભાઈને વાયદો કર્યો અને તેની નિય્યત વાયદો પૂરો કરવાની હતી અને સમય પર

વાયદો પૂરો ન કરી શકે તો તેના પર કોઈ ગુનો નથી. *(અબૂ દાઊદ)* ઘણીવાર આપણે અલ્લાહ ﷻ તથા રસૂલ ﷺના નામ પર વાયદા કરતા હોઈએ છીએ અને તેની એહમિયત (મહત્વ) નથી સમજતા, માત્ર શબ્દો જ સમજીએ છીએ પણ આપણા પ્યારા નબી ﷺ એના વિશે શું કહે છે તે જરા વાંચો :–

**★ ક્યામતમાં અલ્લાહ ﷻ વચનભંગ કરનારની વિરૂદ્ધ હશે ! ★**

હઝરત અબૂ હુરૈરા رضی اللہ عنہ રિવાયત કરે છે કે પ્યારા નબી ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા ફર્માવે છે કે ક્યામતના દિવસે હું ત્રણ લોકોના વિરૂધ્ધમાં હોઈશ ! પહેલો જે મારા નામ પર વાયદો કરે અને તેને પૂરો ન કરે, બીજો જે આઝાદ (ગુલામ ન હોય તે)ને વેચી ફાયદો ઉઠાવે, ત્રીજો તે જે મજૂર પાસે પૂરું કામ કરાવે અને તેની મજૂરી ન આપે. *(મિશ્કાત)* મૌલાએ કાએનાત મૌલા અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمથી રિવાયત છે કે અલ્લાહ ﷻના રસૂલ ﷺએ ફર્માવ્યું કે વાયદો કર્ઝની જેમ છે અને અલ્લાહ તઆલાએ પોતાની કિતાબમાં પોતાના પયગંમ્બરોની વ્યાખ્યા આ રીતે બયાન ફર્માવી કે તેઓ વાયદાના પાકા (વાયદો હમેશાં પૂરો કરનાર) હતા. *(અહયાઉલ ઉલૂમ)*

હે આશિકે રસૂલ ﷺ હોવાના દાવેદારો ! હુઝૂર ﷺની શફાઅતના ઉમ્મીદવારો ! ક્યામતમાં તમારા કુકર્મો તથા વાદા ખિલાફીઓના કારણે ખૂદ અલ્લાહ ﷻ વ રસૂલ ﷺ જ તમારા વિરુદ્ધ હશે તો ક્યાં મોં છુપાવશો ?! વિચારો ! અને જૂઠા વાયદાઓ કરવાથી તૌબા કરી લો અને ખોટા વાયદા કરીને જેમને જેમને રંજાડયા છે તેમનાથી માફીઓ માંગી લો ! તેમાં જ તમારી ભલાઈ છે.

**★ મુસ્લિમોનું જુલ્મમાં સપડાવવાનું કારણ ★**

હવે એક રિવાયત જેમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થકી મુસલમાનો પર દુશ્મનોના ગાલિબ (સવાર) થવાના ઘણા કારણોમાંના એક કારણનું વર્ણન કરવામાં આવ્યું છે. આજે દુનિયાભરમાં આપણે જોઈ શકીએ છીએ કે ઠેરઠેર મુસલમાનોએ પરેશાની અને દુશ્મનોનો મકાબલો કરવો પડે છે અને તેમના પર જુલ્મ થઈ રહ્યો છે, જેનું મુખ્ય કારણ અલ્લાહ ﷻ અને તેના રસૂલ ﷺની તાલીમાતથી દૂરી છે.

ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે જે કૌમ વાયદો કરી ફરી જાય છે તેમના પર દુશ્મનનો કબ્જો થઈ જાય છે. *(મિશ્કાત)*

જ્યારે કે આપણો હાલ તો એ છે કે સામાન્ય માણસ જ નહીં, પણ આપણા કહેવાતા રહનુમાઓ અને ઠેકેદારો પણ સદંતર આંખો બંધ કરી વાયદા ખિલાફી તથા કૌમને ધોકો આપવાથી શરમાતા નથી.

**★ મુસલમાનના અખ્લાક શું છે ? ★**

રસૂલુલ્લાહ ﷺનું ફર્માન છે કે મુસલમાનના અખ્લાક એ છે કે વાત કરે તો સારી અને સ્વચ્છ વાત કરે, જ્યારે સાંભળે તો સારી રીતે ધ્યાનથી સાંભળે, મુલાકાત કરે તો હસતા મુખે મળે અને વાયદો કરે તો પૂરો કરે. *(દયલમી)* પ્યારા મુસ્તફા ﷺએ ફર્માવ્યું કે જે કૌમમાં વાદા ખિલાફીની આદત ફેલાય જાય છે તેમાં ખૂનરેઝી વધી જાય છે, અને જેમાં બેરોજગારી વધી જાય છે તેમાં મૃત્યુ સંખ્યા વધી જાય છે. *(મુસ્તદરક)*

પ્યારા વાંચકો ! ઉપરોક્ત ફર્માને નબી ﷺની રોશનીમાં ઠંડા દિલે વિચારતાં સમજી શકાય છે કે વાયદા ખિલાફીથી માણસના ઈમાનમાં કમજોરી આવે છે અને વાદા વફાઈથી માણસના ઈમાનમાં તાજગી આવે છે, વળી તેની બરકત માત્ર આ દુનિયામાં જ નહીં પરંતુ આખેરતમાં પણ જરૂર જોવા મળશે. આવો ! આપણે સૌ એવા સમયમાં જ્યારે કે વાદા ખિલાફી અને વાયદો તોડવાની બીમારી સામાન્ય થઈ ગઈ છે ત્યારે આપણે સાચા દિલથી વાયદો કરીએ છીએ કે ઈન્શાઅલ્લાહ ! હવે આ બીમારીથી પોતાને અને બીજા દીની ભાઈઓને બચાવવાની સંપૂર્ણ કોશિશ કરીશું.

મૌલા તઆલા પોતાના હબીબ ﷺના સદકામાં આપણને સૌને પોતાની અને પોતાના રસૂલ ﷺની રઝાવાળી જિંદગી અતા ફર્માવે. (આમીન)

# હુઝૂર તાજુશ્શરીઅહના નામથી કરવામાં આવતી એક ધોકાબાજીનો પર્દાફાશ !

રજૂકર્તા : **મૌલાના મુફ્તી મુહમ્મદ કૌષર અલી રઝવી** (ખાદિમે તાજુશ્શરીઅહ વ ખાદિમે મર્કઝી દારુલ ઈફતા, ૮૨–સૌદાગ્રાન, બરેલી શરીફ)

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْم એક પેમ્ફલેટ "તાજુશ્શરીઅહ હઝરત અલ્લામા અઝહરી કી અપને મુરીદોં કો ઝરૂરી હિદાયત" કમ્પોઝ થયેલ એક સાહબ થકી મળ્યું. જોતાં જ યક઼ીન થઈ ગયું કે આ લખાણ મુર્શિદી વ ઉસ્તાઝી ક઼ાઝીયુલ કુઝાત ફીલ્ હિંદ, તાજુશ્શરીઅહ હઝરત અલ્લામા અલ્હાજ શાહ મુફતી મુહમ્મદ અખ્તર રઝાખાં ક઼ાદરી અઝહરી مدظلہ العالی નું નથી હોઈ શકતું, કેમ કે એમાં કેટલાય તરીક઼ાથી બનાવટ (ધોકાબાજી) કરવામાં આવી છે. એક તો મર્કઝી દારુલ ઈફતા, ૮૨–સૌદાગ્રાન બરેલી શરીફના લેટર પેડને સ્કેન કરીને વાપરવામાં આવ્યો છે. બીજુ કે હઝરતની સાઈનની જગાએ હઝરતના નામની મોહર મારવામાં આવી છે જે ધોકાબાજીની ધૃણાસ્પદ રીત છે. હક઼ીક઼ત એ છે કે જ્યારે પણ કોઈ ફૈંસલો અથવા ફત્વો જે હુઝૂર તરફથી જાહેર થાય છે, તો ક્યાં તો એના પર હઝરતનુ સમર્થન હોય છે, અને આંખોની કમજોરી છતાં હુઝૂર જાતે પોતે એના પર સહી કરે છે. હવે રહી પેમ્ફલેટમાં લખેલ બાબતો, તો તે પણ હઝરતની નથી ! અલ્બત્ત ટી.વી. તથા વીડીયોની બાબતે આજે પણ હઝરતનો તે જ મૌક઼ફ છે જે હઝરતની લખેલી કિતાબ "ટી.વી ઔર વીડીયો કા ઓપરેશન"માં દર્શાવેલ છે એટલે નાજાઈઝ તથા હરામ છે. અને દા'વતે ઈસ્લામી તથા સુન્ની દા'વતે ઈસ્લામીના સંબંધે જે વાતો લખેલી છે તે પણ હઝરતની નથી ! હા, તે બંનેવ દઅવતોની કાર્યશૈલીથી★ હઝરત નાખુશ તથા નાપસંદગીનું વલણ જરૂર ધરાવે છે. અને પેમ્ફલેટમાં પ્રસિદ્ધ થયેલ આ વાક્યો કે, "જે મારા આ હુકમોનું પાલન કરશે તે જ મારો મુરીદ છે, અને જે મોઢુ ફેરવશે તે મારી મુરીદીથી ખારિજ (આઉટ) છે" એને **હઝરત તરફ સંબંધિત કરીને હઝરતના મુરીદોને બહેકાવવાની કોશિશ કરવામાં આવી છે,** તો આ શબ્દો પણ હઝરતના નથી ! લોકોને ધોકો આપવા માટે આવા શબ્દો વાપરવામાં આવ્યા છે. અને જે તારીખ પેમ્ફલેટ બહાર પાડવાની દર્શાવી છે એ તારીખોમાં એટલે કે ૧૩–શાબાનુલ મુકર્રમ હિ.સ. ૧૪૩૧ના રોજ હુઝૂર તાજુશ્શરીઅહ્ હરમૈન શરીફૈનની ઝિયારતથી મુર્શરફ થવા ઉમરાના ઈરાદાથી હિંદુસ્તાનની બહાર હતા. ત્યાંથી આ પ્રકારનું કોઈ લખાણ **E-mail** કે ફર્માન થકી હઝરત તરફથી બહાર નથી પડયું.

અને નજીકના ભૂતકાળમાં એક કિતાબ "ઈબ્લીસ કા રક઼્સ" નામથી પ્રસિદ્ધ થઈ હતી જેના ટાઈટલ પેજ પર હઝરતનું નામ છાપેલ છે, તે પણ હુઝૂર તાજુશ્શરીઅહ્ની કિતાબ નથી ! **જૂઠનો સહારો લઈને હઝરતના નામથી અહીં પણ લોકોને ઉલઝનમાં નાખવામાં આવ્યા છે.** જ્યારે કે જૂઠા લોકોની બાબતે કુર્આન મજીદમાં સ્પષ્ટ ઈર્શાદ છે : لعنة الله على الكاذبين "જૂઠાઓ પર અલ્લાહની લઅ્નત !"

મૌલા તઆલા આવા બનાવટખોર તથા કઝ્ઝાબ (જૂઠાઓ) તથા ધોકાબાજોથી તમામ અહલે સુન્નત વ જમાઅતને મેહફૂઝ તથા સુરક્ષિત રાખે અને ઈસ્લામ તથા સુન્નિયત પર હમેશાં ક઼ાયમ રાખે, અને તેઓને (જૂઠાઓને) હિદાયત નસીબ કરે અને મુર્શિદી હુઝૂર તાજુશ્શરીઅહ્ના કરમનો સાયો આપણા સૌ એહલે સુન્નત વ જમાઅત પર દરાઝ ફર્માવે અને હઝરતને અલ્લાહ તઆલા ઉમ્રે ખિઝર અતા ફર્માવે. (આમીન)

**શુભેચ્છક તથા તાલિબે દુઆ : (મુફ્તી) મુહમ્મદ કૌષર અલી રઝવી**

*(હુઝૂર તાજુશ્શરીઅહના ખાદિમોમાંથી એક, તથા ખાદિમે મર્કઝી દારુલ ઈફતા, ૮૨–સૌદાગ્રાન, બરેલી શરીફ)*
*૮–શવ્વાલુલ મુકર્રમ, હિ.સ. ૧૪૩૧ (હવાલો : સુન્ની દુન્યા મંથલી, ડિસે. ૨૦૧૧, બરેલી શરીફ, અમજદિયા ત્રિમાસિક, ઘોસી–જાન્યુ થી માર્ચ ૨૦૧૧)*

---

*★ હુઝૂર તાજુશ્શરીઅહની શરીઅત પર અડગતા, ચુસ્તતા અને તક઼્વાનો આલમ એ છે કે ફક્ત આ બે તેહરીકોની અમુક કાર્યપદ્ધતિ જ નહીં, બલ્કે અન્ય ઘણા જલસા તથા પ્રોગ્રામો તથા કાર્યકરોનાં આધુનિક પદ્ધતિનાં છૂટછાટવાળાં કામો હઝરતની પસંદગી બહાર છે, એ યાદ રાખશો. જેથી આ વાક્ય ફક્ત આ બે દઅવતો પૂરતુ જ સીમિત સમજવું નહીં. –તંત્રી*

રજૂકર્તા : **હાફિઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ-દયાદરા**



# શરાબની ખરાબી ઈસ્લામની નજરમાં

શરાબને અરબીમાં ''ખમ્ર'' કહે છે. ખમ્રનો અર્થ ઢાંકવું છુપાવવુ થાય છે એટલા માટે દુપટ્ટાને ''ખમ્ર'' કહે છે કારણ કે એ માથાને ઢાંકે છે. અને શરાબને ''ખમ્ર'' એટલા માટે કહે છે કે એ પીવાવાળાની બુદ્ધિ પર પર્દો કરી દે છે. એક હદીષમાં છે કે ''ખમ્ર'' એ છે જે બુદ્ધિ પર પર્દો કરે દે છે. (મિશ્કાત) શરાબનુ હરામ હોવુ કુર્આન અને હદીષથી ષાબિત છે. હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, દરેક પીવાવાળી વસ્તુ જેનાથી નશો થાય તે હરામ છે. (મિશ્કાત). અને એક રિવાયતમાં છે, દરેક નશો કરવાવાળી વસ્તુ ખમ્ર (શરાબ) છે અને દરેક નશાવાળી વસ્તુ હરામ છે. *(મિશ્કાત)*

નીચે કુર્આન અને હદીષની રોશનીમાં શરાબનો હુકમ અને તેનુ નુકસાન બયાન કરવામાં આવે છે જેથી એહલે ઈમાન પઢે અને સબક હાંસલ કરે.

## ★ શરાબ કુર્આનની રોશનીમાં ★

રબ ફર્માવે છે : ''તમને શરાબ અને જૂગારનો હુકમ પૂછે છે, તમે ફર્માવી દો કે બંનેમાં મોટો ગુનો છે અને લોકોને કાંઈક દુનિયવી ફાયદો પણ. પરંતુ આ બંનેનો ગુનો એના નફાથી મોટો છે.'' *(સૂ. બક્રહ-૨૧૯)* શરાબના નુકસાનનો હુકમ નાઝિલ થતા પહેલાં પણ કેટલાક બુદ્ધિજીવી લોકો એનાથી બચતા હતા, જેમ કે હઝરત સિદ્દીકે અકબર, હઝરત ઉષ્માન ગની, હઝરત જઅફર તૈયારના વિશે રિવાયત થયેલ છે. એક વખત હઝરત ફારૂકે આ'ઝમ તથા હઝરત મઆઝ બિન જબલે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમને શરાબ વિશે હુકમ આપો, કેમ કે એ બુદ્ધિનો વિનાશ અને માલને બર્બાદ કરવાવાળી છે. તો આ આયતે કરીમાં નાઝિલ થઈ જેમાં શરાબ અને જૂગારના ફક્ત ગુનાહ અને નુકસાન હોવાનો ઉલ્લેખ છે, એનાથી બચવાનો હુકમ ન આપવામાં આવ્યો. એનાથી કેટલાક લોકો એવું વિચારીને કે જ્યારે શરાબ ગુનોહ છે તો ત્યજી દીધુ. એના પર કેટલાક લોકો જે એના આદી હતા તે તેનો ઉપયોગ કરતા રહ્યા ત્યાં સુધી કે એવી હાલતમાં નમાઝ પણ પઢી લેતા. કેમ કે શરાબ પીને નમાઝ પઢવા ન પઢવાનો કોઈ હુકમ હજુ સુધી નાઝિલ થયો ન હતો. એક વખત કેટલાક લોકોએ શરાબ પીને નમાઝ પઢી. અને ઈમામે ''સૂરએ કાફિરૂન''ની તિલાવત કરી અને ''લા''ને છોડી દીધુ કે જેનાથી મતલબ એકદમ બદલાઈ ગયો. તો એ સંબંધે હુકમ નાઝિલ થયો, ''હે ઈમાનવાળાઓ ! નશાની હાલતમાં નમાઝની પાસે ન જાવ, જ્યાં સુધી એટલો હોશ ન હોય કે જે કહો એને સમજો.'' *(સૂ. નિસાઅ)*

આ આયતના નાઝિલ થયા પછી સામાન્યતઃ નમાઝની હાલતમાં શરાબ પીવાનુ છોડી દીધુ. પછી એક દિવસ મેહફિલમાં જ્યારે શરાબનો દોર ચાલ્યો અને હાજરજનોને નશો ચઢયો તો પોત પોતાના કબીલાની તારીફમાં બકવાસ કરવા લાગ્યા. કોઈકે અન્સારની ટીકામાં શેઅર કહ્યો. એમાં એક અન્સારીએ ઊંટનુ જડબુ એના માથા પર મારીને માથુ ફોડી નાખ્યુ. બારગાહે રસૂલ ﷺમાં એની શિકાયત થઈ. તો હઝરત ઉમર رضی اللہ عنہને ઈચ્છા થઈ કે અલ્લાહ શરાબના વિશે કડક હુકમ નાઝિલ ફર્માવે. તો આ આયત નાઝિલ થઈ, ''હે ઈમાનવાળાઓ ! શરાબ અને જૂગાર અને મૂર્તિ અને હારજીતના પાસા ફેકવું નાપાક છે, શૈતાનનું કામ. તો એનાથી બચતા રહો તો તમે ભલાઈ મેળવો. શેતાન એવું ચાહે છે કે તમારામાં બુરાઈ અને દુશ્મની નાખી દે શરાબ અને જૂગારમાં અને અલ્લાહની યાદ અને નમાઝથી રોકે. તો તમે તેનાથી દૂર થાવ. *(સૂ. માઈદા, આ. ૯૦, ૯૧)* આ સાંભળી હઝરત ઉમર رضی اللہ عنہએ અર્ઝ કરી, ''આપણે દૂર થઈએ ! આપણે દૂર થઈએ !''

## ★ શરાબ હદીષની રોશનીમાં ★

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماએ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે શરાબ પી લેશે તેની ચાલીસ દિવસો સુધી નમાઝ કૃબૂલ થશે નહીં. પરંતુ જો તેણે તૌબા કરી લીધી તો અલ્લાહ તઆલા તેની તૌબા કૃબૂલ ફર્માવશે. પછી જો ફરી તેણે શરાબ પી લીધી તો ફરી ચાલીસ દિવસ સુધી તેની નમાઝો કૃબૂલ થશે નહીં, પરંતુ જો તેણે તૌબા કરી લીધી તો તૌબા કૃબૂલ ફર્માવશે. પછી જો તેણે ત્રીજીવાર શરાબ પી લીધી તો ફરી ચાલીસ દિવસ સુધી તેની નમાઝો કૃબૂલ થશે નહીં. પરંતુ જો તેણે તૌબા કરી લીધી તો અલ્લાહ તઆલા તેને કૃબૂલ ફર્માવશે. ફરી જો ચોથીવાર તેણે શરાબ પી લીધી તો ફરી ચાલીસ દિવસ સુધી તેની નમાઝો કૃબૂલ થશે નહીં. પરંતુ જો ત્યારબાદ તેણે તૌબા કરી તો તેની તૌબા કૃબૂલ થશે થશે નહીં અને કયામતના દિવસે તેને જહન્નમમાં દોઝખીઓના પાક (પરૂ)ની નહેરોમાંથી પીવડાવશે. *(મિશ્કાત : ૩૧૭)*

# બરકાતે ખ્વાજાની ટપાલ..... કાર્યાલય

## ★ બરકાતે ખ્વાજા વિશે......★

મુહિબ્બે અહલે સુન્નત, નાશિરે મસ્લકે આ'લા હઝરત જનાબ પટેલ શબ્બીર અલી રઝવી સાહબ અને તમામી અંજુમને રઝાએ મુસ્તફાને સલામો રહમત, બાદ માલૂમ હો, આપકા ઈદારિયા લેખન અસ્રે હાઝિર કે લિયે રાહે સિરાત હૈ અગર વોહ અપને આમાલ સે જન્નત બનાના ચાહે તો જન્નત હૈ ઔર જહન્નમ બનાના ચાહે તો જહન્નમ. દોરે હાઝિર મેં ઉરયાનિયત (નગ્નતા) આમ હો ગઈ હૈ. ખુદાએ કદીર શૈતાન કે મક્રો ફરેબ સે બચાયે ઔર પ્યારે આકા વ મૌલા મદની તાજદાર કે ગુલામોં મેં ઉઠાયે. (આમીન) ઔર દેવબંદીયોં કી દોરંગી પોલીસી, મુનાફિકાના ચાલ સે તમામ સુન્ની અવામ કો બચાયે. તરાહ તરાહ કે ફસાદ લે કે મુસ્લિમ કો ઉલજાયે હુએ હૈ. આપ કા માહનામા ''બરકાતે ખ્વાજા'' રાહે રાસ્ત બતાતા હૈ. ફક્ત વસ્સલામ, સગે ગૌષો રઝાઓ નૂરી *–અબ્દુસત્તાર રઝવી નૂરી*

★ ★ ★

ખાદિમે અહલે સુન્નત મોહતરમ જનાબ શબ્બીર અલી રઝવી સાહબ, ''ઈન્ની ઉહીબ્બુક ફિલ્લાહ.'' ૩/૨૦૧૧ના ''બરકાતે ખ્વાજા'' (માસિક)ના અંકના દરેક લેખો ખૂબ ખૂબ ઈમાન અફરોઝ છે. તમને, તમારી પૂરી ટીમને જઝાએ ખૈર અર્પણ થાય. નાચીઝની દિલી ખ્વાહિશ છે. ''સૂદ'' (વ્યાજ) ઉપર ''અહલે ઈલ્મ'' પાસે લેખો મંગાવી છાપશો. હરીફાઈના લેખ ''કરજ લેનાર આપનાર અને ઈસ્લામી શરીઅત''ના ત્રણે વિજેતાઓને મારા તરફથી દિલી મુબારક બાદ પાઠવશો. આપની ઉમર, ઈલ્મ અને અમલ માટે દુઆઓ માટે શબ્દો ઓછા પડે છે.

*–ડૉ. મુહમ્મદ નઝીર અહમદ દેવલા (હિંમતનગર)*

★ ★ ★

અસ્સલામુ અલૈકુમ મોહતરમ જનાબ તંત્રી શબ્બીર ભાઈ પટેલ, અલ્હમ્દુલિલ્લાહ ! ''બરકાતે ખ્વાજા'' (માસિક)ની શું તારીફ કરું જેમાં તમે પોતાના જી જાનથી મહેનત કરી અવામ સુધી પહોંચાડો છો. આ અંકમાં જે જે ટોપિકો હોય છે તે લાજવાબ હોય છે અને ભાષાની ઉચ્ચ શૈલીના તેમાં દીદાર થાય છે. મને સૌથી તેમજ બધાને વધારે સારી લાગતી વાત એ છે કે તમે હવાલા આપો છો તે જોઈને તો અમે લોકો વાહ....વાહ.... પુકારી ઉઠીએ છીએ. કોઈપણ લખાણ પર શંકાને કોઈ સ્થાન રહેતુ જ નથી. મેં ઘણા સુન્ની અંકો વાંચ્યા છે પણ હવાલા આપવાની આ શૈલી ફક્ત ''બરકાતે ખ્વાજા'' (માસિક)માં વધુમાં વધુ જોવા મળે છે અને ''નબી વલી માટે માનો તો શિર્ક'' એ ચેપ્ટર તો વલ્લાહ.....! દુશ્મનોનાં મુંહ બંધ કરી દે છે. અલ્લાહ ﷻથી દુઆ છે કે તે આપ જેવા બધા સુન્નીઓની ઉમ્રમાં, અક્કલમાં, ઈલ્મમાં બરકાત આપે અને દુનિયા અને આખેરતમાં આપની મહેનત, મુશક્કત, તકલીફો બદલ અજરે સલીમ અતા ફર્માવે. આમીન બહક્કે તા...હા...વ યાસીન....(ﷺ) *–લિ. મુહમ્મદ ઈબ્ને અહમદ કાલોલથી*

## ★ શાદી મુબારક ★

**હાલોલ** : નિષાર અહમદ અ.રહમાનજી ખત્રીના નેક ફરઝંદ ફારૂકની શાદી અનીસાબાનુ ઉષ્માનગની ખત્રીની સાથે થયેલ છે. તા. ૨૦–૨૧ ફેબ્રુઆરીના રોજ થયેલ છે જેમાં પીરે તરીકત હઝરત સૈયદ મુહમ્મદ યૂસુફબાવા નૂરાની પેટલાદવાળાએ નિકાહ પઢાવ્યા હતા. તેઓને ખૂબ ખૂબ મુબારકબાદી અમો તેમજ નૂરાની ઉર્સ કમિટી આપે છે. *–તંત્રી*

**દહેગામ** : તા. જંબુસર ખાતે મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી દહેગામી તથા હાફેઝ સિદ્દીકના નિકાહના મૌકા પર હઝરત અલ્લામા મૌલાના સૈયદ અમીનઅલી કાદરી સાહબે (નિગરાં સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ) નિકાહ પર શાનદાર બયાન કર્યું હતું અને ત્યાર બાદ સલાતો સલામ અને ન્યાઝ શરબતની વહેંચણી કરવામાં આવી હતી. દુલ્હા દુલ્હનને મુબારકબાદ ! *–તંત્રી : ''બરકાતે ખ્વાજા'' (માસિક)*

**ઝંઘાર** : (તા. જિ. ભરૂચ) મોહતરમા હજીયાણી મેહરૂનબેન યૂસુફ માસ્તરના નેક ફરઝંદ સિકંદર અલી (S/o. મર્હૂમ યૂસુફ માસ્તર)ની શાદી ઈખર નિવાસી

આદમભાઈ અહમદ માટલીની નેક દુખ્તર મેહઝબીન સાથે તા. ૨૬–૨–૨૦૧૧ના રોજ રાખવામાં આવી. મુબારકબાદ ! –*તંત્રી : ''બરકાતે ખ્વાજા'' (માસિક)*

**થામ** : હાજી નૂર મુહમ્મદ વાડીવાળા તરફથી ''બરકાતે ખ્વાજા'' (માસિક)ને રૂા. ૧૦૦/– મુહમ્મદ ફારૂક્ નિષાર અહમદ ખત્રી (હાલોલ)ની શાદીના ખુશીના મોક્ા પર મળ્યા છે તથા મર્હૂમ વાલિદ હાજી અલી વાડીવાળા (થામ)ના સવાબ અર્થે પણ રૂા. ૧૦૦/– મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ મર્હૂમની મગફેરત ફર્માવે. (આમીન) –*તંત્રી*

## ★ મેહફિલે નઅત ★

**પારખેત** : (જિ. ભરૂચ) મુક્ામે તા. ૧૧–૩–૨૦૧૧ના રોજ જનાબ મુબારક ઈબ્રાહીમ (શબ્બીર) સંચાવાળાની શાદીના મોક્ા પર રાત્રે ઈશા બાદ નઅતો મન્ક્બતની નૂરાની મેહફિલ સજી હતી જેમાં મશ્હૂર નઅતખ્વાં આલે રસૂલ જનાબ સૈયદ અહમદરઝા સાહબે (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી) અનોખા અંદાઝમાં નઅતો મન્ક્બતના તરાનાં પેશ કર્યા હતાં. તેની ખુશીમાં રૂા. ૨૫૧/– મળ્યા છે. જઝાકલ્લાહ ! દુલ્હામિયાં તથા કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! –*તંત્રી*

**પીસાદ** : (તા. વાગરા) પેશ ઈમામ મૌલાના મુહમ્મદ અન્વર મુનસિફના નેક ફરઝંદ મુહમ્મદહામિદની શાદી આણંદ નિવાસી મુહમ્મદઅલી શેખની નેક દુખ્તર યાસ્મીન ખાતૂન સાથે તા. ૧૩–૩–૨૦૧૧ રવિવારે થઈ મુબારકબાદ ! –*તંત્રી :*

**અમદાવાદ** : (સરખેજ, ૨૪–તવક્કલ સોસાયટી) અલ્હાજ શેખ 'શમ્સ' એક્સ આસિ. લેબર કમિશનર સાહબની નેક દુખ્તર હજીયાણી તસ્નીમની શાદી મુબીનખાન (S/o. મેહમૂદખાન ગુલમુહમ્મદ પઠાન) સાથે તા. ૫–૨–૨૦૧૧ શનિવારે રાખવામાં આવી જેમાં ઘણા ગવર્નમેન્ટ ઓફિસરો, જજો વગેરેએ હાજરી આપી. મુબારકબાદ ! –*તંત્રી : ''બરકાતે ખ્વાજા'' (માસિક)*

**પીસાદ** : (તા. વાગરા) હાજી ઉમરજી હાજી યાકૂબ (દરબાર)ની નેક દુખ્તર યાસ્મીનની શાદી થામ નિવાસી ઈબ્રાહીમ વલી બંગલાવાલાના નેક ફરઝંદ સાદિક્ સાથે તા. ૧૩–૨–૨૦૧૧ રવિવારે રાખવામાં આવી. મુબારકબાદ ! –*તંત્રી : ''બરકાતે ખ્વાજા'' (માસિક)*

**સલાદરા** : (તા. વાગરા) હાજી યૂનુસ ઈસ્માઈલ પટેલની નેક દુખ્તર શમીમબાનુની શાદી ઓચ્છણ નિવાસી યાકૂબ મૂસા ઉમરજીના નેક ફરઝંદ શબ્બીર સાથે તા. ૧૩–૨–૨૦૧૧ના રવિવારે રાખવામાં આવી. મુબારકબાદ ! –*તંત્રી : ''બરકાતે ખ્વાજા'' (માસિક)*

**સીગામ** : જંબુસરથી ખાદિમે રઝા અલ્લારખા ફુટવાલા લખી જણાવે છે કે તા. ૨૧/૨/૨૦૧૧ સોમવાર બાદ નમાઝે ઈશા સિગામ તા. જંબુસર, જિ. ભરૂચ ખાતે ''મદ્રસાએ ફૈઝે નૂરાની''ની સંગે બુનિયાદ હઝરત અલ્લામા મૌલાના સૈયદ અમીન અલી ક્ાદરી નિગરાં સુન્ની દા'વતે ઈસ્લામી (માલેગાંવ), મૌલાના સાદિક્ સાબરી દહેગામી, મુજાહિદે ઈસ્લામ હઝરત હાજી શબ્બીર અલી રઝવી સાહબ તથા અન્ય ઉલમાએ કિરામના હાથોથી નાખવામાં આવી. આખિરમાં હઝરત આલે રસૂલની દુઆ થઈ હતી. સખીદાતાઓ ''બરકાતે ખ્વાજા'' (માસિક) તંત્રીનો સંર્પક કરે.

## ★ જશ્ને મીલાદુન્નબી વ દસ્તારબંદી ★

**ચાંચવેલ** : દારુલ ઉલૂમ બુખારીયા ફયઝુર્રસૂલમાંથી ૧૦–હાફિઝ તથા ૭–ક્ારી ફારિગ થતાં તા. ૧૦–૨–૨૦૧૧ જુમેરાતે ઈશાબાદ જશ્ને ઈદે મીલાદુન્નબી ﷺ તથા જશ્ને દસ્તારબંદીનો અઝીમુશ્શાન જલસો હઝરત સૈયદ નૂરાનીબાવા (ખલીફા શૈખુલ ઈસ્લામ) દયાદરવીની સદારતમાં રાખવામાં આવ્યો જેમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના હાફિઝ ક્ારી મુહમ્મદ શાકિર નૂરી રઝવી સાહબે શાને રિસાલતમાં તથા ઈલ્મની ફઝીલત પર ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. મક્ામી તેમજ બહારથી સાદાતે કિરામ, ઉલમાએ એઝામ તથા મુબલ્લિગોના કાફલા તશરીફ લાવ્યા હતા. મૌલાના મુહમ્મદ સરફરાઝ મિસ્બાહી કુરચનવીએ અનોખા અંદાઝમાં નિઝામત સંભાળી હતી.

**પચેગામ** : (તા. તારાપુર, જિ. આણંદ)થી મૌલાના મઝહરુલ હક્ક્ લખી જણાવે છે કે તા. ૧૩–૨–૨૦૧૧ રવિવારે પ્રથમવાર જશ્ને મીલાદુન્નબી ﷺ મનાવાયો જેમાં ગામના આગેવાનો, યુવાનો હાજર રહ્યા અને

તલબાનો ઈનામી મુકાબલો દીની સવાલ જવાબ વગેરેનો થયો જેમાં નં. ૧ નૌશાદ અન્વર, નં. ૨ સુહાના તથા અફસાના, નં. ૩ અયાન તથા અકબરને, નં. ૪ ફરજાના તથા સાજિદાને ઈનામો અપાયાં. ઐયૂબભાઈ કેસરભાઈ સિંધી, કાલુભાઈ સિંધી, ઈદરીસભાઈ વગેરે ગ્રામ્યજનોએ હાજરી આપી હતી.

**જંબુસર** : થી ખાદિમે રઝા અલ્લારખા ફુટવાલા લખી જણાવે છે કે મુા. **નોબાર** તા. જંબુસર વાંટામાં તા. ૧૬–૨–૨૦૧૧ બુધવારે બાદ નમાઝે ઈશા જશ્ને ઈદે મીલાદુન્નબી ﷺના મૌકા પર હઝરત અલ્લામા મૌલાના સાદિક સાબરી દહેગામીએ શાનદાર બયાન કર્યું હતું. તથા મુા. **ડાભા** તા. જંબુસર ખાતે જશ્ને ઈદે મીલાદુન્નબી ﷺના મૌકા પર હઝરત અલ્લામા મૌલાના ઝહીર મિસ્બાહી દહેગામીએ શાનદાર બયાન કર્યું હતુ. જલ્સો ઘણો જ કામયાબ રહ્યો હતો. અલ્લાહ તઆલા ઉલ્માએ કિરામના ઈલ્મમાં, ઉમ્રમાં ખૈરો બરકત અતા કરે એ જ દિલી દુઆ છે.

**કરજણ** : થી હાફેઝ મેહબૂબ ઝંઘારવી જણાવે છે કે જલારામ નગર ખાતે મસ્જિદ પાસે મેહફિલે સમાએ નઅતનો શાનદાર પ્રોગ્રામ થયો જેમાં જનાબ ખાલિદ રઝા (મુંબઈ) મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામીએ નઅતો મન્કબતના તોહફો પેશ કરી હાજરજનોના દિલોમાં ઈમાનની તાજગી ભરી દીધી હતી.

**દહેગામ** : (તા. જંબુસર) જનાબ મૌલાના હાફિઝ મલેક ઈમ્તિયાઝ હસન અશરફીની શાદી તા. ૧૨–૨–૨૦૧૧ના રોજ રોશનબાનુ (D/o. મલેક મેહબૂબ શેઠ દહેગામી) સાથે રાખવામાં આવી. મુબારકબાદ ! *–તંત્રી : "બરકાતે ખ્વાજા" (માસિક)*

**ભોજ** : (તા. પાદરા) મુકામે તા. ૨૧–૨–૨૦૧૧ના રોજ વડોદરાવાળા હાજી અ.અઝીઝ ધનાની બરકાતીની કોશિશોથી "જશ્ને ઈમામ અહમદ રઝા" رحمۃ اللہ علیہ મનાવાયો જેમાં ખતીબે ઝીશાન, હઝરત મુફતી હાફિઝ અશરફ બરકાતી પોરબંદરવાળા (હાલ : રતનપુર) સાહબે શાને આ'લા હઝરતમાં શાનદાર બયાન કર્યું હતું.

**દયાદરા** : મુકામે મુખ્તારુલ મસાજિદ ઉર્ફ નૂરાની મસ્જિદમાં તા. ૭–૩–૨૦૧૧ અસરની નમાઝ બાદ એક શાનદાર પ્રોગ્રામ થયો જેમાં જનાબ સૈયદ ઈરફાની મિયાં તથા ખલીલ અત્તર રામપૂરીએ નઅતેપાકના ગુલદસ્તા પેશ કર્યા તથા ખુસૂસી મહેમાન ખતીબે આઝમ હઝરત મૌલાના શાહિદ રઝા (લંડન) સાહબે મુખ્તસર પણ જામેઅ બયાન સુન્ની એકતા સંબંધે કર્યું હતું. મગરિબની નમાઝ હઝરત કિબ્લા અલ્લામા સૈયદ હસન અસ્કરી મિયાં અશરફી સાહબે પઢાવી હતી.

### ★ ઈન્તેકાલ પુરમલાલ ★

**દયાદરા** : મુકામે જનાબ હાફેઝ યાકૂબ ભટાનાં અહલિયા હજીયાણી જુબેદાબેનનો તા. ૨૦–૨–૧૧ ના રોજ હાર્ટ ફેઈલ થતાં અચાનક દુઃખદ ઈન્તેકાલ થતાં દયાદરા પંથકમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. મર્હૂમા નેક નમાઝી, બુઝુર્ગોનાં ચાહક હતાં, ગૌષપાકની ફાતેહા દર મહિને કરાવતાં હતાં.

**દયાદરા** : ખાતે ઈમ્તિયાઝ મૂસા ઈસ્માઈલ ચીનાનાં વાલિદા બીબીબેનનો ઈન્તેકાલ તા. ૨૦–૨–૧૧ ના રોજ લગભગ ૭૫ વરસની વયે થયો હતો. મર્હૂમા નેક નમાઝી ઈબાદત ગુઝાર હતાં.

**દયાદરા** : ખાતે તા. ૧૦–૩–૧૧ના રોજ જુમેરાતે હઝરત સૈયદ ફરીદમિયાં બડાસાહબ સાબરી તિર્મિઝીનાં પુત્રી સૈયદા અસ્માબાનુનો અચાનક ઈન્તેકાલ થતાં દયાદરા ગામવાસીઓ તથા ચાહકોએ દુઃખદ આંચકો અનુભવ્યો હતો. મર્હૂમાની દફનવિધિ બીજા દિવસે ૧૧ વાગ્યે સૈયદ બડા સાહબની દરગાહ પાસે કરવામાં આવી. સલાતો સલામ સાથે મર્હૂમાનો જનાઝો આસ્તાના સુધી પહોંચ્યો હતો અને બહોળી સંખ્યામાં ગ્રામ્યજનો, અકીદતમંદો, ચાહકોએ નમાઝે જનાઝા અદા કરી બાદમાં દફનવિધિ થઈ હતી.

**કેનેડા** : ટોરોન્ટો ખાતે દયાદરાવાસી મુહમ્મદ ઈસ્માઈલ અભરામનો ઈન્તેકાલ ૧૦–૩–૨૦૧૧ જુમેરાતે રાતે લગભગ ૮૦ વર્ષની વયે થયો છે.

સર્વ મર્હૂમો માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન ખ્વાની કરાવી ઈસાલે સવાબ કરવામાં આવ્યો હતો. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં ઉપરોક્ત સર્વ મર્હૂમોની મગફિરત ફર્માવે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : "બરકાતે ખ્વાજા" (માસિક)*

## ★ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદમાં એક અઝીમુશ્શાન ઈનામી ઈજ્લાસ ★

૪–રબીઉલ આખર હિ.સ. ૧૪૩ર, ૧૦–૩–ર૦૧૧ જુમેરાતે ''દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા'' આમોદમાં અસ્રની નમાઝ બાદ નબીરાએ આ'લા હઝરત, નવાસા હુઝૂર મુફતીએ આઝમે હિંદ હઝરત મૌલાના મન્નાન રઝા મન્નાની મિયાં સાહબની સદારતમાં મસ્જિદે રઝામાં જલસો યોજાયો. જેમાં તિલાવત હાફિઝ કારી મુહમ્મદ હુસૈન દયાદરવી ચોકવાલા)એ કરી અને નઅતે પાકના ગુલદસ્તા મુહમ્મદ આદિલ હલદરવી, અબ્દુર્રઉફ–પાલેજ, મુહમ્મદ અલાઉદ્દીન વગેરે તલબાએ પઢી. પછી નાશિરે સુન્નિયત અલ્હાજ શબ્બીર પટેલ રઝવી બાની વ મોહતમિમ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદે તલબાને તેહરીરનું મહત્વ તથા તેના ફાયદા પર આધારિત ફાયદામય વાતો દર્શાવી અને ખાસ ગુજરાતીમાં લેખો લખવા પ્રોત્સાહિત કર્યા. ત્યારબાદ બરકાતે ખ્વાજા (મંથલી)માં લેખ લખનારાઓને હઝરતના મુબારક હસ્તે કિતાબો તથા રોકડાની ભેટ આપી અને માર્ચ–ર૦૧૧ના બરકાતે ખ્વાજા અંકમાં 'કરજ વિશે' લેખમાં નંબર લાવનારાઓને પણ અલગ ઈનામો અપાયાં. અંતમાં હઝરત મન્નાની મિયાંની પુરસોઝ અને રૂહપરવર દુઆઓ પર સલાતો સલામ સાથે જલ્સો ખત્મ થયો.

*–(રજૂ. મુફતી મુહમ્મદ મુઝમ્મિલ બરકાતી–આમોદ)*

## ★ એક અનુસરણીય કામગીરી ! ★

**રાજકોટ** : મુકામે જનાબ હાજી અલારખાભાઈ ચાવડાએ એક લાયબ્રેરી શરૂ કરી છે જેમાં સ્વખર્ચે દૂર દૂર ગુજરાતની દીની સાહિત્ય પ્રદર્શિત કરતી સંસ્થાઓમાં સાધન લઈને જાય છે અને ફ્રી પ્રકાશનો મેળવી લઈ જઈને ત્યાં લોકોને મફત વાંચવા આપે છે પછી પાછાં લે છે. સ્કૂલો, કોલેજો તથા અન્ય લાયબ્રેરીઓમાં પણ વાંચવા આપે છે. આ જેહાલતના યુગમાં ઈલ્મનો પ્રકાશ વેરવાનુ કામ ખૂબ જ મહત્વનુ તથા અતિ સવાબનું કામ છે. અમારા ત્યાં દયાદરા ''બરકાતે ખ્વાજા'' (માસિક) કાર્યાલયમાં પણ કેટલીયવાર આપ કિતાબો લેવા આવી ચૂક્યા છે. જેથી સુન્ની સંસ્થાઓ તેમને લાયબ્રેરી માટે ફ્રી કિતાબો આપે જેથી ઈલ્મે દીનનો ફેલાવો થાય અને ગુમરાહિયત દૂર થાય. ૬૫ વરસના નિવૃત્ત માધ્યમિક શિક્ષકની આ કામગીરી ખરેખર અનુસરણીય તથા દાદને પાત્ર છે. *–તંત્રી : ''બરકાતે ખ્વાજા'' (માસિક)*

**સંપર્ક સરનામુ** : હાજી અલારખાભાઈ ઉમરભાઈ ચાવડા, ચાંદ રોશની, અંકુર સોસાયટી, શેરી નં. ૯, ભવાની ચોકથી આગળ, કોઠારીયા રોડ, મુ. રાજકોટ–૩૬૦ ૦૦ર, મો. ૯૮૭૯૫ ૯૯રર૩

## ★ સેહલાવમાં જશ્ને સંગે બુન્યાદ ★

**સેહલાવ** : જિ. બાડમેર–રાજસ્થાનની પહાડી તથા રેતાળ ભૂમિમાં જંગલમાં મંગલની જેમ ''દારુલ ઉલૂમ અન્વારે મુસ્તફા''માં દીની દુનિયવી તા'લીમની વ્યવસ્થા છે જ્યાં ઘાસફૂસથી બનાવેલ મસ્જિદ હતી તો એક સખીદાતા જેને અલ્લાહ બંને જહાનમાં આબાદ રાખે તેણે ''મસ્જિદે અન્વારે મુસ્તફા'' પાકી બનાવવાની જિમ્મેદારી લેતાં મુફતીએ રાજસ્થાન હઝરત કિબ્લા મુફતી અશ્ફાકહુસૈન સાહબના મુબારક હસ્તે સંગે બુન્યાદ તા. ૧ર–ર–ર૦૧૧ના રોજ રાખવામાં આવી, જેમાં ત્યાંની સુન્ની અવામે ભરપુર હાજરી આપી જશ્નને કામયાબ કર્યો હતો. શેરે રાજસ્થાન મૌલાના શેર મુહમ્મદ સાહબ (દારુલ ઉલૂમ ઈસ્હાકિયા–જોધપુર)ના બયાન અને હઝરત મુફતીએ રાજસ્થાનની દુઆ સાથે જલ્સો ખત્મ થતાં સાદાતે કિરામ, ઉલમાએ એઝામના હાથોએ મસ્જિદની સંગે બુન્યાદ થઈ તથા વિશાળ લાયબ્રેરી (દારુલ હદીષ)ના મકાન માટે પણ સારો ચંદો જમા થયો હતો. સાધલીથી અકબરભાઈ સિંધી વગેરે સાથે તંત્રી ''બરકાતે ખ્વાજા'' (માસિક) પટેલ શબ્બીર અલી રઝવી તેમજ હાફેઝ અબ્દુર્રહીમ સાહબે (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી) હાજરી આપી નઅત શરીફ પેશ કરી હતી. દરગાહ પીર હાજી અલી શાહ બુખારી رحمۃ اللہ علیہની નજીક આ પ્રોગ્રામ થયો હતો જેમાં દારુલ ઉલૂમ અન્વારે મુસ્તફા–સેહલાવના બાની પીરે તરીકત હઝરત સૈયદ કબીર અહમદશાહ બુખારી તેમજ હઝરત સૈયદ નૂરુલ્લાહશાહ સાહબની મહેનત દાદ માંગી લે તેવી જોવા મળી. સખી દાતાઓ તથા લાખોની ન્યાઝો પોતાના માલદાર ગામોમાં કરનારાઓ આ તરફ કાંઈક ધ્યાન કરે તેવી અપીલ છે. *–તંત્રી : ''બરકાતે ખ્વાજા'' (માસિક)*

## ★ જંત્રાણમાં જશ્ને મીલાદુન્નબી ﷺ ★

**જંત્રાણ** : અંજુમને નવજવાનાને હુસૈની કમિટી તરફથી તા. ૪–૩–૨૦૧૧ જુમ્આના રોજ ઈશા બાદ હઝરત સૈયદ મુખ્તિયારહુસૈન (ચાચા બાવા) નાપાડ, હઝરત સૈયદ ગુલામ રસૂલબાવા–ચાંચવેલ, હઝરત સૈયદ મજલેઅલી બાવા–નાપાડ તથા અન્ય સાદાત તથા ઉલમાની સદારત વ સરપરસ્તીમાં યોજાયો જેમાં નિઝામત મૌલાના સાદિક઼ સાબરી દહેગામીએ નિભાવી, મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી દહેગામીએ પણ શાનદાર બયાન કર્યું હતું અને ખાસ બયાન મુનાઝિરે અહલે સુન્નત હઝરત અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાણી સાહબે (પોરબંદર) પોતાના અનોખા અંદાઝમાં કરી સુન્નીઓને ઈમાની તાજગી બખ્શી હતી.

## ★ "ઈદે મીલાદુન્નબી ﷺ" અને "દાવલશા પીર" વલીનો ઉર્સ મુબારક ! ★

**ભારેલ** : તા. પેટલાદ, જિ. આણંદ (ગુજરાત)થી મૌલાના અહમદ ક઼ાસમ રઝવી અને ભારેલ મસ્જિદના પેશ ઈમામ હાફેઝ આસિફ ભારેલ તા. પેટલાદ, જિ. આમોદ (ગુજરાત)થી લખી જણાવે છે તે ભારેલ મુક઼ામે "પીર દાવલશા" વલીનો ઉર્સ મુબારક મુ. ચાંદ ૧૧ રબીઉલ અવ્વલના દિવસે "શાનો શૌકત"થી મનાવવામાં આવ્યો હતો. બીજા દિવસે ઈદે મીલાદુન્નબી ﷺનો જુલૂસ કાઢવામાં આવેલ હતો અને મદ્રસાના બાળકોનો જલસો રાખવામાં આવેલ હતો.

## ★ દારુલ ઉલૂમ અન્વારે રઝા નવસારીમાં જશ્ને સિલ્વર જ્યુબિલી ★

દારુલ ઉલૂમ અન્વારે રઝા–નવસારીની સ્થાપ્નાને ૨૫ વર્ષ પૂરાં થતાં દસ્તારબંદીના મોક઼ા પર સિલ્વર જ્યૂબિલી મનાવવામાં આવી જેમાં ૧૯–૨૦ ફેબ્રુઆરી ૨૦૧૧ બે દિવસ હઝરત અશરફુલ ફુક઼્હા મુફ્તી મુજીબ અશરફ સાહબની ક઼યાદતમાં હઝરત સૈયદ અમીને મિલ્લત બરકાતી (સજ્જાદાનશીન મારહરા શરીફ)ની સદારતમાં હઝરત અલ્લામા અબ્દુલહફીઝ સાહબ અઝીઝે મિલ્લત (સરબરાહે આ'લા જામિઆ અશ્રફિયા–મુબારકપુર), મૌલાના મુબારકહુસૈન મિસ્બાહી (એડિટર : અશ્રફિયા મુબારકપુર) તેમજ અનય સાદાતે કિરામ તથા ઉલમાએ એઝામના શાનદાર બયાનો થયાં. મદ્રસતુલ બનાત દારુલ ઉલૂમ અન્વારે રઝામાં પાંચ વરસનો ઔરતોનો તા'લીમી કોર્સ પૂર્ણ થયો છે તે ઈદારાની બહેનોએ તા. ૧૯–૨–૨૦૧૧ શનિવાર સવારથી બપોરના ૧૨ વાગ્યા સુધી ઔરતોનો પ્રોગ્રામ પણ ચલાવ્યો હતો.


**કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

આયોજિત જમવા રહેવા સાથે 3 X 2 લક્ઝરી બસ

બસ ઉપાડવાની તારીખ : ૨૧–૫–૨૦૧૧, રાત્રે : ૧૦ વાગ્યે.

**સ્પેશ્યલ કાશ્મીર પ્રવાસ** સાથે, કપાસણ, અજમેર, નાગોર, અમૃતસર, શ્રીનગર, સોનમર્ગ, ગુલમર્ગ, પહેલગાંવ, સરહિંદ શરીફ, કલીયર શરીફ, દિલ્હી, આગ્રા, ફતેહપુર સીક્રી, જયપુર, મીરાદાતાર પરત ધોળકા.

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૭,૨૫૧/– | રૂા. ૩,૭૫૧/– | ૧૭ |

**બસ ઉપાડવાનું સ્થળ** : તાલુકા પંચાયત, સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, ધોળકા

**આયોજક :** શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૮૯૮૭૯૮૮૬૨, ૯૭૨૪૬૫૯૮૫૩

**નોંધ** : **૧.** ગાઈડ ખર્ચ, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી ફી રૂા. ૧૦૦/– પેસેન્જરના શીરે રહેશે. **૨.** તા. ૨૭/૫/૧૧ અને ૧/૬/૧૧ના રોજ સ્વખર્ચે સવારે ચા પીવાની રહેશે. **૩.** તા. ૭/૬/૧૧ના રોજ સવારની ચા તેમજ એક ટાઈમ જમવાનું સ્વખર્ચે રહેશે. **૪.** રૂા. ૨૦૦૧/– એડવાન્સ ભરી આપની મનપસંદ શીટ બુક કરાવો.

## ઈન્ટરનેશનલ મોહદ્દિષે આઝમ કોન્ફરન્સ

**વાગરા** : (જિ. ભરૂચ) મુકામે શૈખુલ ઈસ્લામ હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ મદની અશરફી જીલાની કિછોછવીની સજ્જાદગીને ૫૦ વર્ષ પૂર્ણ થતાં (ગોલ્ડન જ્યુબિલી)ના સોનેરી અવસરે બે દિવસીય કોન્ફ્રન્સ તા. ૫–૬ માર્ચ ૨૦૧૧ શનિ–રવિમાં હઝરતની સદારત તથા સરપરસ્તીમાં યોજાઈ જેની ક઼યાદત ગાઝીએ દૌરાં હઝરત સૈયદ ક઼ાસિમ અશરફ કછોછવી સાહબે કરી. વિશ્વના વિવિધ દેશોમાંથી તશરીફ લાવનાર ઉલમાના બયાનો થયાં. સૌએ હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ તથા હઝરત શૈખુલ ઈસ્લામની દીની ખિદમતોનો ચિતાર રજૂ કરી તેને બિરદાવી હતી. મુક઼ર્રિરોમાં હઝરત અલ્લામા સૈયદ હસન અસ્કરી મિયાં (નાયબ સજ્જાદાનશીન દયારે મોહદ્દિષે આ'ઝમ), હઝરત અલ્લામા શાહિદ રઝા (લંડન), હઝરત મૌલાના સૈયદ હાશમીમિયાં કિછોછવી, હઝરત કોકબ નૂરાની (પાક.), હઝરત સૈયદ મુઝફ્ફરશાહ (પાક.), મૌલાના ઐયૂબ અશરફી (બોલ્ટન), સૈયદ મુહમ્મદ નૂરાની કછોછવી, હઝરત સૈયદ અબૂબક્ર શિબ્લી, હઝરત સૈયદ તલ્હા અશરફ, મતીન સેહસરામી તથા ખલીલ અત્હર...... વગેરે તેમજ વિશ્વ વિખ્યાત નઅતખાં અલ્હાજ અવૈસ રઝા ક઼ાદરીએ પોતાના અનોખા અંદાઝમાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝાની નઅતોની ધૂમ મચાવી હતી. શનિવારે દેરોલ મુકામે ૧૦ વાગ્યે હઝરત શૈખુલ ઈસ્લામના સ્વાગતમાં પુષ્કળ મેદની જમા થઈ ગઈ હતી અને શાનદાર સ્વાગત નારાઓ સાથે કર્યું હતું. બંને દિવસ મગરિબની નમાઝ હઝરતે પઢાવી ઈચ્છુકોને મુરીદ કર્યા હતા. તેમજ બીજા દિવસના પ્રોગ્રામમાં રાત્રે 'જામે નૂર' દિલ્હી માસિક તરફથી બહાર પડેલ 'મુહદ્દિષે આઝમ નંબર'નો રસ્મે ઈજરા થયો હતો. બંને દિવસ લાખોની મેદની જમા થઈ હતી.

## નબીરએ આ'લા હઝરત, હઝરત મન્નાની મિયાંની ભરૂચ જિલ્લાની પ્રથમવાર સંક્ષિપ્ત મુલાકાત

ઔલાદે મુજદ્દિદે આ'ઝમ, નવાસાએ હુઝૂર મુફ્તીએ આઝમ હઝરત મૌલાના મન્નાન રઝાખાં મન્નાની મિયાં (હુઝૂર તાજુશ્શરીઆના ભાઈ) અમદાવાદ દારુલ ઉલૂમ શાહેઆલમના દસ્તારબંદીના જલસામાં હાજરી આપવા ૮–૩–૨૦૧૧ના આવી પહોંચ્યા હતા. ત્યાંથી તા. ૯–૩–૧૧ની સવારના ફજર વખતે દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ તશરીફ લાવ્યા, ત્યાંથી બપોરના દયાદરા આવ્યા હતા. અસરની નમાઝ બાદ દયાદરા મસ્જિદમાં "જશ્ને ગૌષે આઝમ" આપની સદારતમાં થયો જેમાં હઝરત મૌલાના સાદિક઼ સાબરી દહેગામીએ શાનદાર બયાન કર્યું. છેવટમાં હઝરતે મુખ્તસર બયાન સાથે દુઆ ગુજારી હતી. બીજા દિવસે તા. ૧૦–૩–૧૧ના સવારમાં દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ થામની મુલાકાત લીધી જેમાં સલીમભાઈ ગોરજી તથા હાફેઝ અબ્દુલ્લાહ ઝંઘારવી વગેરેએ શાનદાર સ્વાગત કર્યું હતું. મર્હૂમ વલીભાઈ ગોરજીની કબર પર ફાતેહા પઢી રિક્કતઅંગેઝ દુઆ ગુજારી હતી પછી ઔરતોના મદ્રસાનું નિરીક્ષણ કરી ત્યાં દુઆ ગુજારી હતી. પછી દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ હાજરી આપી નાઝિમે આલા જનાબ હાફેઝ હનીફ તથા ઉસ્તાદો તથા તલબાથી મુલાકાત કરી દુઆઓ આપી. ત્યાંથી 'નૂરી તર્બિયતી સેન્ટર" (**SDI**) ભરૂચ (કતોપોર બજાર, દાણા ગલી, ચબૂતરા પાસે)ની વિઝિટ કરી જગા તથા કામગીરી જોઈને ખુશી વ્યકત કરી દુઆઓ આપી હતી. ત્યાંથી જનાબ વલીભાઈને ત્યાં માંચ તથા શફીકભાઈ અસૂર્યાવાળાને ત્યાં હાજરી આપી નબીપુર તથા પાલેજ ચાહકોને મળીને અસર વખતે આમોદ પહોંચ્યા, ત્યાં દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજામાં બરકાતે ખ્વાજા (માસિક)માં લેખ લખનાર તલબા માટે ઈનામી જલસો રાખેલો તેમાં હાજરી આપી હતી. બીજા દિવસે સવારના વડોદરા થઈને દિલ્હી જવા રવાના થયા હતા. દરેક ઠેકાણે ઉષ્માભેર આપનું સ્વાગત તથા ખિદમત થઈ હતી.